


## મહિનાના મુખ્ય મુદ્દાઓ

❖ **નીતિ આયોગ અને રોકી માઉન્ટેન ઈન્સ્ટિટયૂટએ સાથે મળીને "India's Electric Mobility Transformation : Progress to Date and Future Opportunities" શીર્ષક ધરાવતો એક અહેવાલ રજૂ કર્યો...**

→ આ રીપોર્ટમાં FAME યોજના (Faster Adoption and Manufacturing of Electric Vehicles – II) યોજના અંતર્ગત ઓટોમોબાઈલ ક્ષેત્ર અને સરકારની આ ક્ષેત્રમાં વિવિધ તકોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

→ FAME II યોજના હેઠળ આવરી લેવામાં આવેલા ટુ, થ્રી અને ફોર વ્હીલ્ડ અને બસોનાં પરિણામે $CO_2$ નાં ઉત્સર્જનમાં ઘટાડો અને ઊર્જાનાં વપરાશમાં નોંધપાત્ર ઘટાડો થશે તથા સાથોસાથ 2030 સુધીમાં પરિવહન કાર્યક્ષમતામાં પણ નોંધપાત્ર વધારો થશે.

→ FAME II યોજના હેઠળ આવતી ઈલેક્ટ્રીક બસો તેમના કાર્યકાળ દરમિયાન 3.8 બિલિયન Vehicle Kilometers Travelled (e – kvt) અંતર કાપશે.2030 સુધી આ સંભવિત તક ઝડપી લેવા માટે બેટરીઓ એક અગત્યના કેન્દ્ર બિંદુ તરીકે કાર્ય કરશે કારણે ઈલેક્ટ્રીક વાહનો (EVs) નો ખર્ચ તેના પર નિર્ભર રહેલો છે.2030 સુધીમાં વહેંચાયેલા ઈલેક્ટ્રીક વાહનો (EVs) 15 લાખ કરોડની કિંમત ધરાવતા 474 મિલિયન ટન ઓઈલનો બચાવ કરશે તથા 846 મિલિયન ટન $CO_2$ નું પોતાના કાર્યકાળ દરમિયાન બચત કરશે.

→ આ અહેવાલ અનુસાર FAME–II યોજનાની કેટાલિસ્ટ ઈફેકટ (તેની અસરો) પણ બજાર પર પડશે. વિશ્લેષણ અનુસાર જો FAME – II યોજનાનાં પગલાઓ જાહેર અને ખાનગી રીતે સફળ રહેશે તો 2030 સુધીમાં વાહનોમાં 30% ખાનગી કાર, 70% વાણિજ્યક વાહનો, 40% બસ અને 80% દ્વિચક્રી વાહનો ઈલેક્ટ્રીક વાહનો હશે.

❖ **મસ્જિદોમાં મુસ્લિમ મહિલાઓના પ્રવેશ પરનો પ્રતિબંધ ઉઠાવવા સુપ્રીમ કોર્ટમાં અરજી...**

→ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર, વકફ બોર્ડ અને AIMPLB ને નોટિસ ફટકારી દેશભરની મસ્જિદોમાં મુસ્લિમ મહિલાઓને પ્રવેશ આપવા પર મૂકાયેલો પ્રતિબંધ ઉઠાવવા એક યુગલ દ્વારા દાખલ અરજી વિચારણામાં લેવા સુપ્રીમ કોર્ટે 16 એપ્રિલ, 2019ના સંમતિ દર્શાવી હતી અને પુણે સ્થિત આ મુસ્લિમ દંપતીની અરજીના આધારે કેન્દ્ર સરકાર, વકફ બોર્ડ અને ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ (AIMPLB)ને નોટિસ ફટકારી હતી.

→ મસ્જિદોમાં મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ લાદવો એ ભારતના બંધારણની કલમો 14 (સમાનતા), 15 (ધર્મ, વંશ, જાતિ, લિંગ અથવા જન્મના સ્થળના આધારે ભેદભાવ પર પ્રતિબંધ), 21 (જીવન અને વ્યકિતગત આઝાદીનું રક્ષણ), 25 (અંતરાત્માની સ્વતંત્રતા અને વ્યવસાય, પ્રેકિટસ અને ધર્મના પ્રચારની આઝાદી) તથા 29 (લઘુમતીઓના હિતોનું રક્ષણ) નું ઉલ્લંઘન કરે છે.

→ મસ્જિદોમાં મુસ્લિમ મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધથી બંધારણની કલમ 44નો પણ ભંગ થાય છે. કેમકે કલમ 44 દેશમાં વર્તમાનમાં અમલમાં રહેલા વિવિધ પર્સનલ લૉ વચ્ચે રહેલી વિસંગતતાને નાબૂદ કરી બધા નાગરિકો માટે સમાન નાગરિક ધારાને પ્રોત્સાહન આપે છે.

❖ **5 મતદાન કેન્દ્રોની VVPAT સ્લિપ EVM સાથે સરખાવો : સુપ્રીમ કોર્ટ .....**

→ લોકસભાની ચૂંટણીમાં 50% તુલનાની વિપક્ષની માગણી ફગાવી. સુપ્રીમ કોર્ટે વોટર વેરિફાએબલ પેપર ઓડિટ ટ્રેઈલ (VVPAT) અને ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) ની ગણતરી અંગે 8 એપ્રિલ, 2019 ના એક મહત્વનો ચુકાદો આપ્યો હતો. આ ચુકાદા પ્રમાણે લોકસભા ચૂંટણીમાં એક વિધાનસભા મતક્ષેત્રના 5 EVM સાથે 5 VVPAT ની ગણતરી કરવામાં આવશે અને તેની પસંદગી યાદચ્છિક કરવામાં આવશે. ચૂંટણી દરમિયાન મતદાન વખતે અને તે પછી EVMમાં ગરબડ કે ગેરરીતિ કરીને કોઈ એક પક્ષને લાભ થાય તે રીતે વોટની પેટર્ન સર્જાતી હતી. તેના અનુસંધાને દેશના 21 વિરોધ પક્ષોએ સુપ્રીમ કોર્ટમાં 50%VVPATઅને EVMના મતની સરખામણી કરવાની કરેલી માગણીની સુનાવણી વખતે સુપ્રીમ દ્વારા આ ચુકાદો અપાયો હતો.

❖ **2 અને 3 ડિસેમ્બર, 1984ની ગોઝારી રાત્રે મધ્ય પ્રદેશના પાટનગર ભોપાલમાં અમેરિકાની કંપની યુનિયન કાર્બાઈડ ઈન્ડિયા લિ.ના જંતુનાશક દવા પ્લાન્ટમાંથી મિથાઈલ આઈસોસાઈનેટ (MIC) નામના ઝેરી ગેસના લીકેજથી સર્જાયેલી ભારત તથા વિશ્વના ઈતિહાસની સૌથી દારુણ હોનારત જેને ભોપાલ ગેસ ટ્રેજેડી તરીકે ઓળખવામાં આવે છે તેને તાજેતરમાં સંયુકત રાષ્ટ્રના એક અહેવાલમાં 20મી સદીની દુનિયાની પ્રમુખ ઔદ્યોગિક દુર્ઘટનાઓમાં સ્થાન અપાયું છે....**

→ સંયુકત રાષ્ટ્રની શ્રમ એજન્સી ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) દ્વારા જારી આ અહેવાલમાં જણાવાયું છે કે 1984માં યુનિયન કાર્બાઈડ ઈન્ડિયા લિ.ના તે જંતુનાશક દવા પ્લાન્ટમાંથી લીક થયેલા 30 ટન મિથાઈલ આઈસોસાઈનેટ ગેસે 15,000 થી વધુ લોકોનો ભોગ લીધો હતી અને 6 લાખથી વધુ શ્રમિકો અને આસપાસના રહેવાસીઓને ગંભીર રીતે પ્રભાવિત કર્યા હતા. 'કામના ભવિષ્યના કેન્દ્રમાં સુરક્ષા અને સ્વાસ્થય – 100 વર્ષોના અનુભવના આધાર પર નિર્માણ' શીર્ષક ધરાવતા અહેવાલમાં જણાવાયું છે કે 1919 બાદ ભોપાલ ગેસ કરુણાંતિકા વિશ્વની મોટી ઔદ્યોગિક દુર્ઘટનાઓમાંની એક હતી.

❖ **સુપ્રીમ કોર્ટે એક મહત્વના ચુકાદામાં જણાવ્યું હતું કે દહેજ અંગેની પજવણીની શિકાર મહિલા તેના સાસરે કે પિયરે અથવા તેણીએ જ્યાં પણ આશરો લીધો હોય ત્યાંથી તેણીના સાસરિયા વિરુદ્ધ IPCની કલમ 498A હેઠળ કેસ દાખલ કરી શકશે...**

→ અત્યાર સુધી CrPCની કલમ 177 અન્વયે કોઈપણ ગુનાઈત (ફોજદારી) કેસ એ જગ્યાએ જ નોંધાવી શકાતો હતો જ્યાં તે ગુનો થયો હોય. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ રંજન ગોગોઈની અધ્યક્ષતા હેઠળની ત્રણ જજની બેન્ચે જુદા જુદા રાજ્યોની 6 અરજીઓની સુનાવણી દરમિયાન આ ચુકાદો સંભળાવ્યો હતો. ન્યાયમૂર્તિઓ સંજય કિશન કૌલ અને એલ.નાગેશ્વર રાવનો પણ સમાવેશ કરતી બેન્ચે કહ્યું હતું કે દહેજ માગવા માટે આચરવામાં આવતી ક્રૂરતાના કારણે શ્વસુર ગૃહેથી કાઢી મૂકાયેલી મહિલા આરોપીઓ (શ્વસુર પક્ષ) વિરુદ્ધ એ સ્થળે પણ કેસ નોંધાવી શકશે જ્યાં તેણીએ આશ્રય લેવા માટે મજબૂર બનવું પડયું છે.

Banking Academy

❖ **વૈશ્વિક જળ સંમેલનના ભાગરૂપે ભારત સરકારના સ્વચ્છ ગંગા મિશનને વૈશ્વિક જળ પુરસ્કાર એનાયત થયો...**

તાજેતરમાં વૈશ્વિક જળ સંમેલનના ભાગરૂપે લંડનના નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ ખાતે ભારત સરકારના રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન (National Mission For Clean Ganga) ને વૈશ્વિક જળ પુરસ્કાર અંતર્ગત એનાયત થતા વિવિધ પુરસ્કારો પૈકી Public water agency of the year નો Distinction કક્ષાનો પુરસ્કાર એનાયત થયો.

→ વૈશ્વિક જળ પુરસ્કાર અંતર્ગત Public Water agency of the Year પુરસ્કાર વિજેતા તરીકે 'સાઉદી વોટર પાટનરશીપ કંપની'ને સન્માનિત કરવામાં આવી.

→ ભારતની ટાટા સ્ટીલ બારા તૃતીય ઉપચાર સંયંત્ર (Tata Steel bara tertiary treatment plant) ને વૈશ્વિક જળ પુરસ્કાર અંતર્ગત અપાતા Industrial water project of the year 2019 ના વિજેતા તરીકે સન્માનિત કરવામાં આવ્યા.

→ વૈશ્વિક જળ પુરસ્કાર Global water Intelligence કંપની દ્વારા એનાયત કરવામાં આવે છે. જેનું મુખ્યાલય ઓકસફર્ડ, લંડન ખાતે આવેલું છે.

❖ **તાજેતરમાં 9 એપ્રિલના રોજ ભારતીય સશસ્ત્ર દળોના સેન્ટ્રલ રીઝર્વ પોલીસ ફોર્સ (CRPF – Central Reserve Police Force) દ્વારા 54મો શૌર્ય દિવસ ઉજવવામાં આવ્યો. જેના અંતર્ગત રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા દિલ્હી સ્થિત રાષ્ટ્રીય પોલીસ સ્મારક (National Police Memorial) ખાતે શહીદોને શ્રધ્ધાંજલી આપવામાં આવી.**

→ આ ઉપરાંત રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા "વીર પરિવાર (Veer Parivar)" નામની મોબાઈલ એપ પણ લોન્ચ કરવામાં આવી. આ એપ CRPFના શહીદ થયેલા જવાનોના પરિવારો તથા CRPF ઓથોરિટી સાથેના ઈન્ટરફેસ તરીકેનું કાર્ય કરશે.

→ આ એપ માત્ર CRPFના શહીદ જવાનોના પરિવારના સભ્યો પૈકી એક મોબાઈલ ફોનમાં સુરક્ષિત રીતે સ્થાપિત (Install) કરવામાં આવશે જેના થકી શહીદોના પરિવારોને સરકાર દ્વારા ચલાવવામાં આવતી યોજનાઓની જાણકારી, પેન્શન આધારીત તમામ વિગતો સરળતાથી ઉપલબ્ધ કરાવી શકાશે તથા અન્ય કોઈ સમસ્યા માટે અરÒ પણ કરી શકાશે. આ ઉપરાંત આ એપ્લીકેશન વાસ્તવિક સમયમાં મદદરૂપ બનશે.

→ CRPF એ ભારતીય સશસ્ત્ર દળનો સૌથી મોટો ભાગ છે. જે કેન્દ્રીય ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

→ હાલમાં 239 બટાલીયન (સૈનિકોની ટુકડી) સાથે 3 લાખથી વધુ સૈનિકો ધરાવતુ CRPF દેશનું સૌથી મોટું અર્ધલશ્કરી દળ છે.

⇒ સ્થાપના – 1939 ⇒ મુદ્રાલેખ – સેવા અને વફાદારી

❖ **હાલમાં ચાલી રહેલ લોકસભાની ચૂંટણી પ્રક્રિયાની શરૂઆત અરૂણાચલ પ્રદેશ રાજયના સર્વિસ વોટર્સ (Service Voters) દ્વારા સૌપ્રથમ મત આપીને કરવામાં આવી...**

→ જેના અંતર્ગત અરૂણાચલ પ્રદેશ રાજયની પૂર્વ બાજુ ફરજ બજાવતા ભારત–તીબેટ સરહદ પોલીસ (ITBP – Indo Tibetian Boarder Police) ના જવાનો દ્વારા પોતાના મત બેલેટ પેપરની મદદથી અરૂણાચલ પ્રદેશના લોહીતપુર ખાતેથી જે તે લોકસભા ક્ષેત્રોમાં મોકલવામાં આવ્યા.

→ સર્વિસ વોટર્સ અંતર્ગત એવા વ્યકિતઓનો સમાવેશ થાય છે જેઓ દેશ માટે કોઈ વિશિષ્ટ સેવાની લાયકાત ધરાવતા હોય, જેમ કે સશસ્ત્ર દળોના જવાનો કે જેઓ પોતાના મત વિસ્તારની બહાર ફરજ બજાવતા હોય અથવા અન્ય ભારત સરકારના અધિકારીઓ કે જેઓ ભારત બહાર ફરજ બજાવતા હોય. આવા દરેક ભારતીયો સર્વિસ વોર્ટસ કહેવાય છે.

→ મતદાન કરવુ એ દરેક ભારતીયની ફરજ હોય, ભારત સરકાર દ્વારા આવા પ્રત્યેક સર્વિસ વોર્ટસ માટે પોતાના ફરજ સ્થળ પરથી જ પોતાના મત અધિકાર ક્ષેત્રમાં મત આપવા માટે સવલત પુરી પાડવામાં આવે છે. જેના 2 પ્રકાર છે : (1) બેલેટ પેપર પદ્ધતિ , (2) પ્રોક્ષી (Proxy) દ્વારા

(i) બેલેટ પેપર પદ્ધતિમાં જે તે ફરજ આધિન મતદાર દ્વારા પોતાનો મત બેલેટ પેપરમાં સુરક્ષિત કરવામાં આવે છે અને બાદમાં એ બેલેટ પેપરને સુરક્ષા સાથે જે તે મત વિસ્તારમાં પોસ્ટની મદદથી પહોચાડવામાં આવે છે.

(ii) પ્રોક્ષી (Proxy) પદ્ધતિ અંતર્ગત જે તે ફરજઆધિન મતદાર દ્વારા પોતાના મત વિસ્તારમાં મતદાર યાદીમાં નામ ધરાવતી કોઈ પણ વ્યકિતને પોતાના વતી મત આપવાનો અધિકાર આપી શકે છે અને જેતે વ્યકિત દ્વારા ફરજ આધિન મતદારનો પસંદગીનો મત તેના વતી આપવામાં આવે છે.

❖ **તાજેતરમાં ભારત સરકારની RailTel કંપની દ્વારા ભારતના 1600 રેલ્વે સ્ટેશનો ઉપર Wi-Fi કાર્યરત કરવામાં આવ્યા છે. મુંબઈનું સાંતાકુઝ રેલ્વે સ્ટેશન 1600 મું સ્ટેશન છે જયાં Wi-Fi સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હોય.**

→ RailTel દ્વારા શરૂ કરવામાં આવેલ કુલ 1600 Wi-Fi પૈકી 985 Wi-Fi RaiTel દ્વારા સ્વતંત્ર રીતે, 415 Wi-Fi ગુગલ (Google) સાથેના સહયોગ દ્વારા અને બાકીના 200 Wi-Fi ભારત સરકારની યુનિવર્સલ સર્વિસ ઓબ્લીગેટરી ફંડ (Universal Service Obligatory Fund)ના સહયોગ વડે સ્થાપિત કરવામાં આવેલ છે.RailTel દ્વારા આ તમામ કામગીરી પોતાના જ એક પ્રોજેકટ "Railwire" અંતર્ગત કરવામાં આવેલ છે.

- **યુનિવર્સલ સર્વિસ ઓબલીગેશન ફંડ (Universal Service Obligation Fund) વિશે :**

⇒ આ ફંડની શરૂઆત ભારત સરકાર દ્વારા વર્ષ 2003થી ગ્રામીણ ક્ષેત્રોમાં સંપર્ક શકિત (Connectivity) વધારવા માટેના પ્રોજેકટનું ભંડોળ ઊભું કરવા માટે કરવામાં આવી.જેના અંતર્ગત ભારત સરકાર દ્વારા ટેલીકોમ ઓપરેટરો (Telecom Operators) પાસેથી ચોક્કસ કર સ્વરૂપે રકમ વસૂલવામાં આવે છે. જેને ગ્રામીણ ક્ષેત્રોના સંપર્ક શકિત સુધારવાના પ્રોજેકટ અંતર્ગત ફંડમાં ભેળવી દેવામાં આવે છે.

⇒ સરકાર દ્વારા ટેલીકોમ ઓપરેટરો પાસેથી વસૂલવામાં આવતી રકમ Universal Access Levy કહેવાય છે.

- **RailTel Corporation of India Ltd.** : RailTel ભારત સંસ્કારની જાહેર ક્ષેત્રની મિનિરત્ન દરજ્જો ધરાવતી કંપની છે. તે દેશમાં સૌથી મોટી તટસ્થ ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોવાઈડર્સ પૈકીની એક છે, જે રેલ્વે ટ્રેકની સાથે "Right Of Way (Row)" પર પાન ઈન્ડિયા ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક ધરાવે છે.

⇒ સ્થાપના – 2000 ⇒ ચેરમેન (Chairman)– શ્રી પુનિત ચાવલા ⇒ મુખ્યાલય – ગુરૂગ્રામ

❖ **વર્તમાનમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી દર વર્ષે 21 એપ્રિલના રોજ ઉજવાતા સિવિલ સર્વિસ ડે ની ઉજવણી આ વર્ષે કરવામાં આવશે નહી....**

→ ભારત સરકારના કાર્મિક, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય (Ministry of personal, public grievances and pansion) અંતર્ગત કાર્ય કરતા વહિવટી સુધારા અને જાહેર ફરિયાદ વિભાગ (Department of Administrative Reforms and public grievances) દ્વારા ચૂંટણી પછી નવી સરકારના સ્થાન લેવાયા બાદ સિવિલ સર્વિસ ડેની ઉજવણી કરવાનો નિર્ણય લેવાયો.

- **સિવિલ સર્વિસ ડે (Civil Services Day) :**દર વર્ષે 21 એપ્રિલના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

⇒ વર્ષ 1947 માં ભારત–પાકિસ્તાનના ભાગલા પછી સરદાર વલ્લભભાઈ પટેલે દિલ્હી ખાતે આવેલ મેટકાલ્ફ હાઉસ (Metcalf House) માં સ્વતંત્ર ભારતના પ્રથમ નાગરિક સેવક (Civil servent) બેચ ને 'Steel Frame of India' કહીને સંબોધન આપ્યુ હતું.

❖ **તાજેતરમાં દિલ્હી હાઈકોર્ટ દ્વારા કેન્દ્રીય સુરક્ષા સમિતિ પાસે આસામ રાઈફલ્સ પરના બેવડા નિયંત્રણ ને દૂર કરવા તથા તેને રક્ષા મંત્રાલય (Ministry of Defence) હેઠળ લાવવાના નિર્દેશો પરની પ્રતિક્રિયા માંગવામાં આવી.**

→ આસામ રાઈફલ્સ કે જેને ઉત્તર પૂર્વના સેન્ટિનેલ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે, ભારતનું સૌથી જુનું અર્ધલશ્કરી દળ છે.

→ આસામ રાઈફલ્સનું પ્રસાશનિક નિયંત્રણ ગૃહ મંત્રાલય ધરાવે છે તથા કાર્યકારી નિયંત્રણ રક્ષા મંત્રાલય ધરાવે છે.

→ અરÒકર્તા દ્વારા ભારત સરકારનાં (કાર્યની વહેંચણી) નિયમ, 1961 (Government of India (Allocation of Business) Rules, 1961) ને અદાલતમાં પડકાર્યો હતો કે આ નિયમો દ્વારા આસામ રાઈફલ્સને ''પોલિસ'' હેડ હેઠળ મુકવામાં આવે છે જે ગેરવ્યાજબી, મનસ્વી અને કારણ વગરનું છે અને તેનાં પરિણામે આસામ રાઈફલ્સનાં સેવા–નિવૃત અધિકારીઓને ભારતનાં બંધારણની અનુચ્છેદ 14માં આપવામાં આવેલા અધિકારોનું હનન થાય છે.

❖ **ભારત સરકારના કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા 3100 જેટલી 'SAECK' (Sexual Assault Evidence Collection Kit) નામની ખાસ મેડીકલ કિટ ભારત ભરમાં વહેચવામાં આવી....**

→ આ કિટનો ઉપયોગ જાતીય હુમલાઓ આધારીત કેસોની ત્વરીત તપાસ માટે લોહી તથા વીર્યના નમૂનાઓ એકઠા કરવા માટે કરવામાં આવશે.

→ આ ઉપરાંત આ કિટ બળાત્કાર જેવા કેસો માટે પણ પુરાવા એકઠા કરી શકે છે જેથી તેને બળાત્કારની તપાસ માટેની કિટ (Rape Investigation Kits) પણ કહેવામાં આવે છે.આ કીટ અંતર્ગત જાતીય હુમલા તથા બળાત્કાર જેવા સમયે પુરાવા ભેગા કરવા માટેની તમામ આવશ્યક વસ્તુઓ સમાવિષ્ટ છે

→ ઘટના સ્થળ પરથી પુરાવા એકઠા કરવા તમામ માર્ગદર્શન જેમ કે સૂચનો, સામગ્રીઓ, વિશિષ્ટતાઓ વગેરે પણ આ કીટ અંતર્ગત સમાવિષ્ટ છે.

→ આ કીટ વિતરણ કાર્યક્રમ ભારતના નિર્ભયા ફંડમાંથી આર્થિક મદદ થકી કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યો છે.

❖ **નકલી અને એકસપાયર્ડ થઈ ગયેલી દવાના વેચાણને કાબૂમાં રાખવા દવાના નામ અને અંતિમ તારીખ અંગ્રેÒ ભાષાની સાથે હિંદી અથવા પ્રાદેશિક ભાષામાં છાપવામાં આવશે...**

તાજેતરમાં ભારત–સરકારના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (Ministry fo Health & Family Walfare) દ્વારા દવાઓના પેકિંગ દરમિયાન નકલી, સબ–સ્ટાન્ડર્ડ અને એકસપાયર્ડ (Expired) થઈ ગયેલી દવાના વેચાણને કાબૂમાં રાખવા દવાના નામ અને દવાની અંતિમ તારીખ અંગ્રેÒ ભાષાની સાથે હિંદી અથવા પ્રાદેશિક ભાષામાં છાપવામાં આવશે. આ દરખાસ્તનું અમલીકરણ શરૂઆતમાં લોહની ગોળી (Iron pill) અને પોલિયાના ટીપામાં કરવામાં આવશે કારણકે આ બંને દવાઓ સામાન્ય રીતે સરકારી કેન્દ્રોમાંથી બાળકોને આપવામાં આવે છે ત્યારબાદ બધી દવાઓ પર આદેશ અમલી બનાવાશે.

→ ભારત સરકારે સરકારની યોજના હેઠળ દવાઓ મેળવવા માંગતા લોકોને દવા વિશેની બધી આવશ્યક માહિતીની પહોંચની ખાતરી કરવા માટે આ પગલુ ભર્યુ છે.અંગ્રેÒ ભાષા સાથે પ્રાદેશિક ભાષા સમાવવાનો નિર્ણય Drugs Technical Advisor Boards (DTAB) ની સલાહ મુજબ લેવામાં આવ્યો છે.

❖ **ભારતીય આયુવિજ્ઞાન સંશોધન પરિષદ(Indian Council Of Medical Research) દ્વારા વર્ષ 2030 સુધીમાં ભારતમાંથી મલેરીયાને દૂર કરવા 'MERA India' પહેલની જાહેરાત કરવામાં આવી.**

→ આ પહેલની શરૂઆત 25 એપ્રિલના રોજ "વિશ્વ મેલેરિયા દિવસ" નિમિત્તે કરવામાં આવી છે.

→ ભારતમાં મલેરીયાના નિયંત્રણ માટે આ પહેલ અંતર્ગત ઘણા બધા ગ્રુપ ભાગીદારી કરી આ પહેલને સાર્થક બનાવશે.

→ આ પહેલનો હેતુ વર્ષ 2030 સુધીમાં મલેરીયાના જોખમને પહોંચી વળવા અને મલેરિયાને દૂર કરવા સન્મવયિત સંશોધનને પ્રાથમિકતા અને પ્રોત્સાહન આપવાનો છે. છેલ્લા બે દશકાથી ભારતે મલેરીયાનાં નિયંત્રણમાં પ્રભાવશાળી વિકાસ દર્શાવ્યો છે. ભારતમાં વર્ષ 2000 ની સરખામણીમાં વર્ષ 2018 માં મલેરીયાના કેસમાં 80% ઘટાડો જોવા મળ્યો છે. (2.03 મિલિયન કેસ વર્ષ 2000 થી 0.39 મિલિયન કેસ વર્ષ 2018માં) અને મલેરિયાના કારણે થતા મૃત્યુમાં 90% (વર્ષ 2000 માં 932 મૃત્યુ થી વર્ષ 2018 માં 85 મૃત્યુ) ઘટાડો જોવા મળ્યો છે.

→ આ સફળતાએ ભારત સરકારના વર્ષ 2030 સુધીમાં ભારતમાંથી મલેરીયાને દૂર કરવાના લક્ષ્યની પ્રતિબદ્ધતા માટે મજબુત પાયો પુરો પાડયો છે.

→ NVBDCP એ "વર્ષ 2030 સુધીમાં મલેરિયા ફ્રિ ઈન્ડિયા" ના વિસ્તૃત દ્ષ્ટિકોણને પ્રાપ્ત કરવા માટે એક વ્યાપક માળખુ વિકસાવ્યુ છે.

- **National Vector Borne Diseases Control Programme (NVBDCP) :**

⇒ NVBDCP અંતર્ગત 6 રોગોને આવરી લેવામાં આવ્યા છે જેમાં (1) મલેરિયા, (2) ડેન્ગ્યુ, (3) ચિકનગુનિયા, (4) જાપાનીઝ એન્સિફિલાટીસ, (5) કાલા–અઝર, (6) ફિલેરીયા (લિમ્ફેટીક ફિલારીયાસીસ) નો સમાવેશ થાય છે.

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (HO) 7046633255 | વરાછા 7046416555 | અમદાવાદ 7046055566 | વ્યારા 9099864658 | નવસારી 7046641555 | ભરૂચ 7096237555 | વલસાડ 8140137555 | વાપી 7575003664

ટૂંક સમયમાં આયોજિત / જાહેર થનાર
શૈક્ષણિક લાયકાત : 12th Pass અથવા કોઈપણ Graduate
તલાટી કમ મંત્રી
જુ. ક્લાર્ક
વનરક્ષક
કૃષિ યુનિ. ક્લાર્ક
બિનસચિવાલય ક્લાર્ક
TET
Special Batch
કુલ જગ્યાઓ 12660+
નવા વર્ગોની માહિતી માટે સંસ્થાની રૂબરૂ મુલાકાત લો
વર્ગોનો સમય : 8 થી 10, 10 થી 12 (સવારે) | 6 થી 8 (સાંજે)
Online Form ટૂંક સમયમાં જાહેર થશે
(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (HO) 7046633255
વરાછા 7046416555
અમદાવાદ 7046055566
વ્યારા 9099864658
નવસારી 7046641555
ભરૂચ 7096237555
વલસાડ 8140137555

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (HO) 7046633255 | વરાછા 7046416555 | અમદાવાદ 7046055566 | વ્યારા 9099864658 | નવસારી 7046641555 | ભરૂચ 7096237555 | વલસાડ 8140137555 | વાપી 7575003664

## આંતરરાજ્ય

❖ **બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન મણિપુર સ્થિત કંગલા ટોંગબીમાં લડાયેલા ભીષણ યુદ્ધની યાદમાં તથા શહિદ સૈનિકોના સન્માનમાં દર વર્ષે 7 એપ્રિલના કંગલા ટોંગબી સ્મૃતિ સમારોહ મનાવવામાં આવે છે....**

→ એડવાન્સ ઓર્ડિનન્સ ડિપો (AOD) ના 221 આયુધ કર્મીઓ દ્વારા 6-7 એપ્રિલ, 1944ની કાળ રાત્રિએ જાપાન વિરુદ્ધ લડવામાં આવેલા કંગલા ટોંગબીના યુદ્ધને દ્વિતીય વિશ્વ યુદ્ધના લોહિયાળ યુદ્ધો પૈકીનું એક ગણવામાં આવે છે.

→ બેટલ ઓફ ઈમ્ફાલ તરીકે પણ ઓળખાતી કંગલા ટોંગબીની લડાઈને આ વર્ષે 75 વર્ષ પૂર્ણ થયા હોવાથી ઈમ્ફાલ પાસે કંગલા ટોંગબી વોર મેમોરિયલ પર સેના આયુધ કોર દ્વારા 7 એપ્રિલ, 2019 ના પ્લેટિનમ જયંતી મનાવાઈ હતી.

❖ **જમ્મુ–કશ્મીરમાં આવેલ એશિયાના સૌથી વિશાળ તુલીપ ગાર્ડનને પ્રવાસીઓ માટે ખુલ્લુ મુકવામાં આવ્યું...**

→ તાજેતરમાં જમ્મુ–કશ્મીરના શ્રીનગરમાં ડાલ સરોવરના નOક આવેલ એશિયાના સૌથી લાંબાં તુલીપ ગાર્ડન ઈન્દિરા ગાંધી તુલીપ ગાર્ડનને વર્ષ 2019 ના તુલીપ તહેવારની ઉજવણી માટે પ્રવાસીઓ માટે ખુલ્લુ મુકવામાં આવ્યુ. આ ગાર્ડન અગાઉ પુષ્પ સંવર્ધન કેન્દ્ર મોડલ તરીકે વિકસાવવામાં આવતુ હતું. તેમજ ગાર્ડનને પ્રવાસનને પ્રોત્સાહન આપવાના હેતુથી બનાવવામાં આવ્યુ છે. તુલીપ તહેવારનુ આયોજન વસંતઋતુના પ્રારંભમાં કરવામાં આવે છે.

❖ **દિલ્હી હાઈકોર્ટ ખાતે સુપ્રીમકોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ મદન લોકુરે દેશની પ્રથમ ટેલિપ્રેઝન્સ સુવિધાનું ઉદ્દ્ઘાટન કર્યું હતું.....**

→ દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ રાજેન્દ્ર મોનને કહ્યું હતું કે આ માધ્યમથી લોકોને વધુ સુવિધાઓ મળશે તથા કોર્ટ કાર્યવાહીમાં સરળતા થશે.

⇒ આ સુવિધાની મદદથી અલગ અલગ સ્થળે રહેલા 20 લોકોને એક સાથે જોડી શકાય છે. તે દરેક લોકોને એકબીજાની સામ સામે બેઠા હશે તેવી અનુભૂતિ થશે. આ સુવિધાની મદદથી ઈલેકટ્રોનિક માધ્યમ થકી દસ્તાવેજોનું આદાન–પ્રદાન પણ થઈ શકશે.

❖ **ભારતીય સેનાએ જમ્મુ–કાશ્મીરના લેહમાં સિંધુ નદી પર માત્ર 40 દિવસના વિક્રમી સમયમાં સૌથી લાંબા સસ્પેન્શન પુલ 'મૈત્રી બ્રિજ'નું નિર્માણ કર્યું છે....**

→ 260 ફૂટની લંબાઈ ધરાવતો મૈત્રી બ્રિજ લેહમાં ચોગલામસર ગામમાં સિંધુ નદી પર ભારતીય સેનાની ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સની સાહસ અને યોગ્યતા રેજિમેન્ટના કોમ્બેટ એન્જિનિયર્સ દ્વારા બનાવાયો છે. લેહ–લદાખ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ નાગરિક–સૈન્ય સંબંધોના પ્રતીકરૂપે તેનું નામ મૈત્રી બ્રિજ રખાયું છે.

❖ **મણિપુરના ફયેંગ ગામને ભારતનું પ્રથમ કાર્બન પોઝિટિવ સેટલમેન્ટ જાહેર કરાયું છે.....**

→ કાર્બન પોઝિટિવ ટેગ એ ગામને આપવામાં આવે છે જે જેટલા કાર્બનનું ઉત્સર્જન કરે છે તેનાથી વધુ કાર્બન ઓછો કરે છે, જે ગ્રીનહાઉસ વાયુઓના સંચયને ધીમું પાડે છે અને જળવાયુ પરિવર્તનની અસરો ઓછી કરે છે. ફયેંગ મણિપુરના ઈમ્ફાલ વેસ્ટ (પશ્ચિમ ઈમ્ફાલ) જિલ્લામાં ચકપા સમુદાયનું એક અનુસૂચિત જાતિ ગામ છે. કાર્બન પોઝિટિવ ગામ પ્રોજેક્ટના ભાગરૂપે, ફયેંગને ગામમાં વહેતી નદી મકલંગના જળસ્ત્રાવ ક્ષેત્રમાં વનીકરણની સુવિધા માટે તબક્કાવાર 10 કરોડ રૂપિયાની ગ્રાન્ટ અપાશે.

❖ **ભારતીય સૈન્યને દ્વિતીય વિશ્વ યુદ્ધના અમેરિકી વાયુસેનાના વિમાનનો કાટમાળ અરુણાચલ પ્રદેશના રોઈંગ જિલ્લામાં મળ્યો છે.....**

→ ભારતીય સેનાની 12 સભ્યોની પેટ્રોલિંગ ટીમે પોલીસ સાથે મળીને રોઈંગથી 30 કિ.મી. દૂર વિમાનના અવશેષો પ્રાપ્ત કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ ભંગાર બરફ નીચે દબાયેલો હતો. સૌથી પહેલાં લોઅર દિબાંગ જિલ્લાના સ્થાનિક ટ્રેકર્સે આ કાટમાળની માહિતી પોલીસને આપી હતી. અહેવાલ અનુસાર, બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન ભારત અને ચીન વચ્ચે ઉકત વિમાન તૂટી પડતાં લગભગ 400થી વધુ અમેરિકી સૈનિકો લાપતા થયા હતા. ભારત અને ચીન વચ્ચેનું હિમાલય ક્ષેત્ર દ્વિતીય વિશ્વ યુદ્ધ દરમિયાન પુરવઠો પહોંચાડવાનો મુખ્ય માર્ગ હતું.

❖ **આસામનું ગુવાહાટી રેલવે સ્ટેશન દેશમાં ISO સર્ટિફિકેટ (પ્રમાણપત્ર) પ્રાપ્ત કરનારુ સૌપ્રથમ રેલ્વે સ્ટેશન બની ગયું છે.....**

→ આ ISI 14001 : 2015 પ્રમાણપત્ર ગુવાહાટી રેલ્વે સ્ટેશનને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) દ્વારા પર્યાવરણ વ્યવસ્થાપન પ્રણાલીના અમલીકરણ માટે જારી કરાયેલા દિશાનિર્દેશોનું પાલન કરવા બદલ અપાયું છે. ગુવાહાટી રેલવે સ્ટેશનમાં સ્વચ્છતાનું સ્તર ખૂબ ઊંચું છે. રેલવે સ્ટેશનમાં બધી જ અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. આ પ્રમાણપત્રની સમીક્ષા NF (નોર્થ ઈસ્ટ ફ્રન્ટિયર) રેલવેઝ દ્વારા વર્ષ 2020માં કરાશે. ISO દ્વારા વિવિધ પ્રકારના પ્રમાણપત્રો પ્રદાન કરાય છે. 14001 પ્રમાણપત્ર પર્યાવરણ વ્યવસ્થાપન પ્રણાલી સાથે સંબંધિત છે. તેને છેલ્લે 2015માં અપગ્રેડ કરાયું હતું તેથી તેને ISO 14001 : 2015 કહેવામાં આવે છે.

⇒ ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઈઝેશન આંતરરાષ્ટ્રીય ધારાધોરણો નક્કી કરનારી સંસ્થા છે, તેમાં વિવિધ રાષ્ટ્રીય ધારાધોરણ સંગઠનોના પ્રતિનિધિઓ સામેલ છે. ISO ની સ્થાપના 23 ફેબ્રુઆરી, 1947ના કરાઈ હતી. ISOનું વડુમથક સ્વિત્ઝરલેન્ડના Oનિવામાં છે. વર્તમાનમાં ISOના 164 સભ્ય દેશો છે. જ્હોન વોલ્ટર તેના વર્તમાન અધ્યક્ષ છે.

❖ **પશ્ચિમ બંગાળના પાટનગર કોલકાતામાં નિર્માણ પામેલી રહેણાકી 'ધ 42' નામની ઈમારતે દક્ષિણ મુંબઈની 'ધ ઈમ્પીરિયલ'ને પાછળ ધકેલી ભારતની સૌથી ઊંચી ઈમારત બનવાનું ગૌરવ હાંસલ કર્યું છે....**

→ 'ધ 42'ની ઊંચાઈ 268 મીટર છે. તેણે તાતા સેન્ટર, ચેટરO ઈન્ટરનેશનલ અને એવરેસ્ટ હાઉસ જેવી ઈમારતોને વામન બનાવી દીધી છે. 'ધ 42'માં 65 માળ છે અને તે કોલકાતાના ચૌરંઘીમાં સ્થિત છે. તેના આર્કિટેકટ હાફીઝ કોન્ટ્રાકટર છે અને ડેવલપર મણિ ગ્રૂપ, સલારપુરિયા સત્વ ગ્રૂપ, ડાયમંડ ગ્રૂપ અને આલ્કોવ રિયલ્ટી છે.

❖ **મદ્રાસ હાઈકોર્ટ તાજેતરમાં એક કેસનો ચુકાદો આપતા સૂચન કર્યું હતું કે 16 વર્ષથી વધુ ઉંમરના યુવક–યુવતી વચ્ચે સંમતિથી શારીરિક સંબંધ પોકસો એકટ હેઠળ ના આવવા જોઈએ....**

→ આ સંબંધ અકુદરતી કે વિજાતીય સંબંધોથી અલગ ના માની શકાય. મદ્રાસ હાઈકોર્ટના જજ વી. પથિબેન 26 એપ્રિલ, 2019ના એક કિશોરની અરO પર આ ચુકાદો આપ્યો હતો. આ કેસમાં 17 વર્ષીય યુવતીનું અપહરણ કરીને જાતીય હુમલો કરવાના આરોપમાં મહિલા અદાલતે જૂન 2018માં પોકસો એકટ હેઠળ

કિશોરને 10 વર્ષની સજા સંભળાવી હતી. આ મુદ્દે જજે કહ્યું હતું કે 16 વર્ષની ઉંમર પછી સંમતિથી બંધાયેલા શારીરિક સંબંધો કે શારીરિક સંપર્ક કે એવી કોઈપણ પ્રવૃતિ પોકસો એકટના અત્યંત કડક કાયદામાંથી બહાર કરવી જોઈએ.

❖ **અરુણાચલ પ્રદેશના કુરુંગ કુમે જિલ્લાના અંતરિયાળ ગામ ગ્યાપિનના લોકોએ 11 એપ્રિલ, 2019ના પ્રથમ ચરણના મતદાન દરમિયાન ભારતના ચૂંટણી ઈતિહાસમાં સૌપહેલીવાર તેમના ખુદના ગામમાં મતદાન કર્યુ હતું.....**

→ રાજ્યના ચૂંટણી અધિકારીઓએ ભારત–ચીન સરહદે સરહદ સુરક્ષા અને પ્રબંધન માટે તૈનાત ઈન્ડો–તિબેટન બોર્ડર પોલીસ (ITBP)ના જવાનોની મદદથી ગ્યાપિન ગામમાં મતદાન સુનિશ્ચિત કરાવ્યું હતું.

❖ **મહિલાઓની સુરક્ષા અને મદદ માટે વિશાખાપટ્ટનમમાં એક ખાસ પોલીસ ટીમ બનાવાઈ છે જે મહિલાઓની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ બનશે....**

→ આ ટીમનું નામ સ્ત્રીશકિત છે. ટીમની બધી જ સભ્ય મહિલાઓ છે. આ પહેલી ટીમ લોન્ચ થઈ છે તેમાં 35 મહિલાઓ છે. ટીમને 25 વાહનો પણ અપાયા છે. જેમાં 5 ફોર વ્હીલર અને સ્કૂટર તથા બાઈક સામેલ છે.

❖ **ભારતનો પ્રથમ વિદેશી પાર્ક એસ્સેલ વર્લ્ડ ઈન્ટરએકિટવ બર્ડ પાર્ક મુંબઈમાં 6 અબજ ડોલરના ગંજાવર ખર્ચે શરૂ કરાયો છે.....**

→ આ વિદેશી પાર્ક 1.4 એકર ભૂમિમાં ફેલાયેલો છે.

→ આ આકાશી, સ્થળચર અને જળચર પક્ષીઓની 60 થી અધિક પ્રજાતિઓ સાથે 500 થી વધુ વિદેશી પક્ષીઓનું ઘર છે અને આ પક્ષીઓ માટે વિશેષ છોડવાઓ અને વૃક્ષોની 200 પ્રજાતિઓ આવેલી છે. એસ્સેલ ગ્રૂપની મનોરંજન શાખા એસ્સેલ વર્લ્ડ લીઝર પ્રા. લિ. દ્વારા આ પાર્ક બનાવાયો છે.

❖ **તમિલનાડુ સરકારે ચેન્નાઈ સેન્ટ્રલ રેલવેસ્ટેશનનું નામ બદલીને પુરાત્ચી થાલાઈવાર ડો.એમ.Ö.આર. સેન્ટ્રલ રેલવે સ્ટેશન કરી દીધું છે..**

→ MGR તરીકે લોકપ્રિય મરુદુર ગોપાલન રામચંદ્રન અભિનેતા, ફિલ્મ નિર્માતા તથા AIADMKના સ્થાપક અને તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી હતા.

❖ **તાજેતરમાં ઓકસફર્ડ યુનિવર્સિટી દ્વારા હાથ ધરાયેલા એક અભ્યાસ અનુસાર, ભારતના પૂર્વોત્તર રાજ્યોમાંથી એક ત્રિપુરા બાળલગ્નના મામલાઓમાં દેશમાં બીજા સ્થાને છે....**

→ અભ્યાસના તારણ અનુસાર, ત્રિપુરામાં 15 થી 19 વર્ષની કન્યાઓના લગ્નના અનેક કિસ્સા બહાર આવ્યા છે. આ અભ્યાસનું શીર્ષક 'યંગ લાઈવ્સ–એન ઈન્ટરનેશનલ સ્ટડી ઓન ચાઈલ્ડહુડ પોવર્ટી' છે. જેમાં રાષ્ટ્રીય પરિવાર આરોગ્ય સર્વેક્ષણ (2015-16)નો હવાલો આપવામાં આવ્યો છે.

⇒ અભ્યાસ અનુસાર, 15 થી 19 વર્ષની વયજૂથની કન્યાઓના બાળલગ્નની રાષ્ટ્રીય સરેરાશ 11.9% છે પરંતુ ત્રિપુરા માટે આ આંકડો 21.6 ટકા છે.

❖ **ભારત અને જાપાને મેન્યુફેકચરિંગ ક્ષેત્રમાં ટેકનિશયનોના સુધારા માથે હાથ મિલાવ્યા હતા તેમજ આંધ્ર પ્રદેશમાં જાપાન–ઈન્ડિયા ઈન્સ્ટિટયૂટ ફોર મેન્યુફેકચરિંગ (JIM) ની શરૂઆત કરવામાં આવી હતી.**

❖ **તાજેતરમાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલ સૂચનો મુજબ પંજાબ અને હરિયાણા રાજ્ય તથા ચંદીગઢ કેન્દ્ર શાસીત પ્રદેશમાં કોઈ પણ પ્રકારની પોલીસ કાર્યવાહી તથા કોર્ટ કાર્યવાહી દરમિયાન આરોપી, પીડિત કે સાક્ષીની જાતિનો ઉલ્લેખ ન કરવાનું સૂચન કરવામાં આવ્યું.**

→ હાઈકોર્ટ દ્વારા જણાવવામાં આવ્યુ કે ફોજદારી કાર્યવાહીમાં જાતિનો અલગથી ઉલ્લેખ ઉપનિવેશી વારસો છે આથી તેને હવે રોકવો જોઈએ અને બંધારણમાં જાતિરહિત અને વર્ગવિહિન સમાજની રચનાની બાંહેધરી આપવામાં આવેલ છે.

→ વધુમાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ દ્વારા જણાવવામાં આવ્યુ કે જાતીનો ઉલ્લેખ કરવો એ બંધારણની અનુચ્છેદ – 21 ના Öવન Öવવાના અધિકાર અંતર્ગતના ''માનવ ગૌરવ'' ના અધિકારનું હનન કરે છે. જેથી જાતીના ઉલ્લેખ પર ત્વરીત ધોરણે પ્રતિબંધ મુકવામાં આવે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા ''TMG – Terror Monitaring Group'' બનાવવાની જાહેરાત કરવામાં આવી.** આ ગૃપ જમ્મુ કાશ્મીર રાજ્યમાં આતંકી પ્રવૃત્તિ અને તેને માટે મળતી આર્થિક મદદ પર નિગરાની રાખશે જેથી આતંકવાદને જડમૂળ માંથી હટાવી શકાશે.

→ TMG જમ્મુ કાશ્મીર રાજ્યના દરેક આતંક આધારિત કેસોની તપાસ કરશે અને માહિતી એકત્ર કરશે તથા જે તે આતંકી સંગઠન, તેનો મુખીયા, તેને મળતી આર્થિક મદદની વિગતો, અન્ય સહાયક વ્યકિત અથવા સંસ્થા વગેરેની પણ માહિતી મેળવશે.

→ 7 સભ્યોની બનનારી TMGના વડા (Head) જમ્મુ કાશ્મીર રાજ્યના અધિક પોલીસ ડીરેકટર જનરલ (Additional Director General of Police) હશે તથા અન્ય 6 સભ્યો તરીકે ઈન્ટેલીજન્સ બ્યુરો (IB – Intelligence Bureau), Central Bureau of Investigation (CBI), National Investigation Agency (NIA), Central Board of Direct Taxes (CBDT), Central Board of Indirect Taxes and Customs (CBIS) માંથી એક સક્ષમ અધિકારી અને જમ્મુ કાશ્મીર રાજ્યના પોલીસ ઈન્સપેકટર જનરલનો સમાવેશ કરવામાં આવશે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવેલ જાહેરાત મુજબ અરૂણાચલ પ્રદેશના 9 પૈકી 3 જિલ્લાઓમાંથી AFSPA (Armed Forces Special Power Act) નાબુદ કરવામાં આવશે પરંતુ મ્યાનમાર સાથેની સરહદ ધરાવતા જિલ્લાઓમાં નાબુદ થશે નહીં.**

⇒ AFSPA એ ભારતીય સશસ્ત્ર દળોને વિશિષ્ટ સત્તાઓ આપતો એક ખાસ કાયદો છે જેને ભારત સરકાર દ્વારા વર્ષ 1958 થી અમલમાં લાવવામાં આવ્યો.

⇒ AFSPA અંતર્ગત ''વિક્ષેપીત વિસ્તાર'' (Disturbed Area) માં સશસ્ત્ર દળોને તૈનાત કરવામાં આવે છે જેનો મુખ્ય હેતુ જે તે વિસ્તારમાં શાંતિ અને સલામતી સ્થાપવાનો તથા કાયદાનું વ્યવસ્થિત નિયમન કરાવવાનો છે.

⇒ સામાન્ય રીતે નીચેના સંજોગો દરમિયાન કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા જેતે વિસ્તારને ''વિક્ષેપીત વિસ્તાર'' (Disturbed Area) જાહેર કરવામાં આવે છે અને ત્યારબાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા આવા વિસ્તારોમાં પ્રારંભિક રીતે 3 મહિના માટે AFSPA લાગુ કરવામાં આવે છે.

(i) સ્થાનિક સમસ્યાઓ સામે પોલીસ અને વહીવટદારોની નિષ્ફળતા.
(ii) સ્થાનિક અશાંત દળોના કારણે રાજ્યમાં અશાંતિ અથવા અસ્થિરતાનું વધુ પ્રમાણ.
(iii) કેન્દ્રીય સુરક્ષા દળોના પાછા ફરતાની સાથે જ અશાંત તત્વોમાં વ્યાપક ઉમેરો.

- **અરૂણાચલ પ્રદેશમાં AFSPA શા માટે ?...**

⇒ વર્ષ 1987 માં અરૂણાચલ પ્રદેશ રાજ્યની સ્થાપના થતાની સાથે જ ત્યાં AFSPA પણ અમલી કરાવવામાં આવ્યો.

⇒ જેનું મુખ્ય કારણ અરૂણાચલ પ્રદેશના સ્થાનિક લોકો દ્વારા નિર્મિત એક સંગઠન, જેનો ભારત સરકાર પ્રત્યેનો વિરોધ અને ગૌણ કારણ તરીકે મ્યાનમાર સરહદ પરની ઘુસણખોરી છે. ઉપર્યુકત બન્ને પરીબળોના કારણે વર્ષ 1972 થી કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે અસ્તિત્વ ધરાવતા અરૂણાચલ પ્રદેશને વર્ષ 1987 માં સ્વતંત્ર રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો અને AFSPA પણ લાગુ કરવામાં આવ્યો.

⇒ AFSPA એકટના ભાગ 4 માં રહેલ કેટલીક જોગવાઈઓના કારણે ઘણા સમયથી AFSPA વિવાદિત રહ્યો છે જે જોગવાઈઓ નીચે મુજબ છે.

- **AFSPA** અંતર્ગત જે તે વિસ્તારમાં ફરજ આધીન અધિકારીને કેટલીક વિશિષ્ટ સત્તા આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે :
  - (i) 5 થી વધુ લોકોના ટોળા પર ગોળીબાર કરવાની સત્તા (આગોતરી ચેતવણી આપ્યા બાદ)
  - (ii) શંકાના આધારે કોઈ પણ વ્યકિતની ગમે એટલાં સમય માટે વોરંટ વગર ધરપકડ કરવાની સત્તા.
  - (iii) કોઈપણ પ્રકારના હથિયાર ધારક ઉપર ગોળીબાર કરવાની સત્તા.
  - (iv) બંધકો, દારૂગોળો કે હથિયારોની તપાસ માટે કોઈ પણ વિસ્તારમાં વોરંટ વગર શોધખોળ કરવાની સત્તા.

⇒ ઉપર્યુકત વિવાદોને ધ્યાનમાં લઈને ભારતીય સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા વર્ષ 2005 અને 2012 માં સર્વોચ્ચ ન્યાયાલયના જ બે અલગ અલગ નિવૃત્ત જજ અનુક્રમે વન રેડ્ડી અને જે.એસ.વર્માની અધ્યક્ષતામાં સમિતિઓ બનાવવામાં આવી હતી. આ બંને સમિતિઓ દ્વારા ભારત સરકારને AFSPA નાબુદી માટે ભલામણો કરવામાં આવી હતી. પરંતુ આજ સુધી આ દિશામાં કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી.

❖ **કેરળમાં હ્યુમ સેન્ટર ફોર ઈકોલોÒ એન્ડ વાઈલ્ડલાઈફ બાયોલોÒના વૈજ્ઞાનિકો દ્વારા Café Scientifique કાફે શરૂ કરવામાં આવ્યું..**

તાજેતરમાં કેરળમાં આવેલ હ્યુમ સેન્ટર ફોર ઈકોલોÒ એન્ડ વાઈલ્ડલાઈફ બાયોલોÒના વૈજ્ઞાનિકોના સમુહ દ્વારા રસપ્રદ રીતે વિજ્ઞાનને પ્રોત્સાહિત કરવા વાયનાદમાં સાયન્ટિફિક કાફે (Café Scientifique) શરૂ કરવામાં આવ્યુ.

→ કાફે સાયન્ટિફિક એ ફ્રેન્ચ કાફે ફિલોસોફિકલ મોડલ પર આધારિત જાહેર વિજ્ઞાન પહેલ છે તથા તેનો ઉદ્ભવ ઈંગ્લેન્ડમાં થયો હતો.

→ આ પહલનો મુખ્ય ઉદ્દેશ લોકો, ખાસ કરીને યુવાન પેઢી માટે વિજ્ઞાનને મહત્વપૂર્ણ બનાવવાનું છે. તેના અંતર્ગત મહિનામાં એકવાર વૈજ્ઞાનિકો સાથે સંવાદનું આયોજન કરાશે. આ કાફેમાં દર મહિને બ્રહ્માંડ, આબોહવા, જળવાયુ પરિવર્તન, ઉત્ક્રાંતિ જેવા વિષયો પર પણ ચર્ચા કરવામાં આવશે.

❖ **નાગાલેન્ડ સરકારે કોહિમા યુદ્ધની 75મી વર્ષગાંઠની ઉજવણી કરી.આ આયોજનમાં યુ.કે. અને જાપાનના પ્રતિનિધિઓ હાજરી આપી હતી.**

→ આ આયોજનની થીમ :– Remembrance, Reconcilliation, Rebirth

⇒ બીજા વિશ્વયુદ્ધ (1939 – 1945) ના અંતિમ સમયમાં એટલે કે 4 એપ્રિલ, 1944 ના દિવસે નાગાલેન્ડની હાલની રાજધાની કોહિમાના ક્ષેત્રમાં જાપાનીઝ સૈન્ય વિરુદ્ધ બ્રિટિશરો તેમજ બ્રિટિશ આધીન ભારતીય સૈન્યો વચ્ચે યુદ્ધ થયુ હતુ જેમાં જાપાનને હારનો સામનો કરવો પડયો હતો.

⇒ કોહિમા યુદ્ધ ત્રણ તબક્કામાં લડવામાં આવ્યું હતું.

⇒ **પ્રથમ તબક્કો :** 3 થી 16 એપ્રિલ દરમિયાન જાપાનીઝ સૈન્ય દ્વારા કોહિમાની ઊંચી ટેકરી કબજે કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ ટેકરીઓ મારફતે બ્રિટિશ સૈન્ય અને બ્રિટિશ આધીન ભારતીય સૈન્યને ઈન્ફાલમાં જરૂરી સામગ્રી પૂરી પાડવામાં આવતી હતી.

⇒ **દ્વિતીય તબક્કો:** 18 એપ્રિલ થી 13 મે દરમિયાન જાપાનીઝ સૈન્ય દ્વારા કબજે કરાયેલી ટેકરીને ફરી Òતવા બ્રિટિશ સૈન્ય દ્વારા પ્રતિક્રિયાના રૂપમાં હુમલો કરવામાં આવ્યો. જેથી જાપાનીઝ સૈન્ય ને ટેકરીનો ભાગ છોડવો પડયો પરંતુ તેઓએ કોહિમા ઈન્ફાલ રોડને પોતાના કબજે જ રાખ્યું.

⇒ **તૃતીય તબક્કો :** અંતે 16 મે થી 22 જૂન દરમિયાન બ્રિટિશ અને ભારતીય સૈન્યએ જાપાનીઝ સૈન્યને હરાવ્યું અને રોડ ફરીથી ખુલ્લો મુકાયો.

⇒ બ્રિટિશ અને ભારતીય સૈન્ય ટુકડીઓ દ્વારા કોહિમા અને ઈન્ફાલથી 109 માઈલ દૂર ઈન્ફાલનાં અંતિમ છેડાને કબજે કરતાં 22 જુનનાં રોજ આ યુદ્ધ સમાપ્ત થયું.

⇒ વર્ષ 1944 માં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાનીઓએ બર્મા થી ભારતમાં ઘુસણખોરી કરવાની યોજના બનાવી. આ યોજનાને 'ઓપરેશન U Go' કોડનેમ આપવામાં આવ્યું હતું. આ યુદ્ધને પૂર્વનું સ્ટાલિનગ્રેડ યુદ્ધ તરીકે પણ ઓળખવામાં આવે છે.

⇒ બ્રિટિશ નેશનલ આર્મી મ્યુઝિયમ એ આ યુદ્ધને 'બ્રિટનના સૌથી મોટા યુદ્ધ' તરીકે ઓળખાવ્યું છે.

❖ **કેરળ રાજ્યની વડી અદાલત (High Court) દ્વારા ગત વર્ષ 2018માં કેરળમાં આવેલ ભયાનક પૂરના કારણોની સમીક્ષા કરવા અદાલતના જ એક વકીલ જેકોબ પી. એલેકસ (Jacob P. Alex) ની નિમણૂંક "કોર્ટ મિત્ર (The Amicus Curiae)" તરીકે કરવામાં આવી હતી, જેમણે હાલમાં પોતાનો રીપોર્ટ કોર્ટ સમક્ષ રજૂ કર્યો.**

→ એક સાથે ઘણા બધા ડેમ માંથી છોડવામાં આવેલ પાણીનો મોટો જથ્થો પૂરનું મુખ્ય કારણ હતું.

→ કેરળ રાજ્યના કોઈ પણ ડેમ ખાતે પુર નિયામક વિસ્તાર (Flood Control Zone – જ્યાં પૂર જેવા સમયે વધારાના પાણીનો ટૂંકા સમય માટે સંગ્રહ કરી શકાય તેવી જગ્યા)નો સંપૂર્ણ અભાવ માલુમ પડયો.

→ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા (NDMA - National Disaster Management Authority) દ્વારા વર્ષ 2019માં જાહેર કરવામાં આવેલ પુર આધારિત માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબની રાષ્ટ્રીય પાણી નીતિ (National Water Policy) અંતર્ગત પુર નિયંત્રણ પદ્ધતિ (flood Control System) અને આપાતકાલીન કાર્ય યોજના (Emergecy Action plan) નો ઉપયોગ પૂરનિયંત્રણ માટે કરવાનો હોવા છતાં તેની સંપૂર્ણ અવગણના કરવામાં આવી અને કેરળ રાજ્યના કુલ 79 પૈકીના એક પણ ડેમમાં રાષ્ટ્રીય જળ નીતિ (National Water Policy) અને આપાતકાલીન કાર્ય યોજના (Emergecy Action plan) નો અમલ કરવામાં ન આવ્યો.

→ આ જ માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ Emergecy Action plan અંતર્ગત વિવિધ રંગ આધારીત ચેતવણી જાહેર કરવી આવશ્યક છે જેની પણ અવગણના કરવામાં આવી. આ રંગ આધારિત ચેતવણી જોખમની માત્રા આધારિત હોય છે. જે નીચે મુજબ છે.

- ભૂરો – ઓછું જોખમ
- નારંગી – મધ્યમ જોખમ
- લાલ – વધુ જોખમ

→ અન્ય કોઈ ચોક્કસ સૂચનો, માહિતી અથવા ચેતવણી પણ જાહેર કરવામાં આવેલ ન હતી.

→ વિશ્વના ઘણા દેશોમાં ''કોર્ટ મિત્ર'' ને કાનુની રીતે સમર્થન મળેલ છે પરંતુ ભારતમાં હŌ કોર્ટ મિત્રને કાનુની રીતે વ્યાપક અવકાશ મળેલ નથી. તેમ છતાં ભારતીય સર્વોચ્ચ અદાલત (Supreme Court of India) દ્વારા પોતાના અધિકાર ક્ષેત્રનો ઉપયોગ કરતા ભારત દેશની કોર્ટને જરૂર સમયે ''કોર્ટ મિત્ર''ની નિમણૂંક કરવાની પરવાનગી આપવામાં આવેલ છે.ભારતમાં કોર્ટ મિત્રને કાનુની વ્યાપકતા ન મળવાના કારણે તે ઘણા નિયંત્રણો હેઠળ મર્યાદિત કાર્ય કરે છે તથા ખુબ જ ઓછા કેસોમાં કોર્ટ મિત્રનો સહારો લેવામાં આવે છે.

❖ **પશ્ચિમ બંગાળ સરકારની 'ઉત્કર્ષ બાંગ્લા' અને 'સબુજ સાથી' યોજનાને સંયુકત રાષ્ટ્રના WSIS (World Summit on the Information Society) એવોર્ડથી સન્માનિત કરવામાં આવી...**

→ 'ઉત્કર્ષ બાંગ્લા'ને ક્ષમતા નિર્માણ (capacity building) શ્રેણીમાં વિજેતા જાહેર કરવામાં આવી. તેમજ 'સબુજ સાથી' યોજનાને E-government શ્રેણીમાં વિજેતા જાહેર કરવામાં આવી.

- **'સબુજ સાથી' યોજના** : આ યોજનાની શરૂઆત વર્ષ 2015માં કરવામાં આવેલ છે. પશ્ચિમ બંગાળ સરકારની 'સબુજ સાથી' યોજના અંતર્ગત ધો.9 થી ધો. 12 માં સરકારી શાળાઓ, સરકારની મદદથી ચાલતી શાળાઓ તથા મદરેસામાં ભણતા વિદ્યાર્થીઓને સાઈકલ વિતરણ કરવામાં આવે છે જેનો મુખ્ય ઉદ્દેશ ઉચ્ચ શિક્ષણમાં ડ્રોપ આઉટ ઘટાડવાનો છે.
- **'ઉત્કર્ષ બાંગ્લા' યોજના** : આ યોજનાની શરૂઆત વર્ષ 2016માં કરવામાં આવી.આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સ્કુલ ડ્રોપ–આઉટસને 400 થી 1200 કલાક સુધી મફત વ્યાવસાયિક તાલીમ આપીને બેરોજગારીને ઘટાડવાનો છે.આ યોજનાના લાભાર્થીઓને સિવણકામ, ટેલિવિઝન જેવા ઈલેક્ટ્રોનિક સાધનોનું રિપેરીંગ તેમજ બ્યુટીશીયન જેવા વ્યવસાયિક અભ્યાસક્રમોને લગતી તાલિમ આપવામાં આવે છે.
- **World Summit on Information Society (WSIS) :** WSIS એ સંયુકત રાષ્ટ્રની બે તબક્કાની 2003માં Ōનીવા અને 2005માં Ōનીવા ખાતે માહિતી અને પ્રસારણ માટેની વૈશ્વિક સમીટ હતી તેનો મુખ્ય હેતુ ધનીક દેશો અને ગરીબ દેશો વચ્ચે ઈન્ટરનેટના જોડાણ દ્વારા વૈશ્વિક ડિŌટલ બ્રિજના નિર્માણનું છે. આ કોન્ફરેન્સ દ્વારા દર વર્ષે **17 મે** ના દિવસે **"Wood Information Society Day"** ની ઉજવણી કરવામાં આવે છે.

## ગુજરાત

❖ **પોરબંદર ખાતે ભારતીય નૌકાદળની શકિતમાં વધારો કરતી વધુ એક ઈન્ટરસેપ્ટર બોટ C – 445 નો સમાવેશ...**

તાજેતરમાં ગુજરાતના પોરબંદર ખાતે ભારતીય નૌકાદળ (Indian Navy) દ્વારા પોતાની શકિતમાં વધારો કરાતા વધુ એક ઈન્ટરસેપ્ટર બોટ (દુશ્મન દેશના જહાજને આંતરીને તેના ઉપર નાના હથિયારો વડે પ્રહાર કરવા સક્ષમ બોટ) C – 445 તરતી મુકવામાં આવી.

→ C – 445 નામની આ ઈન્ટરસેપ્ટર બોટ મહત્તમ 45 નોટીકલ માઈલની ઝડપ ધરાવે છે.

❖ **પર્યાવરણ અંગે ચિંતિત કેટલીક સંસ્થાઓએ 6 એપ્રિલ, 2019ના નાંદ ગામથી ભાડભુત સુધીના નર્મદાના 60 કિ.મી.ના વિસ્તારમાંથી પાણીના સેમ્પલ લીધા હતા અને તેનું લેબ ટેસ્ટિંગ કરતા આંચકાજનક પરિણામો આવ્યા છે.....**

→ પાણીમાં TDS (ટોટલ ડિઝોલ્વડ સોલિડ)નું પ્રમાણ પ્રતિ લીટર 500 મિલીગ્રામથી વધુ હોય તો તે પ્રદૂષિત ગણાય છે, પણ નર્મદાના નીરમાં TDS નું પ્રમાણ 25,564 TDS પ્રતિ લીટર મળ્યું છે.

❖ **ગુજરાતના છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાનું આદિવાસી ગામ ભેખડિયા અને મધ્ય પ્રદેશના અલીરાજપુર જિલ્લાના જામલી ગામ માત્ર ભારતના જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના પ્રથમ વ્યસનમુકત ગામ છે....**

→ જળક્રાંતિ અને ગીર ગાય ક્રાંતિના પ્રણેતા તરીકે જાણીતા સૌરાષ્ટ્રના ધરતીપુત્ર મનસુખભાઈ સુવાગિયાએ આ બન્ને ગામોને શરાબ, તમાકુ, ગુટખાથી મુકત કર્યા છે. બન્ને ગામોમાં કોઈપણ વ્યકિત વ્યસની નથી અને વિશેષમાં દારૂ–તમાકુનું સેવન કરીને ગામમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ છે.

❖ **સાબરકાંઠના અરવલ્લી જિલ્લામાંથી આવતા બટાકાના વાવેતરમાં છેલ્લા બે વર્ષથી એપ્રિલ માસનમાં પેટન્ટને આધાર બનાવી પેપ્સીકો કંપનીએ દાવો ઠોકી દેતા ખેડૂતોમાં ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે.....**

→ પેપ્સીકોએ કોમર્શિયલ કોર્ટમાં દાવો કર્યો છે કે FC-5 પ્રકારના બટાકા પર તેને IPRના કાયદા પ્રમાણે એકાધિકાર મળ્યો છે અને ખેડૂતો અનધિકૃત રીતે તેનું વાવેતર અને વેચાણ કરી રહ્યા છે.

⇒ FC-5 બટાકાની જાત વેફર્સ (ચિપ્સ) બનાવવા માટે વિકસાવાઈ છે. સામાન્ય બટાકા કરતાં તેમાં પાણીનું પ્રમાણ ઓછું હોય છે તેથી તેનું પ્રોસેસિંગ સરળ બને છે. સામાન્ય બટાકાની ચિપ્સ તળાયા પછી કાળો અથવા બદામી રંગ પકડે છે જયારે FC-5 બટાકાની ચિપ્સ તળાયા બાદ સફેદ અથવા થોડી પીળાશ ધરાવતો રંગ જાળવી રાખે છે.

❖ **ફોર્બ્સ મેગેઝિને પહેલીવાર અમદાવાદના અબજપતિઓની યાદી પ્રસિદ્ધ કરી છે....**

→ જેમાં અદાણી ગ્રૂપના ગૌતમ અદાણી 8.7 અબજ ડોલર્સ એટલે કે રૂ.609 અબજની સંપત્તિ સાથે ટોચ પર છે નિરમાના કરસનભાઈ પટેલ, ટોરેન્ટ જૂથના સુધીર અને સમીર મહેતા, ઈન્ટાસ ફાર્માના હસમુખ ચુડગર તથા ઝાયડસ ગ્રૂપના પંકજ પટેલ પણ આ યાદીમાં સામેલ છે.

- **ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (QCI) હેઠળ નેશનલ એક્રિડિટેશન બોર્ડ ફોર એજ્યુકેશન એન્ડ ટ્રેઈનિંગ (NABET) એ અમદાવાદની અદાણી વિદ્યામંદિર સ્કૂલને NABET એક્રિડિટેડ સ્કૂલ તરીકે પ્રમાણિથ કરતાં અદાણી વિદ્યામંદિર ભારતની પ્રથમ કોસ્ટ–ફ્રી સ્કૂલ બની ગઈ છે....**
  - → જૂન 2008માં સ્થપાયેલી અદાણી વિદ્યામંદિર એવા બાળકો માટે છે જે પ્રતિભાવન છે પરંતુ આર્થિક રીતે પછાત છે. અદાણી ફાઉન્ડેશન આવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પરિવહન, ગણવેશ, પુસ્તકો અને સ્વસ્થ આહારની મદદ આપી ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ વિનામૂલ્યે પૂરું પાડે છે.
- **બારડોલીની ઉકા તરસાડિયા યુનિવર્સિટીના માનદ્ પ્રાધ્યાપિકા ડો. રોઝી પટેલ રાષ્ટ્રીય કક્ષાએ પાટનગર દિલ્હીમાં 18 થી 20 એપ્રિલ, 2019 દરમિયાન આયોજિત મિસિસ ઈન્ડિયા સૌંદર્ય સ્પર્ધામાં વિજેતા બન્યા છે...**
- **હાથિયા ઠાઠુ મહોત્સવ વિસનગરના વાલમમાં ચૈત્ર મહિનામાં ઉજવાતો પરંપરાગત લોક મહોત્સવ છે.....**
  - → ચૈત્ર વદ પાંચમની દશમ સુધી આ ઉત્સવ ઉજવાય છે જેમાં દરેક દિવસે અલગ અલગ કાર્યક્રમ યોજાય છે. જેમાં પાંચમના દિવસે પલ્લી ભરાય છે.
- **ગયા વર્ષે થયેલા ઓછા વરસાદને કારણે ગુજરાતના પાટણ, બનાસકાંઠા, સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લા સહિતના વિસ્તારોમાં પાણીની ખૂબ તંગી સર્જાઈ છે....**
  - → આ પ્રશ્નના સમાધાન માટે ગુજરાત સરકારે ટોલ ફ્રી નં.1916 જાહેર કર્યો છે તથા નાગરિકોની ફરિયાદોને ઉકેલવા પાણી પુરવઠા વિભાગે વહીવટીતંત્ર ગોઠવ્યું છે.
- **નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓને ઘરઆંગણે જ તબીબી શિક્ષણ મળી રહે તે માટે રાજ્ય સરકારે આરોગ્ય નીતિ 2016 અમલી બનાવી છે....**
  - → આ નીતિ અંતર્ગત ગ્રીનફિલ્ડ મેડિકલ કોલેજો સ્થાપવા માટે પ્રોત્સાહક યોજના જાહેર કરી છે. તે અન્વયે રાજ્યમાં નવી ગ્રીનફિલ્ડ મેડિકલ કોલેજ શરૂ કરવા માટે વિદ્યાર્થી દીઠ અને MBBSની બેઠક દીઠ 5 વર્ષ સુધી દર વર્ષે રૂ. 15 લાખની સહાય રાજ્ય સરકાર દ્વારા મેડિકલ કોલેજોને આપવામાં આવશે. કેન્દ્ર સરકારે વિસનગર અને નડિયાદની બે નવી મેડિકલ કોલેજોમાં તબીબી શિક્ષણ માટે MBBSની કુલ 300 બેઠકોને મંજૂરી આપી છે.
- **કતારના દેહમાં તાજેતરમાં આયોજિત એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ડાંગ એક્સપ્રેસના નામે જાણીતી ગુજરાતની દોડ વીરાંગના સરિતા ગાયકવાડે 400 મીટરની વિઘ્ન દોડમાં શાનદાર પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ Òત્યો છે....**
  - → જો કે સરિતા વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાઈ નહોતી થઈ શકી.
- **સુરત મહાનગર પાલિકાને ઊર્જા બચત ક્ષેત્રે એવોર્ડ....**
  - → ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સ્થાપિત આવાસ અને શહેરી વિકાસ નિગમ (HUDCO– Housing and Urban Development Corporation) દર વર્ષે શહેરોને તેમના દ્વારા અપનાવવામાં આવતી બેસ્ટ પ્રેક્ટિસિસ માટે હુડકો એવોર્ડનું આયોજન કરે છે.
  - → દેશમાં ઊર્જા સંચય અને ઊર્જા બચાવ માટે પ્રયાસો ચાલી રહ્યા છે ત્યારે રિન્યુએબલ એરીયા ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી માટે સુરત મહાનગરપાલિકાને પ્રતિષ્ઠિત હુડકો એવોર્ડ 2018-19 એનાયત કરવામાં આવ્યો છે.
- **"ભારત ભાગ્ય વિધાતા" નાટક ....**
  - → વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આવેલી એક સંસ્થા શ્રીમદ રાજચંદ્ર મિશન અને ગુજરાત સરકારના સહયોગથી મહાત્મા ગાંધીÒનો 150મી જન્મજયંતી ઉજવણીના ભાગરૂપે પોરબંદરમાં મહાત્મા ગાંધીÒની Òવનચરિત્ર પર આધારીત 'ભારત ભાગ્ય વિધાતા' નાટક ભજવવામાં આવ્યું.

## આંતરરાષ્ટ્રીય

- **રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની બોલિવિયાની સત્તાવાર મુલાકાત દરમિયાન બોલિવિયાએ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (ISA) માં જોડાવા માટેની ફ્રેમવર્ક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. અત્યારસુધીમાં 73 દેશોએ ISA ફ્રેમવર્ક સમજૂતી પર સહી કરી છે....**
  - → આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનો આરંભ ભારત અને ફ્રાન્સે મળીને 30 નવેમ્બર, 2015 માં COP 21 સંયુક્ત રાષ્ટ્ર જળવાયુ પરિવર્તન સંમેલન દરમિયાન કર્યો હતો. તેની ફ્રેમવર્ક સમજૂતી ડિસેમ્બર 2017માં લાગુ થઈ હતી. તેનો સ્થાપના દિવસ 11 માર્ચ, 2018 ના મનાવાયો હતો. ISAનું વડુમથક હરિયાણાના ગુરુગ્રામમાં ગ્વાલ પ્રહરી ખાતે રાષ્ટ્રીય સૌર ઊર્જા સંસ્થાન (NISE) માં છે. ISA પહેલી એવી આંતરરાષ્ટ્રીય આંતરસરકારી સંસ્થા છે, જેનું મુખ્યાલય ભારતમાં છે.
  - → ભારત અને બોલિવિયાએ લિથિયમના વિકાસ અને ઔદ્યોગિક ઉપયોગ માટે એક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. લિથિયમ ઈલેક્ટ્રિક વાહનો અને સેલ ફોન્સમાં ઉપયોગમાં લેવાતો એક મુખ્ય ઘટક છે. ભારત અને બોલિવિયાએ ભારતને લિથિયમ કાર્બોનેટનો પુરવઠો પૂરો પાડવાની બોલિવિયાને સવલત કરી આપવા પરસ્પરને લાભદાયી ભાગીદારી કરી છે. બોલિવિયા પાસ વિશ્વના કુલ લિથિયમ જથ્થાનો ¼ ભાગ છે.
    - ⇒ રાજધાની : સુક્રે (બંધારણીય) લા પાઝ (વહીવટી) ⇒ રાષ્ટ્રપતિ : ઈવો મોરાલેસ ⇒ ચલણ : બોલિવિયાનો (BOB)
- **જાપાનમાં 1 લી મે, 2019 થી શાહીયુગ 'Reiwa' ની શરૂઆત કરવામાં આવશે...**
  - → જાપાનમાં હાલ રાજા અકિહિતોના સમયગાળા દરમિયાન 'Heisei' યુગ ચાલી રહ્યો છે જેનો અર્થ "શાંતિ પ્રાપ્ત કરવી" (achieving peace) થાય છે.
  - → રાજા અકિહિતો દ્વારા રાજકુમાર નારોહિતોને જાપાનની રાજગાદી 'ક્રાયસેન્થેમમ ગાદી' સોપવાની સાથે 'Reiwa' યુગની શરૂઆત થશે.
  - → 'Reiwa' નો અર્થ "કલ્યાણકારી આદેશ અને સદ્‌ભાવના" એવો થાય છે.

❖ **સંયુકત આરબ અમીરાત (UAE) એ ઘોષણા કરી છે કે ભારત અબુ ધાબી આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળા (ADIBF) 2019માં ગેસ્ફ ઓફ ઓનર હશે....**

→ આ ભવ્ય પુસ્તક મેળો 24 થી 30 એપ્રિલ, 2019 સુધી યોજાશે. ADIBFનો મુખ્ય ઉદ્દેશ UAEના સમૃદ્ધ વારસાને લોકો સમક્ષ ખુલ્લો મૂકવાનો છે. સાથે જ આ મેળામાં UAEની આધુનિકતાની સાથોસાથ તેની સાંસ્કૃતિક અને સાહિત્યિક રચનાઓ પણ પ્રદર્શિત કરાશે. ગેસ્ટ ઓફ ઓનર તરીકે ભારત માટે આ પુસ્તક મેળામાં ખાસ ભારતીય પેવેલિયન બનાવાશે, જેમાં ભારતીય લેખકો અને સાહિત્ય ક્ષેત્રના વિદ્વાનો ઉપસ્થિત હશે.

❖ **ભારતીય વિદેશ મંત્રાલયે વિદેશ મંત્રાલયમાં હિન્દ–પ્રશાંત ખંડની રચના કરી છે....**

⇒ હિન્દ–પ્રશાંત ખંડની રચનાનો ઉદ્દેશ વર્ષ 2018માં શાંગ્રી–લા મંત્રણા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રસ્તુત કરેલી હિન્દ–પ્રશાંત નીતિને સુસંગત આકાર આપવાનો છે. વર્તમાનમાં હિન્દ–પ્રશાંત ખંડના વડા સંયુકત સચિવ વિક્રમ દોરાઈસ્વામી છે.

⇒ હિન્દ–પ્રશાંત ખંડ સરકાર દ્વારા ઉઠાવાયેલું એક ખૂબ મોટું પગલું છે, તેનાથી હિન્દ–પ્રશાંત નીતિ નિર્માણને ખૂબ પ્રોત્સાહન મળવાની આશા છે.

⇒ હિન્દ–પ્રશાંત ખંડ ઈન્ડિયન ઓશન રિમ એસોસિએશન (IORA), આસિયાન તથા કવોડ (જાપાન, ભારત, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ કરતું ચતુષ્કોણીય જૂથ)ને સંકલિત કરે છે. ભારતે આસિયાનને સતત હિન્દ–પ્રશાંત કૂટનીતિના કેન્દ્રમાં રાખ્યું છે. તાજેતરમાં અમેરિકાએ પણ પ્રશાંત કમાન્ડનું નામ બદલીનેહિન્દ–પ્રશાંત કમાન્ડ રાખ્યું છે.

❖ **વિશ્વના 5મા ક્રમના સૌથી ઊંચા શિખર માઉન્ટ મકાલુ (ઊંચાઈ 8,485 મીટર) ના આરોહણ માટે ગયેલી ભારતીય સૈન્યની એક્સ્પીડિશન ટીમને હિમાલયમાં 32 ઈંચ લાંબા અને 15 ઈંચ પહોળા પદચિન્હ મળી આવ્યા છે, જે હિમમાનવ અર્થાત પૌરાણિક યેતિના હોવાની સંભાવના છે.....**

→ ભારતીય સૈન્યએ બરફ પર કદાવર પગલાંની તસવીરો 29 એપ્રિલ, 2019 ના ટ્વિટર પર શેર કરી હતી. પર્વતારોહી ટીમને 9 એપ્રિલ, 2019 ના નેપાળના મકાલુ વરૂણ નેશનલ પાર્ક પાસેના મકાલ બેઝ કેમ્પ નÒક આ નિશાન મળ્યાં હતા. આ કેમ્પ 5,250 મીટરની ઊંચાઈએ સ્થિત છે.

→ યેતિ એક પૌરાણિક પ્રાણી છે જે ભારત, નેપાળ અને તિબેટના હિમાલયન વિસ્તારોમાં અસ્તિત્વમાં હોવાનું માનવામાં આવે છે.

→ યેતિ શબ્દ નેપાળી શબ્દકોશમાંથી લેવામાં આવ્યો છે જેનો અર્થ 'ધૃણાસ્પદ હિમમાનવ' એવો થાય છે. તિબેટન લોકકથામાં યેતિને 'મેહ–તેહ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

❖ **અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા ઉપર પ્રતિબંધ ફરમાવતા ભારત, ચીન, દક્ષિણ કોરિયા, જાપાન, તુર્કી, ઈટાલી, ગ્રીસ અને તાઈવાન સહિતના આઠ દેશો મે માસથી ઈરાન પાસેથી પેટ્રોલિયમ પેદાશો ખરીદી શકશે નહીં...**

→ વ્હાઈટ હાઉસે સત્તાવાર રીતે આ જાહેરાત કરી હતી. ઈરાન પરના પ્રતિબંધમાંથી આઠ દેશોને આપેલી છૂટને સમાપ્ત કરવાનો ઉદ્દેશ ઈરાનને વૈશ્વિક સ્તરે અલગ પાડીને તેની ઉપર દબાણ વધારવાનો છે.

⇒ ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો તેલ વપરાશકાર દેશ છે. ભારતે તેની જરૂરિયાતનું 80% તેલ આયાત કરવું પડે છે. 2017-18 માં ઈરાન (ઈરાક તથા સાઉદી અરેબિયા બાદ) ભારત માટે તેલનો ત્રીજો સૌથી મોટો નિકાસકાર દેશ હતો. ભારતની કુદ જરૂરિયાતનું 10% તેલ ઈરાન પૂરું પાડે છે.

❖ **ઈસ્લામિક વિશ્વમાં, આરબ દેશોના રણમાં સૌપ્રથમ શિખરબદ્ધ BAPS હિન્દુ મંદિરની શિલાન્યાસ વિધિ BAPS સ્વામિનારાયણ સંસ્થાના વડા પરમપૂજ્ય મંહત સ્વામી મહારાજના હસ્તે UAEની રાજધાની અબુધાબી ખાતે 20 એપ્રિલ, 2019 ના સંપન્ન થઈ હતી.**

→ અત્રે ઉલ્લેખનીય છે કે 27 એકર ભૂમિમાં UAEમાં સૌપ્રથમ BAPS હિન્દુ મંદિરનું નિર્માણ થશે. શિલાન્યાસ સ્થળે 4,5000 ચોરસ ફૂટમાં ફેલાયેલો વિશાળ ' પ્રમુખ સ્વામી મંડપમ્' તૈયાર કરાયો હતો.

❖ **તાજેતરમાં 140 કિ.મી. ઝડપે ખૂબ ઝડપે બ્રિટનમાં હન્નાહ વાવાઝોડું ત્રાટકયું હતું....**

→ જેને કારણે 10,000 લોકો વીજળી વિહોણા થઈ ગયા હતા. આ પહેલા વાવાઝોડાએ આયર્લેન્ડમાં કહેર ફેલાવ્યો હતો. આ વાવાઝોડાને કારણે બ્રિટનના અમુક વિસ્તારોમાં યેલો વોર્નિંગ જારી કરાઈ હતી તથા દરિયામાં 32 ફિટ ઊંચા મોજાઓ ઉઠયા હતા.

❖ **ભારતીય મોસમ વિભાગે દક્ષિણ–પૂર્વ બંગાળની ખાડીમાં ચક્રવાત ફાની વધુ ઉગ્ર થઈ શકે છે તેવી ચેતવણી આપી હતી.....**

→ જે કારણોસર મોસમ વિભાગે કેરળ અને તમિલનાડુમાં રેડ એલર્ટ જાહેર કર્યું હતું. ફાનીનું નિર્માણ ઈન્ડોનેશિયાના ટાપુ સુમાત્રાના દક્ષિણ–પૂર્વમાં નીચા દબાણવાળા ક્ષેત્રમાં થયું હતું. ફાનીના કારણે કેરળ, પુડુચેરી અને તમિલનાડુમાં વરસાદ થવાની આગાહી પણ થઈ હતી. ફાની શ્રેણી–3નું તોફાન બની શકે છે તેમ મનાતું હતું.

❖ **સેશેલ્સના રાષ્ટ્રપતિ ડેની ફૌરેએ તાજેતરમાં એક નવતર કીમિયો અપનાવીને સમુદ્રની ઊંડી સપાટીએથી ભાષણ આપ્યું હતું.....**

→ આપણી પૃથ્વીના વાદળી હૃદય કહેવાતા મહાસાગરોના રક્ષણાર્થે તેમણે આ વકતવ્ય દ્વારાવૈશ્વિક અપીલ કરી હતી. સેશેલ્સ સહિતના ઘણા ટાપુ દેશો ગ્લોબલ વોર્મિંગના કારણે ભયમાં મૂકાઈ ગયા છે તેવા સમયે જ તેમણે આ અંડરવોટર ભાષણ આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સેશેલ્સ હિન્દ મહાસાગરમાં પૂર્વ આફ્રિકાના કિનારે વસેલો 115 ટાપુઓ ધરાવતો દેશ છે. જળવાયુ પરિવર્તનના લીધે સમુદ્રની જળસપાટી વધી રહી હોવાથી સેશેલ્સ જેવા નાનકડા ટાપુ રાષ્ટ્રો પર સમુદ્રમાં ગરક થઈ જવાનું સૌથી મોટું જોખમ છે.

❖ **બ્રિટનનું પાટનગર લંડન 24 x 7 પ્રદૂષણ ચાર્જ ઝોન અમલમાં લાવનારૂં વિશ્વનું પ્રથમ શહેર બની ગયું છે....**

→ લંડને લો એમિશન ઝોન લાગુ કર્યું છે, જે અંતર્ગત જે જૂના વાહનો ઉત્સર્જન માપદંડોને અનુકૂળ નહીં હોય તેમની પાસેથી પ્રવેશ ફી વસૂલવામાં આવશે. અલ્ટ્રા લો એમિશન ઝોનમાંથી નીકળનારા પેટ્રોલ વાહનો યુરો–4 તથા ડીઝલ વાહનો યુરો–6 માપદંડોને અનુકૂળ હોવા જોઈએ. જો આ વાહનો આ માપદંડોનું પાલન નહીં કરતા હોય તો વાહન ચાલકોએ દૈનિક ચૂકવણી કરવી પડશે. આ અભિનવ પહેલનો ઉદ્દેશ વાયુ પ્રદૂષણ ઓછું કરવાનો અને જાહેર આરોગ્યની સુરક્ષા કરવાનો છે. આ અલ્ટ્રા લો એમિશન ઝોન 24 x 7 લાગુ થશે.

- **સાઉદી અરેબિયાએ તાજેતરમાં ઘોષણા કરી હતી કે નવેમ્બર 2020માં રાજધાની રિયાધમાં G-20 શિખર બેઠકનું આયોજન કરાશે...**
  - → અત્રે ઉલ્લેખનીય છે કે આ આરબ જગતમાં યોજાઈ રહેલું પ્રથમ G-20 શિખર સંમેલન હશે. ગયા વર્ષે G-20 શિખર સંમેલનનું આયોજન આર્જેન્ટીનાના પાટનગર બ્યુનસ આયર્સમાં કરાયું હતું.
  - → G-20 અથવા ગ્રૂપ–20 વિવિધ દેશોની સરકારો તથા કેન્દ્રીય બેંકોનું એક આંતરરાષ્ટ્રીય ફોરમ છે. તેમાં વિશ્વના તમામ મોટા અર્થતંત્રો સામેલ છે. G-20 ની રચના 26 સપ્ટેમ્બર, 1999 ના કરાઈ હતી. તેનો ઉદ્દેશ સભ્ય દેશોને વૈશ્વિક અર્થવ્યવસ્થાના મુખ્ય મુદ્દાઓ અને સમસ્યાઓ પર ચર્ચા કરવા માટે એકત્રિત કરવાનો છે.
- **દક્ષિણ કોરિયાએ વિશ્વમાં પ્રથમ 5G મોબાઈલ નેટવર્કની શરૂઆત કરી...**

  તાજેતરમાં દક્ષિણ કોરિયાએ વિશ્વમાં પ્રથમ રાષ્ટ્રવ્યાપી 5G મોબાઈલ નેટવર્કની શરૂઆત કરી.
  - → દક્ષિણ કોરિયામાં SK Telecom, KT અને LG Uplus એ 5G સેવાની શરૂઆત કરી.મોબાઈલ નેટવર્કમાં 5G ના આવવાથી 4G કરતા 20 ગણી વધુ ઝડપથી કનેક્ટિવિટી મેળવી શકાશે. 5G નેટવર્ક 28 GHz થી 60 GHz ની વચ્ચે ઉચ્ચ આવૃત્તિવાળા બેન્ડમાં કાર્ય કરશે. આ શ્રેણીને મિલિમીટર તરંગ સ્પેક્ટ્રમ તરીકે ઓળખવામાં આવે છે. જેથી વપરાશકર્તાઓ માટે ઘણી બેન્ડવિથ ઉપલબ્ધ થશે.
- **સંયુક્ત આરબ અમીરાત (UAE)ના દુબઈ વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર 30 એપ્રિલથી 1 મે, 2019 દરમિયાન વિશ્વના સૌથી મોટા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ શિખર સંમેલનનું આયોજન કરશે. તેની થીમ 'AI એવરીથિંગ' હશે.....**
  - → આનું આયોજન UAE રાષ્ટ્રીય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કાર્યક્રમ દ્વારા ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન (ITU) તથા વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન (WIPO) સાથે મળીને કરાશે.
- **અમેરિકાએ 8 એપ્રિલ, 2019 ના ઈરાની સેના ઈસ્લામ રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ને આતંકી સંગઠન ઘોષિત કરી છે....**
  - → અમેરિકાએ કોઈ અન્ય રાષ્ટ્રની સેનાને આતંકવાદી સંગઠન જાહેર કરી હોય તેવું સૌપ્રથમવાર બન્યું છે. વળતા પ્રહારરૂપે ઈરાને પણ અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડને આતંકી સંગઠન જાહેર કર્યું છે. બહેરીને અમેરિકાના આ પગલાનું સ્વાગત કર્યું છે.
  - → રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ ઈરાનના આર્મ્ડ ફોર્સનો એક ભાગ છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સની રચના વર્ષ 1979ની ઈસ્લામી ક્રાંતિ બાદ કરાઈ હતી દેશનું પારંપરિક સૈન્ય સરહદોનું રક્ષણ કરે છે જ્યારે રિવોલ્યુશનરી ગાર્ડ દેશમાં ઈસ્લામી ગણતંત્ર પ્રણાલીનું રક્ષણ કરે છે.
- **માલદીવની સંસદીય (મજલિસ) ચૂંટણીમાં ભૂતપૂર્વ પ્રમુખ મોહમ્મદ નશીદના માલદીવિયન ડેમોક્રેટિક પક્ષ (MDP) ને બે તૃતિયાંશ બહુમતી મળી છે.....**
  - → MDPને સંસદની 87 બેઠકોમાંથી 65 બેઠકો હાંસલ થઈ છે. MDPના વિરોધી પક્ષ પ્રોગ્રેસિવ પાર્ટી ઓફ માલદીવ (PPM) ને માત્ર 7 બેઠકો જ મળી છે. ગત વર્ષના સપ્ટેમ્બરમાં આયોજિત પ્રમુખપદની ચૂંટણીમાં નશીદના જ પક્ષના ઉમેદવાર ઈબ્રાહિમ મોહમ્મદ સોલિહે તત્કાલીન પ્રમુખ અને PPMના ઉમેદવાર અબ્દુલ્લા યામીનને હરાવ્યા હતા. અત્રે યાદ રહે કે મોહમ્મદ નશીદ ભારત સમર્થક છે જ્યારે અબ્દુલ્લા યામીન ચીનના સમર્થક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ભવ્ય વિજય બદલ તરત જ માલદીવના પ્રમુખ ઈબ્રાહિમ મોહમ્મદ સોલિહને અભિનંદન પાઠવ્યા હતા.
- **ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉન અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને રશિયાના વ્લાદિવોસ્તોકમાં પ્રથમ બેઠક યોિ હતી....**
  - → બંને નેતાઓએ કોરિયાઈ દ્વીપકલ્પની પરમાણુ સમસ્યા વિશે વાત કરી હતી. કિમ જોંગ ઉને પરમાણુ હથિયાર કાર્યક્રમમાં અમેરિકા સાથેની સમજૂતી અસફળ રહેવાને કારણે આ પગલું લીધુ હોય તેમ મનાય છે.
- **ઈઝરાયેલના સંશોધકોએ મૃત સાગર નિક વિશ્વની સૌથી લાંબી મીઠાની ગુફા શોધી કાઢી છે....**
  - → જેરુસલેમની હિબ્રુ યનિવર્સિટીએ 28 માર્ચ, 2019ના આ માહિતી આપી હતી. ઈઝરાયેલના માઉન્ટ સોડોમમાંથી પસાર થતી આ મીઠાની ગુઠાની લંબાઈ 10 કિલોમીટરથી વધુ છે. આ પૂર્વે ઈરાનમાં 6 કિલોમીટર લાંબી ગુફાએ વિશ્વની સૌથી લાંબી નમકની ગુફા હોવાનો વિશ્વ વિક્રમ નોંધાયો હતો. માઉન્ટ સોડોમ ઈઝરાયેલનો સૌથી લાંબો પર્વત છે. ઈઝરાયેલની આ ગુફાનું નામ માલ્હમ રાખવામાં આવ્યું છે.
- **દોકલામ વિવાદ બાદ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્ર પ્રમુખ શી જિનપિંગ વચ્ચે એપ્રિલ 2018માં ચીનના વુહાન ખાતે ઔપચારિક બેઠક યોજાઈ હતી....**
  - → આ બેઠકની વર્ષગાંઠ પર વુહાન ખાતે 'કલર્સ ઓફ ઈન્ડિયા' કાર્યક્રમનું આયોજન થયું હતું.
- **સંયુક્ત આરબ અમીરાત (UAE)એ તાજેતરમાં વિશ્વની પ્રથમ મિનિસ્ટ્રી ઓફ પોસિબિલિટીઝ (સંભાવના મંત્રાલય)ની રચના કરી છે....**
  - → આ મંત્રાલયમાં કોઈપણ મંત્રી નહીં હોય. આ મંત્રાલયનું કામકાજ કેબિનેટના સભ્યો જોશે. તેમને દેશના મહત્વપૂર્ણ મુદ્દા સોંપવામાં આવશે અને તે ભવિષ્ય માટે નવી સરકારી સિસ્ટમ બનાવશે.
- **ફ્રાન્સના પાટનગર પેરિસમાં આવેલા 850 વર્ષ જૂના ઐતિહાસિક નોત્રે દેમ કેથેડ્રલમાં તાજેતરમાં ભીષણ આગ ભભૂકી ઉઠી હતી....**
  - → જેને લીધે પ્રાચીન ઈમારતને ભારે નુકસાન થયું છે. યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટ જાહેર કરાયેલા આ ભવ્ય કેથેડ્રલની છત સંપૂર્ણપણે સાફ થઈ થઈ છે તથા ગોથિક શૈલીમાં બનેલા તેના મિનારા પણ ધરાશાયી થયા હતા. નોત્રે દેમ જેનો અર્થ 'અવર લેડી' થાય છે તે પેરિસના આર્કબિશપનું આસન પણ છે. તે કેટલાય યુદ્ધો અને ક્રાંતિઓનું સાક્ષી છે. નોત્રે દેમ કેથેડ્રલનું નિર્માણ કાર્ય ફ્રાન્સના રાજા લુઈસ સાતમાના કાર્યકાળ 1163માં આરંભાયું હતું અને 1345માં તેનું કાર્ય પૂર્ણ થયું હતું.
- **શ્રીલંકામાં રાજધાની કોલંબો સમેત ત્રણ શહેરોમાં ઈસ્ટર સન્ડે દરમિયાન 8 શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ થતાં 10 ભારતીય નાગરિકો સહિત 320 લોકોના મોત થયા છે અને 500થી વધુ લોકો ઘવાયા છે.....**
  - → 10 મૃતક ભારતીયોમાં 6 જનતાદળ (એસ)ના કાર્યકરોનો સમાવેશ થાય છે. આ ઘટનાના પગલે શ્રીલંકાના રાષ્ટ્રપતિ મૈત્રીપાલા સિરિસેનાએ કટોકટી દરમિયાન પોતાની પાસે રહેલી સત્તાનો ઉપયોગ કરી ચહેરો છૂપાવવા પર પ્રતિબંધ લગાડી દીધો છે.

❖ **આફ્રિકી દેશ સુદાન પર 30 વર્ષો સુધી શાસન કરનારા રાષ્ટ્રપતિ ઓમર અલ બશીરને સેનાએ તખ્તા પલટ કરીને સત્તા પરથી ઉથલાવી નાખ્યા છે.....**

→ ઓમર અલ બશીરની ઘરપકડ કરવામાં આવી છે. હવે દેશની બાગડોર સૈન્ય પરિષદના હાથોમાં સોંપાઈ છે. હવે સુદાનમાં બે વર્ષો સુધી સૈન્ય શાસન રહેશે. તે પછી ચૂંટણી યોજવામાં આવશે.

⇒ સત્તાવાર રીતે સુદાન ગણરાજ્ય તરીકે ઓળખાતો સુદાન ઉત્તરપૂર્વ આફ્રિકામાં આવેલો એક દેશ છે. તે આફ્રિકા અને આરબ વિશ્વનો સૌથી મોટો દેશ છે. તેની રાજધાની ખાર્ટૂમ છે. 9 જુલાઈ, 2011ના સુદાનથી અલગ થઈ દક્ષિણ સુદાન નામનો અન્ય એક દેશ અસ્તિત્વમાં આવ્યો છે. પ્રાકૃતિક સંસાધન તરીકે પેટ્રોલિયમ અને ક્રૂડ ઓઈલથી સમૃદ્ધ સમગ્ર સુદાનનું અર્થતંત્ર વર્તમાનમાં વિશ્વના સૌથી ઝડપી વિકસતા અર્થતંત્રો પૈકીનું એક છે. ચીન અને રશિયા સુદાનમાં સૌથી મોટા વ્યાપાર ભાગીદાર છે.

❖ **બેન્જામિન નેતાન્યાહુ ફરીથી ઈઝરાયેલના વડાપ્રધાન બન્યા...**

→ હાલમાં ઈઝરાયેલમાં યોજાયેલી ચૂંટણીમાં બેન્જામિન નેતાન્યાહુની લિકુડ પાર્ટીએ અને તેના સાથી–પક્ષોએ મળીને 120 બેઠકવાળી સંસદમાં કુલ મળીને 65 બેઠક પ્રાપ્ત કરી.આ સાથે બેન્જામીન નેતાન્યાહુ પાંચમી વખત ઈઝારાયલના વડાપ્રધાન બન્યા.

→ ઈઝરાયેલના રાષ્ટ્રપતિ રુવેન રિવલીન દ્વારા બેન્જામિન નેતાન્યાહુને વડાપ્રધાન પદ માટે શપથ લેવડાવવામાં આવ્યા. તેમજ 28 દિવસમાં નવી સરકારની રચના કરવાનો આદેશ પણ આપ્યો.

⇒ સ્થાપના : 14 મે, 1948 ચલણ : ઈઝરાઈલી ન્યુશેકેલ રાષ્ટ્રપતિ : રૂવેન રિવલીન

⇒ રાજધાની : જેરૂસલેમ ભાષા : હિબ્રુ

❖ **તાજેતરમાં ભારત સરકારના વિદેશ મંત્રાલય** (Ministry of External Affairs) **દ્વારા કૃષિ અને ગ્રામીણ વિકાસ કન્સલ્ટન્સી સેવા માટેની રાષ્ટ્રીય બેન્ક** (NABCONS – National Bank for Agriculture and Rural Development Consultancy Service) **સાથે આફ્રિકાના માલાવી ખાતે ભારત–આફ્રિકા કૃષિ અને ગ્રામીણ વિકાસ સંસ્થા** (IAIARD – Indea Africa Institute of Agriculture of Rural Development) **સ્થાપવા માટે કરાર કરવામાં આવ્યા.**

→ IAIARD દ્વારા માત્ર માલાવીના જ નહીં પરંતુ સમગ્ર આફ્રીકાના લાભાર્થીઓને તેઓના માનવ સંસાધન વિકાસ દ્વારા કાર્યક્ષમતાઓમાં વધારો કરવા માટેની તાલીમ આપવામાં આવશે. જેમાં મુખ્યત્વે માઈક્રો ફાઈનાન્સીંગ અને એગ્રો ફાઈનાન્સીંગ જેવા ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

→ ભારત દ્વારા આજ સુધી આફ્રીકા ખાતે કરવામાં આવેલા કોઈ પણ પ્રકારની આ પ્રથમ શરૂઆત છે. જેનો પ્રારંભિક ધોરણે (3 વર્ષ માટે) તમામ નાણાંકીય ખર્ચ ભારત સરકાર ભોગવશે.

- **NABCONS વિશે :**

⇒ NABCONS એ ભારતમાં કૃષિ અને ગ્રામીણ વિકાસ ક્ષેત્રે આર્થિક મદદ પૂરી પાડતી ભારત સરકારની સંસ્થા "કૃષિ અને ગ્રામ વિકાસ માટેની રાષ્ટ્રીય બેન્ક (NABARD – National Bank for Agriculture and Rural Development) ના અંતર્ગત કામ કરતી શાખા છે.

⇒ NABCONS નું મુખ્ય કાર્ય કૃષિ, ગ્રામીણ વિકાસ અને તેને લગતા ક્ષેત્રોની માહિતી NABARD ને પૂરી પાડવાનું તથા તેને લગતી નીતિઓ બનાવવા માટે મદદરૂપ થવાનું છે. NABCONS ની સ્થાપના પણ NABARD સાથે જ વર્ષ 1982 માં કરવામાં આવી તથા બન્નેનું મુખ્યાલય મુંબઈમાં સ્થિત છે.

- **માલાવી (Malavi) વિશે :**

⇒ માલાવી એ દક્ષિણ પૂર્વ આફ્રીકામાં અને ચારે બાજુ ભુ–ભાગથી ઘેરાયેલો (Land Lock) દેશ છે. માલાવી "આફ્રીકાનું હુંફાળુ દીલ (The warm heart of Africa)" ના હુલામણા નામથી (Nick Name) પણ ઓળખાય છે.

⇒ રાજધાની – લીલોંગ્વે ⇒ ચલણ – ક્વાચા ⇒ રાષ્ટ્રપતિ – પીટર મુથારીકા

❖ **ઈઝરાયેલના વડાપ્રધાન બેન્ઝામીન નેતાન્યાહુ દ્વારા કરાયેલ જાહેરાત મુજબ ઈઝરાયેલનું પ્રથમ ચંદ્ર આધારીત મિશન નિષ્ફળ રહ્યું...**

→ બેરશીટ (Beresheet) નામનું આ મિશન ઈઝરાયલનું પ્રથમ ચંદ્ર મિશન હોવા ઉપરાંત વિશ્વનું પ્રથમ ખાનગી ભંડોળ આધારીત ચંદ્ર મિશન પણ હતું. જે સફળતાપૂર્વક અવકાશમાં પ્રક્ષેપીત થયા બાદ ચંદ્ર ની સપાટી પર ઉતરાણ દરમિયાન તકનીકી ખરાબીના કારણે નિષ્ફળ નીવડયું.

→ ઈઝરાયલની અંતરીક્ષ ક્ષેત્રે કાર્ય કરતી 2 કંપનીઓ Space IL (બિન નફાકારક) અને ઈઝરાયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ (Israel Aerospace Industries) (સરકારી) દ્વારા સંયુકત પણે ખાનગી ભંડોળની સહાય દ્વારા આ મિશન ચલાવવામાં આવ્યુ હતું.

→ વધુમાં બેન્ઝામીન નેતાન્યાહુ દ્વારા જણાવવામાં આવ્યુ કે તેઓ હવે બેરેશીટ 2.0 (બેરશીટ (Beresheet) ની બીજી આવૃતિ) ઉપર કામ શરૂ કરશે.

❖ **ચીનના કિંગદાઓ ખાતે 'Chinese International Fleet Review' નું આયોજન કરવામાં આવ્યું જેમાં ભારતના INS કોલકતા અને INS શકિત યુદ્ધ જહાજોએ ભાગ લીધો....**

→ ચીનની People's Libration Army's Navy ની 70મી વર્ષગાંઠની ઉજવણીની યાદગીરી રૂપે ચીન દ્વારા International Fleet Review નું આયોજન કરવામાં આવ્યું.

⇒ ઈન્ટરનેશનલ ફિલ્ટ રિવ્યુએ નૌકાદળના જહાજો, વિમાન અને સબમરીનની પરેડ (parade) હોય છે જેનું આયોજન વિવિધ રાષ્ટ્રોની નૌસેના ક્ષમતાઓ દર્શાવવા તથા રાષ્ટ્રો વચ્ચે સદભાવનાને પ્રોત્સાહન આપવા ઉપરાંત આંતરરાષ્ટ્રીય સંબંધોને મજબૂત બનાવવા માટે થાય છે.

⇒ ભારત દ્વારા વર્ષ 2016 માં વિશાખાપટ્ટનમ ખાતે ઈન્ટરનેશનલ ફિલ્ટ રિવ્યુનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં 50 થી વધુ રાષ્ટ્રોના 100 જેટલા યુદ્ધજહાજો એ ભાગ લીધો હતો.

- **INS કોલકાતા :**
  - ⇒ આ જહાજ ભારતીય નૌકાસેનાના Stealth guided Missile destroyer તરીકે કાર્ય કરતા જહાજોમાં મુખ્ય જહાજ છે.સ્વદેશી હથિયાર અને સેન્સર્સથી સજ્જ INS – કોલકત્તા કોલકાતા શ્રેણીનું જહાજ છે.આ જહાજ મુંબઈના મઝગાવ ડોકયાર્ડમાં વિકસાવવામાં આવ્યું છે.
  - ⇒ INS શકિતએ ફિલટ સપોર્ટ શિપ છે એટલે કે તે સમુદ્રમાં રહેલી નૌસેનાને જરૂરી બળતણ અને સામાન પૂરૂ પાડતું એક પ્રકારનું ટેન્કર છે.

❖ **આફ્રિકન દેશ મલાવી દ્વારા મલેરિયાની વિશ્વની સૌથી અદ્યતન રસીનું બાળકોમાં પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું.**

→ મલેરિયા રસીનું વૈજ્ઞાનિક નામ RTS, S / AS01 છે. તેમજ તેનુ વેપારી નામ મોસ્કિરિક્સ (Mosquirix) છે.

→ વર્ષ 1987 માં બ્રિટિશ ફાર્માસ્યુટીકલ કંપની ગ્લેક્સોસ્મિથકલાઈન (Glaxosmithkline) અને આંતરરાષ્ટ્રીય બિન–નફાકારક સંસ્થા PATH Maleria Vaccine initiative ની ભાગીદારીથી મેલરીયા રસીનું ઉત્પાદન કરવામાં આવ્યું.

→ આ રસીને વર્ષ 2015માં યુરોપિયન મેડિકલ એજન્સીએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો તેમજ વિશ્વ આરોગ્ય સંગઠન (World Health Organization) દ્વારા પાઈલોટ પ્રોજેકટના અમલીકરણ માટે ભલામણ કરવામાં આવી.

→ મલાવી સાથે આફ્રિકાના ઘાના અને કેન્યામાં પણ આ પાયલોટ પ્રોજેકટ અંતર્ગત મલેરીયા રસીના પરીક્ષણ હાથ ધરાયા.

→ આ પાયલોટ પ્રોજેકટનો ઉદ્દેશ 2 વર્ષથી નાની ઉંમરના 1,20,000 બાળકોમાં રસીની અસરકારકતાની સમીક્ષા કરવાનો છે.

⇒ 25 એપ્રિલના રોજ 'વિશ્વ મલેરીયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.આ વર્ષની થીમ : Zero Maleria Starts with me.

❖ **પાકિસ્તાન અને ઈરાન આતંકવાદને હરાવવા માટે તેમની સરહદો પર સંયુકત સરહદી પ્રતિક્રિયા દળ (Joint Border Reaction Force) સ્થાપવા માટે સંમત થયા....**

→ ઈરાનની રાજધાની તેહરાનમાં ઈરાનના રાષ્ટ્રપતિ હસન રાઉહાની અને પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાન વચ્ચે થયેલ મુલાકાત દરમિયાન આ જાહેરાત કરવામાં આવી.

❖ **ભારત સાથે રાજદ્વારી સંબંધોના 70 વર્ષ પૂરા થતા ઈન્ડોનેશિયાએ રામાયણની થીમ પર વિશેષ ટપાલ ટિકિટ બહાર પાડી છે....**

→ આ ટપાલ ટિકિટની ડિઝાઈન ઈન્ડોનેશિયાના પ્રખ્યાત શિલ્પકાર પદમશ્રી બપક ન્યોમન નોરતાએ કરી છે.આ વિશેષ ટપાટ ટિકિટોને જકાર્તામાં ફિલાટેલી મ્યુઝિયમમાં પ્રદર્શનાર્થે રખાશે. આ સ્ટેમ્પમાં રામાયણનું એક દૃશ્ય છે જેમાં જટાયુને સીતામાતાને બચાવવા માટે બહાદુરીથી લડતા દર્શાવવામાં આવ્યા છે.

❖ **રશિયાએ વિશ્વની સૌથી લાંબી સબમરીન બેલગોરોડ (Balgorod)નું અનાવરણ કર્યુ.**

→ રશિયાએ તેની સૈન્ય તાકાતને વધુ મજબુત કરવા માટે નૌસેનામાં દુનિયાની સૌથી લાંબી સબમરીનનો સમાવેશ કર્યો છે.

→ 604 ફુટ લાંબી બેલગોરોડ એટલી તાકાત ધરાવે છે કે, એક જ વખતમાં તે એક શહેરને તબાહ કરી શકે છે. તેમાં પરમાણું હથિયાર ધરાવતા ટોરપીડો લગાડવામાં આવ્યા છે. 6 ટોરપીડો બે મેગા ટન વિસ્ફોટ સાથે લઈ જવા માટે સમર્થ છે બે મેગા ટન વિસ્ફોટકની ક્ષમતા જાપાનના હિરોશીમામાં ફાટેલા બોમ્બથી 130 ગણી વધારે છે.

❖ **અમેરિકાના ન્યાય વિભાગ દ્વારા રોબર્ટ મુલર (Robert Mueller) રીપોર્ટ રજૂ કરવામાં આવ્યો...**

→ આ રીપોર્ટ અંતર્ગત વર્ષ 2016 માં સંપન્ન થયેલ અમેરિકન પ્રમુખની ચૂંટણી પ્રક્રિયામાં અને ડોનાલ્ડ ટ્રમ્પના પ્રમુખ ચૂંટાવાની પ્રક્રિયામાં રશિયાની કથીત રૂપથી સંડોવણી ચકાસવા માટે જાહેર કરવામાં આવ્યો.રીપોર્ટમાં જણાવ્યા મુજબ, અમેરિકન પ્રમુખની સત્તાઓ અને હોદ્દાની કાર્યવાહીને ધ્યાને રાખતા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વિશે સંપૂર્ણ સટીક રીપોર્ટ શકય નથી. પરંતુ એટલું ચોક્કસ જાહેર કરવામાં આવ્યુ કે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રશિયાની સંડોવણી આધારિત કોઈ પણ પ્રકારની ફોજદારી કામગીરી નોંધવામાં આવી નથી.

❖ **વિયેતનામની કેમ રન ખાડી (Cam Ranh Bay) માં ભારત અને વિયેતનામની નૌસેના દ્વારા ચાર દિવસીય દરિયાઈ કવાયતનું બીજુ સંસ્કરણ આયોજિત કરવામાં આવ્યું...**

→ ભારત અને વિયેતનામ વર્ષ 2018થી વાર્ષિક રીતે દ્વિપક્ષીય દરિયાઈ કવાયતનું આયોજન કરી રહ્યા છે જેનુ પ્રથમ સંસ્કરણ વિયેતનામના દા–નાન્ગમાં કરવામાં આવ્યું હતું.આ વખતની દરિયાઈ કવાયતમાં ભારતની INS કોલકાતા અને INS શકિતએ ભાગ લીધો હતો.

→ દક્ષિણ–પૂર્વ એશિયાના દેશોમાં વર્તમાનમાં થતી ઈસ્ટર્ન ફિલટ શીપની વ્યુહાત્મક ગોઠવણીના ભાગરૂપે આ કવાયતનું આયોજન કરવામાં આવે છે.

- **વિયેતનામ વિશેઃ રાજધાની** – હનોઈ , **ચલણ** – ડોંગ, **રાષ્ટ્રપતિ** – ટ્રાન દાઈ કુઆંગ

## અર્થતંત્ર

❖ **વિશ્વમાં સૌથી સસ્તું મોબાઈલ નેટ ભારતમાં...**

→ બ્રિટનનો www.cable.co.uk નામની વેબસાઈટે વિશ્વના 230 દેશના 6313 ડેટા પ્લાનને આધારે તૈયાર કરેલા રિપોર્ટ અનુસાર વિશ્વમાં સૌથી સસ્તું મોબાઈલ નેટ ભારતમાં છે.

→ સૌથી સસ્તુ મોબાઈલ નેટ ધરાવતાં દેશો :

| ક્રમ | દેશ | 1 GB ડેટાની કિંમત રૂપિયામાં |
|---|---|---|
| 1 | ભારત | 18.5 |
| 2 | કિર્ગિઝસ્તાન | 19.08 |
| 3 | કઝાકિસ્તાન | 34.63 |

→ સૌથી મોંઘુ મોબાઈલ નેટ ધરાવતાં દેશો :

| ક્રમ | દેશ | 1 GB ડેટાની કિંમત રૂપિયામાં |
|---|---|---|
| 1 | ઝિમ્બાબ્વે | 5312 |
| 2 | દક્ષિણ કોરિયા | 1067 |
| 3 | અમેરિકા | 875 |




- **આંતરરરાષ્ટ્રીય સંસ્થા રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ દ્વારા વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સૂચકાંક–2019 અહેવાલ જારી કરાયો છે....**
  - → આ અહેવાલમાં ભારતનું રેન્કિંગ ગત વર્ષની તુલનામાં બે સ્થાન ગબડીને 140મા ક્રમે પહોંચી ગયું છે. પ્રથમ ક્રમાંક : નોર્વે , અંતિમ ક્રમાંક : તુર્કમેનિસ્તાન
    - ⇒ આ એક આંતરરાષ્ટ્રીય બિનસરકારી સંસ્થા છે જે પ્રેસની સ્વતંત્રતા માટે કાર્ય કરે છે. આ સંસ્થા મીડિયા પર નજર રાખે છે.
    - ⇒ રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સની સ્થાપના સન 1985માં રોબર્ટ મેનાર્ડ દ્વારા કરાઈ હતી. તેનું વડુમથક પેરિસમાં છે.

❖ **સુપ્રીમ કોર્ટે ખાનગી ક્ષેત્રમાં તમામ કર્મચારીઓના પેન્શનમાં ધરખમ વધારા માટેનો માર્ગ મોકળો કરી દીધો છે....**

→ આનાથી ખાનગી ક્ષેત્રના કર્મચારીઓના પેન્શનમાં અનેકગણો વધારો થઈ જશે. સુપ્રીમ કોર્ટે 1 એપ્રિલ, 2019ના EPFO ની અરજી ફગાવી દઈ કેરળ હાઈકોર્ટના એ ચુકાદાને બરકરાર રાખ્યો હતો, જેમાં ખાનગી કર્મચારીઓને તેમના પૂર્ણ પગારના હિસાબે પેન્શન આપવાનો આદેશ કરાયો હતો. કેરળ હાઈકોર્ટે તેના એક આદેશમાં EPFO (એમ્પ્લોયીઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન)ને જણાવ્યું હતું કે નિવૃત્ત થનારા કર્મચારીઓને તેમના છેલ્લા વેતનના આધારે પેન્શન મળવું જોઈએ. EPFOએ કેરળ હાઈકોર્ટના આ ચુકાદા વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી.

❖ **2019માં ભારતની વસ્તી લગભગ 1.36 અબજે પહોંચી ગઈ. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રના વસતી ભંડોળે વિશ્વ વસતીની સ્થિતિ 2019 અહેવાલ જારી કર્યો હતો. જેના તારણો નિમ્નલિખિત છે.**

→ 2010 થી 2019 વચ્ચે ભારતની વસ્તી 1.2% ના સરેરાશ વાર્ષિક દરે વધીને 1.36 અબજ થઈ ગઈ છે. ભારતનો વસ્તી વૃદ્ધિ દર ચીનના વાર્ષિક વસતી વૃદ્ધિ દરથી લગભગ બમણો છે.

→ ભારતની કુલ વસતી 2019માં 1.36 અબજ છે. 1994માં ભારતની વસતી 94.22 કરોડ અને 1969માં 54.15 કરોડ હતી.

→ 2019 માં ચીનની વસ્તી 1.42 અબજ છે. 2010 થી 2019 વચ્ચે ચીનની વસતી વાર્ષિક સરેરાશ 0.50 ટકાના દરે વધી છે.

→ 1969 માં પ્રતિ મહિલા કુલ પ્રજનન દર 5.6 હતો. 1994 માં તે ઘટીને 3.7 અને 2019માં 2.3 રહ્યો છે.

→ ભારતે જીવન આવરદા દરમાં ખૂબ વધારો કર્યો છે. 1947માં તે 47 વર્ષ હતું તથા હવે 2019માં તે 69 વર્ષ સુધી પહોંચી ગયું છે.

→ 1994માં ભારતમાં માતૃત્વ મૃત્યુ પ્રમાણ પ્રતિ એક લાખ જીવિત જન્મ પર 488 મોતનું હતું. 2015માં આ દર 174 મોત પ્રતિ 1,00,000 જીવિત જન્મ છે.

❖ **પ્રધાનમંત્રી જનધન યોજનામાં જમા રકમ 1 લાખ કરોડ થવા આવી.....**

→ પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત ખોલવામાં આવેલા બેંક ખાતાંઓમાં જમા રકમ 97,665 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત કુલ 35.39 કરોડ બેંક ખાતાં ખોલવામાં આવ્યા છે. જેમાં 50% ખાતાં મહિલાઓના છે. પ્રધાનમંત્રી જનધન ખાતાઓમાં વધતી રકમને જોતાં અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે બહુ જ જલ્દી આ રકમ એક લાખ કરોડ રૂપિયાનો આંકડો વટાવી જશે.

⇒ આ મહત્વકાંક્ષી યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 28 ઓગસ્ટ, 2014ના લોન્ચ કરી હતી. જેનો ઉદ્દેશ નાણાકીય સમાવેશને ઉત્તેજન આપી બેંકિંગ સુવિધાને ગરીબ લોકો સુધી પહોંચાડવાનો હતો. આ યોજના ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) માટે પણ ખૂબ જરૂરી છે. તેના દ્વારા સબસિડીનો લાભ સીધો લાભાર્થીના બેંક ખાતામાં જમા થાય છે. આ યોજના અર્થાત પ્રધાનમંત્રી જનધન યોજના હેઠળ ખાતાં ખોલાવવાથી બેંક ખાતાંની સાથે રુપે નામનું ડેબિટ કાર્ડ પ્રદાન કરવામાં આવે છે તથા 1 લાખ રૂપિયાનું વીમા કવચ પણ અપાય છે.

❖ **પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ 2.10 કરોડ જેટલા ખેડૂતોને રૂ.2000નો બીજો હપ્તો અપાયો છે.....**

→ 2019 ના વચગાળાના બજેટમાં PM-KISAN યોજનાની જાહેરાત થઈ હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેને ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં લોન્ચ કરી હતી. આ યોજના અન્વયે 2 હેક્ટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતોને પ્રતિ વર્ષ રૂ. 6,000ની નાણાકીય સહાય પ્રાપ્ત થશે. જે રૂ. 2,000 ના ત્રણ હપ્તામાં અપાશે. જે ખેડૂતોના ખાતામાં સીધા જમા કરવામાં આવે છે. આ યોજનાથી અંદાજિત 12 કરોડ ખેડૂતોને લાભ થશે તથા પ્રતિમાસ રૂ.500 જેટલી મદદને કારણે નાના ખેડૂતોની આવકમાં 16 ટકા જેટલી વૃદ્ધિ નોંધાશે. યોજના અંતર્ગત સરકારી તિજોરીમાં રૂ. 75,000 કરોડનો ખર્ચ થશે તેવો અંદાજ છે.

❖ **ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઓટોમોટિવ ટેકનોલોજી (ICAT) દ્વારા NuGen (ન્યૂજન) મોબિલિટી સમિટ 2019નું આયોજન 27 થી 29 નવેમ્બર, 2019 સુધી માનેસર, NCRમાં કરાશે....**

→ NuGen મોબિલિટી સમિટ એક દ્વિવાર્ષિક કાર્યક્રમ છે જે મોટરવાહન ટેકનોલોજી માટે આંતરરાષ્ટ્રીય કેન્દ્ર દ્વારા યોજવામાં આવે છે.

⇒ ICAT માનેસર ભારત સરકારના ભારે વાહન વિભાગ અંતર્ગત NATRIP ઈમ્પ્લિમેન્ટેશન સોસાયટીનો વિભાગ છે. તે પરીક્ષણ, પ્રમાણીકરણ, ડિઝાઈન વગેરેની સેવાઓ પ્રદાન કરે છે.

❖ **ડ્રોન મારફત ઘરોમાં સામાન પહોંચાડવાની પ્રથમ સેવા ઓસ્ટ્રેલિયાની રાજધાની કેનબરામાં 10 એપ્રિલ, ગૂગલે શરૂ કરી છે....**

→ ગૂગલની આલ્ફાબેટ કંપનીની વિંગ નામની ડ્રોન સેવા કેનબરાના લગભગ 100 ઘરોને કોફી, દવા તથા ભોજન પહોંચાડશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગૂગલ વર્ષ 2014થી જ ઓસ્ટ્રેલિયામાં આ સેવાનું પરિક્ષણ કરી રહ્યું હતું.

❖ **ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) દ્વારા જાહેરાત કરવામાં આવી કે કતાર 2019ના અંત સુધીમાં વિદેશી કામદારો માટે એક્ઝિટ વિઝા સિસ્ટમને સમાપ્ત કરી દેશે....**

→ 2022 માં કતાર ફૂટબોલ વર્લ્ડ કપનું યજમાન હોવાથી મોટાપાટે ત્યાં વિદેશી કામદારો કામ કરે છે અને એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે કતારમાં કામદારોનું શોષણ થઈ રહ્યું છે તેવો આરોપ લગાવ્યો હતો. કફાલા એવી પદ્ધતિ છે કે કોઈ પ્રવાસી કારીગરે કતારમાં કામ કરવું હોય તો કતારમાં તેનો કોઈ સ્પોન્સર હોવો જોઈએ. જે તેની વીઝા અને કાયદાકીય સ્થિતિ માટે જવાબદાર રહેશે. આ કફાલા પદ્ધતિને પણ કતાર પૂર્ણ કરી દેશે.

❖ **અમેરિકાના વોશિંગ્ટનના રેડમોન્ડમાં વડુમથક ધરાતવી માઈક્રોસોફ્ટનું મૂલ્ય 1 ટ્રિલિયન ડોલરથી વધુ થયું છે....**

→ આ પહેલા આ વિક્રમ અમેરિકાની એપ્પલ અને એમેઝોને હાંસલ કરી લીધેલો છે. 1975માં માઈક્રોસોફ્ટની સ્થાપના બિલ ગેટ્સ અને પોલ એલન દ્વારા થઈ હતી. હાલમાં માઈક્રોસોફ્ટના CEO ભારતીય મૂળના સત્ય નાડેલા છે. વિન્ડોસ ઓપરેટિંગ સિસ્ટમ, બિંગ સર્ચ એન્જિન, ઓફિસ, આઉટલુક, એઝ્યોર, પ્રોફેશનલ સોશિયલ નેટવર્ક લિન્કડઈન અને ગેમિંગ કન્સોલ એકસ બોકસ માઈક્રોસોફ્ટના ઉત્પાદનો છે.

- **ભારતીય શેરબજારનું નિયમન કરતી સંસ્થા સિકયુરિટી એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) એ નેશનલ સ્ટોક એકસચેન્જ (NSE) પર 6 મહિનાનો પ્રતિબંધ લગાવી દીધો છે અને NSEને રોકાણકારોના 625 કરોડ રૂપિયા પરત કરવાનો આદેશ આપી દેવાયો છે તથા તેના પર 2014 થી 12 ટકાના દરે વાર્ષિક વ્યાજ ચૂકવવાનો આદેશ કર્યો છે.....**
  - → NSEની કો–લોકેશન ખામીના કારણે અમુક બ્રોકરોને વિશેષ લાભ થયો હોવાને કારણે આ આદેશ કરાયો છે. SEBI અને NSE એમ બંનેના વડામથક મુંબઈ ખાતે આવેલા છે. NSEથી સ્થાપના 1992માં કરવામાં આવી હતી. NIFTY NSEનો ઈન્ડેકસ છે. NSEમાં 1952 જેટલી કંપનીઓ નોંધાયેલી છે.
- **તાજેતરમાં ભારતની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક SBIએ 'ગ્રીન કાર લોન' લોન્ચ કરી છે જેનો ઉદ્દેશ લોકોને વધુ વિદ્યુત વાહનો ખરીદવા પ્રેરિત કરવાનો છે.....**
  - → આ માટે લોકને 20 બેઝ પોઈન્ટ ઓછા દરે લોન આપવામાં આવશે. આ લોનમાં પ્રતિ એક લાખ રૂપિયા પર EMI 96 મહિના માટે 1,468 રૂપિયા હશે. ભારત સરકારે 2030 સુધીમાં કુલ વાહનોમાં 30% વિદ્યુત વાહન સામેલ કરવાનો લક્ષ્ય સેવ્યો છે.
    - ⇒ બેંક ઓફ કોલકાતા, બેંક ઓફ બોમ્બે અને બેંક ઓફ મદ્રાસનું વિલીનીકરણ કરી 1921માં ઈમ્પીરિયલ બેંક ઓફ ઈન્ડિયાની સ્થાપના કરવામાં આવી હતી. જેનું 1955માં નામ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા કરવામાં આવ્યું.
    - ⇒ SBI બેંકનો લોગો અમદાવાદ ખાતે આવેલા કાંકરિયા તળાવના ટોપ વ્યૂ પરથી લેવામાં આવ્યો છે.
- **રિઝર્વ બેંકની દ્વિમાસિક નાણાં નીતિ સમીક્ષા.... :** RBIએ સતત બીજી વખત વ્યાજ દરો 0.25% ઘટાડયા..

| | | | | | |
|---|---|---|---|---|---|
| રેપો રેટ | 6.00% | રિવર્સ રેપો રેટ | 5.75% | માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ | 6.25% |
| બેંક રેટ | 6.25% | કેશ રિઝર્વ રેશિયો | 4.00% | | |

- **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ફિનટેક કંપનીઓ માટે તેઓના નવા ઉત્પાદનો મોટાપાયે બજારમાં લોન્ચ કરતા પહેલાં તેનું પરીક્ષણ ઉપભોકતાઓના એક નાનકડા જૂથ પર કરવા માટે બે મહિનામાં માર્ગદર્શિકા બહાર પાડશે....**
  - → આ નિયમનકારી સેન્ડબોકસ ફિનટેક કંપનીઓને અભિનવ ઉત્પાદનો સસ્તાં ખર્ચે તથા ઓછા સમયમાં લોન્ચ કરવામાં સહાય કરશે તથા તેઓના નવા ઉત્પાદનો અને સેવાઓનું જીવંત અથવા આભાસી પરીક્ષણ કરવા આવી કંપનીઓને સમક્ષ બનાવશે.
  - → સેન્ડબોકસ એ નિયામક દ્વારા સ્થાપિત એક પ્રકારનું માળખું હશે જેમાં ફિનટેક કંપનીઓ તેના ઉત્પાદનોનું પરીક્ષણ એક નિયંત્રિત વાતાવરણમાં કરી શકે છે.
- **સરકારી માલિકીની પાવર ફાઈનાન્સ કોર્પોરેશન (PFC) એ સરકારને રૂ.14,500 કરોડ હસ્તાંતરિત કરીને REC લિ. માં મોટાભાગનો હિસ્સો ખરીદી લીધો છે....**
  - → બન્ને કંપનીઓનું વિલીનીકરણ સરકાર સાથેના પરામર્શમાં આગામી નાણાકીય વર્ષમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. આ સંપાદન અને વિલીનીકરણ સાથે PFC વર્તમાન બજાર મૂડીના આધારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) પછી દેશમાં સરકારી માલિકીની બીજી સૌથી મોટી નાણાકીય કંપની બનશે. સાથોસાથ, PFC ભારતમાં સર્વાધિક નફો રળતી નાણાકીય કંપની પણ બનશે.
- **બોમ્બે સ્ટોક એકસચેન્જ (BSE) અને ઈન્ડિયા ઈન્ટરનેશનલ એકસચેન્જ (ઈન્ડિયા INX) મોસ્કો એકસચેન્જ (MOEX) સાથે એક સમજૂતી પત્ર (MoU) પર હસ્તાક્ષર કરનારા પ્રથમ ભારતીય એકસચેન્જ બની ગયા છે....**
  - → બન્ને દેશોમાં રોકાણકાર સમુદાય અને કંપનીઓને જોડવા માટે MoU પર હસ્તાક્ષર કરાયા છે. તે ઉપરાંત મૂડી નિર્માણ મંચની અનુમતિ પણ આપી દેવાઈ છે. વિનિમય કંપનીઓએ અરસપરસના બજારોમાં ગતિવિધિઓની સમજ વધારવા માટે વરિષ્ઠ કર્મચારીઓને બીજા કાર્યકાળ માટે સહમતિ વ્યકત કરી છે.
- **કેન્દ્ર સરકારે IT સેકટરની અગ્રણી કંપની વિપ્રોમાં રૂ. 1,150 કરોડના મૂલ્યના એનિમી શેર્સ LIC અને અન્ય બે સરકારી વીમા કંપનીઓને વેચી દીધા છે....**
  - → ભારત દેશ વતી એનિમી પ્રોપર્ટીની કસ્ટોડિયન એવી કેન્દ્ર સરકારે વિપ્રોના 4.43 કરોડ શેર્સ રૂ. 258.90 પ્રતિ શેરના ભાવે બ્લોક ડીલ દ્વારા વેચી દીધા છે. ભારત સરકાર દ્વારા એનિમી પ્રોપર્ટીનું આ રીતે સૌપ્રથમવાર વેચાણ કરાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાંથી પાકિસ્તાન કે ચીનમાં જતા રહેલા નાગરિકો કે જે હવે ભારતના નાગરિકો નથી તેમની અહીં ભારતમાં રહેલી સંપત્તિ એનિમી પ્રોપર્ટી કહેવાય છે. તેની કસ્ટડી કેન્દ્ર સરકાર હસ્તક હોય છે.
- **સ્ટેડવ્યૂ કેપિટલ તરફથી મળેલા રોકાણ સાથે જ મુંબઈ સ્થિત ડ્રીમ 11 ભારતનું પ્રથમ ગેમિંગ યુનિકોર્ન અથવા અબજ ડોલરનું સ્ટાર્ટઅપ બની ગયું છે.....**
  - → સ્ટેડવ્યૂ કેપિટલ સિવાય કાલારી કેપિટલ, થિંક ઈન્વેસ્ટમેન્ટ્સ, મલ્ટિપ્લેસ ઈકિવટી અને ટેન્સેન્ટ ઈન્વેસ્ટમેન્ટ્સએ સામૂહિક રીતે ડ્રીમ 11નું કુલ મૂલ્ય 1 અબજ ડોલર કરતાં વધુ આંકયું છે. ડ્રીમ 11 ભારતનું સૌથી મોટું કાલ્પનિક રમતગમત પ્લેટફોર્મ છે. તેના 5.30 કરોડ ઉપયોગકર્તાઓ છે. તેની રચના 2008માં ભવિત શેઠ અને હર્ષ જૈને કરી છે. ડ્રીમ 11 તેના વપરાશકર્તાઓને ક્રિકેટ, ફૂટબોલ, કબડ્ડી અને બાસ્કેટબોલ જેવી શ્રેણીમાં કાલ્પનિક રમતગમતનો આનંદ આપે છે.
- **તાજેતરમાં નાણાં મંત્રાલયે નાણાકીય વર્ષ 2018-19 માટે એમ્પ્લોઈઝ પ્રોવિડન્ડ ફંડ (EPF) માં જેમાં રકમ પર 8.65% વ્યાજ આપવાની મંજૂરી આપી દીધી છે....**
  - → આ માટે એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશને (EPFO) વ્યાજદરમાં ફેરફાર કરવા ભલામણ કરી હતી. નાણાં મંત્રાલય અંતર્ગત કાર્યરત્ ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્સિયલ સર્વિસીઝ (DFS) દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. જેને કારણે અસંગઠિત ક્ષેત્રના 6 કરોડ કામદારોને ફાયદો થશે. વર્ષ 2017-18 માટે આ વ્યાજદર 8.55% હતો.

❖ **ઘઉંના ઉત્પાદન પર ભારત સરકારે આયાત ડયૂટીને 30 ટકાથી વધારી 40 ટકા કરી છે....**

→ આયાત ડયૂટીમાં વધારો થવાથી દેશમાં ઉત્પન્ન ઘઉંનું વેચાણ વધુ થશે અને સ્થાનિક ખેડૂતોને ફાયદો થશે.

→ ભારતમાં સૌથી વધુ ઘઉંનું ઉત્પાદન ઉત્તર પ્રદેશ કરે છે. ચીન વિશ્વમાં સૌથી વધુ ઘઉંનું ઉત્પાદન કરે છે તે પછી ભારત, રશિયા અને અમેરિકાનું સ્થાન છે.

⇒ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI) એક વૈધાનિક સંસ્થા છે. જેનું સંચાલન ભારત અને રાજ્ય સરકારો દ્વારા થાય છે. FCIની રચના ફૂડ કોર્પોરેશન અધિનિયમ, 1964 હેઠળ 1965માં કરવામાં આવી હતી. FCI નું વડુમથક પહેલા ચેન્નાઈ હતુ પરંતુ ત્યાંથી નવી દિલ્હી સ્થળાંતરિત કરાયું છે.

❖ **સાઉદી અરેબિયાની વિરાટ ઓઈલ ઉત્પાદક કંપની સાઉદી અરામ્કોએ વિશ્વની સૌથી વધુ નફો કરતી મોટામાં મોટી કંપની તરીકેનું સ્થાન મેળવ્યું છે....**

→ કંપનીએ વર્ષ 2018માં 111 અબજ ડોલર એટલે કે અંદાજે રૂ. 7.66 લાખ કરોડનો નફો કર્યો છે. નફાકારકતામાં સાઉદી અરામ્કોએ એપલ, રોયલ ડચ શેલ અને મોબિલ એકસોનને પછાડીને મેદાન માર્યું છે. સાઉદી અરેબિયાની સરકાર માટે આવકનું મુખ્ય સાધન બની રહેલી કંપની સાઉદી અરામ્કોએ પહેલીવાર તેનો નફો જાહેર કર્યો છે.

❖ **તાજેતરમાં ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU) એ બોમ્બે સ્ટોક એકસચેન્જ (BSE) સાથે મળીને GST પર જાગૃતતા કાર્યક્રમ લોન્ચ કર્યો હતો....**

→ આ કાર્યક્રમનો ઉદ્દેશ GST અધિનિયમ હેઠળ આધારભૂત જ્ઞાન તથા કૌશલ્ય પ્રદાન કરવાનો છે. આ કાર્યક્રમ એકાઉન્ટ્સ ક્ષેત્રમાં કાર્ય કરતા લોકો માટે તથા જેઓ ઈનડાયરેકટ ટેકસ રિટર્ન ભરતા હોય તેવા લોકો માટે અત્યંત ઉપયોગી છે. આ કોર્સ જાન્યુઆરીથી જુલાઈ વચ્ચે ચલાવાશે જેમાં 12 ધોરણ પાસ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવશે.

• બોમ્બે સ્ટોક એકસચેન્જ વિશે : બોમ્બે સ્ટોક એકસચેન્જ એશિયાના સૌથી જૂના સ્ટોક એકસચેન્જ તરીકે જાણીતું છે. જેની સ્થાપના ઈ.સ.1875માં કરવામાં આવી હતી. BSEનું કાર્યાલય મુંબઈની દલાલ સ્ટ્રીટમાં આવેલું છે. ભારત સરકારે 31 ઓગસ્ટ, 1957ના રોજ BSE ને કાયમી સ્વીકૃતિ પ્રદાન કરી હતી. BSEમાં 5000થી વધુ કંપનીઓ લિસ્ટેડ છે. જેનો ઈન્ડેકસ સેન્સેકસ છે.

❖ **તાજેતરમાં IIT દિલ્હી અને ભારતીય માનક બ્યુરો (BIS – Bureau of Indian Standards) એ ઉત્પાદનના માનકીકરણ અને તેના અનુરૂપ મુલ્યાંકનના ક્ષેત્રમાં સચોટતા પ્રદાન કરવા MoU કર્યા.**

→ IIT દિલ્હી આ પ્રોજેકટને સંશોધન અને વિકાસ માટે આધાર માળખું પુરૂ પાડશે તેમજ BIS દ્વારા પ્રોજેકટને નાણાકીય સુવિધા પુરી પાડવામાં આવશે.

→ આ MoU પાંચ વર્ષના સમયગાળા માટે લાગુ રહેશે, ત્યારબાદ આ કરારને વધુ વિસ્તૃત કરી શકાશે.

⇒ BIS એ ઉત્પાદનની ગુણવત્તાની ચકાસણી અને મુલ્યાંકન કરી ઉત્પાદનને ગુણવત્તા અનુરૂપ માનક પૂરી પાડતી સંસ્થા છે.

⇒ આ સંસ્થાની સ્થાપના 1986 માં કરવામાં આવી છે. તેનુ મુખ્યાલય નવી દિલ્હી ખાતે આવેલુ છે.

⇒ આ સંસ્થા ગ્રાહક બાબત, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના ગ્રાહક બાબત વિભાગ અંતર્ગત કાર્યરત છે.

❖ **તાજેતરમાં વર્લ્ડ બેન્ક (World Bank) ના 13 માં નવા પ્રમુખ (President) તરીકે અમેરિકન મૂળના ડેવિડ માલપાસ** (David Malpass) **ની નિમણૂંક કરવામાં આવી, જેઓ પૂર્વ કાર્યકારી પ્રમુખ ક્રીસ્ટાલીના જ્યોર્જીવાનું સ્થાન લેશે.**

⇒ વર્લ્ડ બેન્ક આંતરરાષ્ટ્રીય સ્તરે સતત ગરીબી નાબુદી અને સમૃદ્ધિને પ્રોત્સાહીત કરવાના ધ્યેય સાથે કાર્ય કરતી સર્વોચ્ચ આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જેના અંતર્ગત વર્લ્ડ બેન્ક વિશ્વના દેશોને વિકાસ માટે આર્થિક સહાય પણ આપે છે.

⇒ વર્લ્ડ બેન્કનો હાલનો લક્ષ્યાંક વિશ્વના દરેક દેશના 40% ગરીબોની આવકમાં વધારો કરવાનો તથા વર્ષ 2030 સુધીમાં વૈશ્વિક સ્તરે ગરીબીનું પ્રમાણ ઘટાડીને 3% સુધીનું લઈ જવાનો છે. ⇒ સ્થાપના – 1945 ⇒ મુખ્યાલય – વોશિંગ્ટન ડી.સી. (અમેરિકા)

❖ **Insurance Regulatory and Devlopment Authority of India (IRDAI) દ્વારા માઈક્રો ઈન્શ્યોરન્સ પર કાર્યરત નિયમનકારી માળખાની સમીક્ષા કરવા અને આવા ઉત્પાદનોની માંગ વધારવા માટેના પગલાની ભલામણ કરવા સુરેશ માથુર સમિતિનુ ગઠન કરવામાં આવ્યુ....**

→ આ સમિતિનું ગઠન માઈક્રો ઈન્શ્યોરન્સ પ્રોડકસની ઈચ્છિત માંગ કરતા ઉત્પાદન ઓછુ હોવાના કારણે બનાવવામાં આવી.

⇒ આ સમિતિમાં કુલ સભ્યસંખ્યા 13 છે જેમાં IRDAI ના એકિઝકયુટીવ ડાયરેકટર સુરેશ માથુર અધ્યક્ષ તરીકે વર્તશે. તેમજ અન્ય સભ્યોમાં IRDAI ના પ્રતિનિધિઓ તેમજ ખાનગી – જાહેર ક્ષેત્રની જીવન વીમા, સામાન્ય વીમા અને સ્વાસ્થ્ય વીમા કંપનીના પ્રતિનિધિઓનો સમાવેશ થશે.

❖ **તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા નવી દિલ્હી ખાતે National Institutional Ranking Framework (NIRF) ની ચોથી આવૃત્તિ અને Atal Ranking of Institutions on Innovation Achievement (ARIIA) ની પ્રથમ આવૃત્તિ જાહેર કરવામાં આવી.**

• **National Institutional Ranking Framework (NIRF)** : NIRF દેશભરમાં શૈક્ષણિક સંસ્થાઓને ક્રમ આપવાની પ્રક્રિયા છે. જેની શરૂઆત વર્ષ 2015 થી માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવેલ છે. NIRF રેકિંગ 9 શ્રેણીમાં આપવામાં આવે છે જે નીચે મુજબ છે (વર્તમાનમાં પ્રથમ ક્રમાંક મેળવેલ સંસ્થાઓ પણ સાથે આપવામાં આવેલ છે.)

(1) ઓવરઓલ રેન્કિંગમાં પ્રથમ : Indian Institute Of Technolgy, Madras (ચેન્નાઈ, તમિલનાડુ)
(2) યુનિવર્સિટી રેન્કિંગમાં પ્રથમ : Indian Institute of Science (બેંગ્લુરૂ, કર્ણાટક)
(3) ઈજનેરી રેન્કિંગમાં પ્રથમ : Indian Institute of Technology, Madras (ચેન્નાઈ, તમિલનાડુ)
(4)કોલેજ રેન્કિંગમાં પ્રથમ : Miranda House (દિલ્હી)
(5) મેનેજમેન્ટ રેન્કિંગમાં પ્રથમ : Indian Institute of Management, Banglore (કર્ણાટક)
(6) ફાર્માસી રેન્કિંગમાં પ્રથમ : Jamia Hamdard (નવી દિલ્હી)
(7) કાયદા રેન્કિંગમાં પ્રથમ : National Law School of India University (બેંગ્લુરૂ, કર્ણાટક)

(8) આર્કિટેકચર રેન્કિંગમાં પ્રથમ : Indian Institute of Technology, Kharagpur (પશ્ચિમ બંગાળ)
(9) મેડિકલ રેન્કિંગમાં પ્રથમ : All India Institute of Medical Sciences (નવી દિલ્હી)

- **Atal Ranking of Institutions on innovation Achievements (ARIIA) :-**
  - ➙ ARIIAની જાહેરાત 2018ના વર્ષમાં કરવામાં આવી હતી જે અનુસાર 2019ના વર્ષમાં તેનું પ્રથમવાર પ્રકાશક માનવસંસાધન વિકાસ મંત્રાલય દ્વારા તાજેતરમાં કરવામાં આવેલ છે. મુખ્ય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં 'ઈનોવેશન એન્ડ એન્ટરપ્રિનોરશિપ ડેવલોપમેન્ટ' સંબંધિત ક્રમ આપવા આ પદ્ધતિ શરૂ કરવામાં આવી છે.
  - ➙ ARIIA રેંકિંગ બે રીતે આપવામાં આવે છે અને તે અનુસાર આ વર્ષની પ્રથમ ક્રમાંકે આવેલી સંસ્થાઓના નામ નીચે મુજબ છે.

(1) જાહેર ભંડોળ સંચાલિત સંસ્થાઓ : Indian Institute Of Technology - Madras (ચેન્નાઈ, તમિલનાડુ)
(2) ખાનગી સંસ્થાઆ : Vellore Institute Of Technology (વેલ્લોર, તમિલનાડુ)

❖ **સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વ હેઠળની બેન્ચ દ્વારા તમામ રાજકીય પક્ષોને 30મે સુધીમાં ચૂંટણી બોન્ડ દ્વારા મળેલા નાણાં અને દાતાઓની યાદી ચૂંટણીપંચને સોપી દેવાનો આદેશ આપવામાં આવ્યો...**

ઉપરાંત આ બેન્ચ દ્વારા નાણા મંત્રાલયને એપ્રિલ–મે માં ચૂંટણી બોન્ડ ખરીદવાના દિવસ 10 થી ઘટાડીને 5 દિવસ કરવાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો.

→ ચૂંટણી બોન્ડ થકી મળતા દાનમાં પારદર્શતા લાવવા અને દાતાઓના નામ નહી આપવાની જોગવાઈ વિરુદ્ધ એસોશિયેશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) નામના NGO દ્વારા અરÒ કરવામાં આવી હતી જેના પગલે સુપ્રિમ કોર્ટે આ આદેશ આપ્યો.

⇒ ચૂંટણી બોન્ડ એક પ્રોમિસરી નોટના રૂપમાં ઋણ સુરક્ષા છે જેના થકી ભારતના નાગરિકો ઉપરાંત ભારતમાં ચાલતી વિદેશી કંપનીઓ ચૂંટણી બોન્ડની ખરીદી કરીને રાજકીય પક્ષોને નાણા ભંડોળ આપી શકે છે.

⇒ વર્ષ 2017-18 ના બજેટમાં સરકાર દ્વારા ચૂંટણી બોન્ડ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી જેને 2 જાન્યુઆરી 2018 થી લાગુ કરવામાં આવી.

⇒ જે રાજકીય પક્ષો જનપ્રતિનિધિત્વ અધિનિયમ (Representation of the people act) 1951 અંતર્ગત નોંધણી પામેલ હોય તેમજ જેણે અગાઉની છેલ્લી લોકસભા કે રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ઓછામાં ઓછા 1% મત પ્રાપ્ત કર્યો હોય એવા રાજકીય પક્ષો ચૂંટણી બોન્ડ પ્રાપ્ત કરવા લાયક ગણાશે.

⇒ કોઈ એક વ્યકિત તેમજ વ્યકિતના સમૂહ દ્વારા ચૂંટણી બોન્ડ ખરીદી શકાય છે.ચૂંટણી બોન્ડસની ખરીદી કરનારે પોતાની બેલેન્સશીટમાં બોન્ડસની ખરીદી અંગેની માહિતી આપવી આવશ્યક રહેશે.દાતાઓ ચૂંટણી બોન્ડ ભારતીય સ્ટેટ બેંકની ચેન્નાઈ, મુંબઈ, કોલકાતા અને દિલ્હીની મુખ્ય શાખામાંથી ખરીદી શકે છે.

⇒ ચૂંટણી બોન્ડ અધિકૃત રાજકીય પક્ષ અધિકૃત બેંક ખાતા દ્વારા જ રોકડમાં રૂપાંતરિત કરી શકશે.

⇒ હાલના સુપ્રિમ કોર્ટના નિર્દેશ પ્રમાણે, આ બોન્ડ દરેક ત્રિમાસિકના (જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઓકટોબર) શરૂઆતના 5 દિવસના સમયગાળા દરમિયાન ખરીદી માટે ઉપલબ્ધ કરવામાં આવે છે. જેની અગાઉ અવધિ 10 દિવસ હતી.

⇒ ચૂંટણી બોન્ડ 1000, 10,000 , 1 લાખ, 10 લાખ તેમજ 1 કરોડના રૂપમાં ખરીદી શકાય છે કોઈપણ દાતા 1 કરોડથી વધુ રૂપિયાનો ચૂંટણી બોન્ડ ખરીદી શકતો નથી.

⇒ આ બોન્ડ ખરીદીના 15 દિવસ સુધી માન્ય રહે છે.

❖ **અમેરિકા કંપની એમેઝોન (Amazon), ચીનમાં ઓનલાઈન વ્યાપાર (ઈ–કોમર્સ બિઝનેસ) જુલાઈ–2019 થી બંધ કરશે...**

⇒ સ્થાપના : 5 જુલાઈ, 1994 સંસ્થાપક : જેક બેઝોસ વડુમથક : વોશિંગ્ટન ડી.સી.

❖ **નવી દિલ્હી ખાતે Resilient Cities Asia Pacific ની ચોથી સભાનું ઉદ્દઘાટન ભારતના ઉપરાષ્ટ્રપતિ વેંકયા નાયડુ દ્વારા કરવામાં આવ્યું...**

→ આ સભાનું આયોજન એશિયા પેસિફિક ક્ષેત્રોમાં શહેરી અનુકુળતાઓ માટે જળવાયુ પરિવર્તનને લગતા નવીનતમ ઉકેલોની શોધ કરવા સ્થાનિક પર્યાવરણીય પહેલ માટેની આંતરરાષ્ટ્રીય સભા (ICLEI – International Council for Local Environmental Initiatives) દ્વારા કરવામાં આવ્યુ, જેની યજમાનગીરી (Host) દક્ષિણ દિલ્હી મહાનગર પાલિકા (South Delhi Municiple Corporation) દ્વારા સ્વીકારવામાં આવી.

→ આ સભા સતત વિકાસ લક્ષ્યાંક (Sustinable Development Goals), રાષ્ટ્રીય નિર્ધારિત યોગદાન (The Nationally Detemined Contribution) અને 2016ના નવા શહેરી એજન્ડા (New Urban Agenda of 2016)ના લક્ષ્યાંકો તથા ઉપલબ્ધીઓ દર્શાવવા યોજવામાં આવી.

→ ઉપરાંત આ બેઠકમાં જળવાયુ પરિવર્તન ક્ષેત્રના વિશેષજ્ઞો તથા અનુભવી જાણકારોને જળવાયુ પરિવર્તનની દિશામાં હકારાત્મક ફેરફાર લાવવા એક મંચ પર એકઠા કરવામાં આવ્યા.

→ આ સભાના પરિણામો રાષ્ટ્રીય નિર્ધારીત યોગદાન (Nationally Determined Contributions) ની જર્મનીના બર્લીન ખાતે આગામી જૂન મહિનામાં આયોજિત થનાર સભામાં દર્શાવવામાં આવશે.

❖ **વર્લ્ડ બેંક દ્વારા તાજેતરમાં "Migration And Development Brief" નામનો રિપોર્ટ રજૂ કરાયો.**

→ આ અહેવાલ અનુસાર રેમિટન્સ મેળવવાની બાબતમાં ભારતે 2018ના વર્ષમાં પોતાના સર્વોચ્ચ સ્થાનને જાળવી રાખ્યું છે. આ ઉપરાંત બીજા ક્રમે ચીન તથા ત્રીજા ક્રમે મેકિસકોનો સમાવેશ થાય છે. અહેવાલ મુજબ ભારતનાં રેમિટન્સમાં 14% કરતાં વધારે વૃદ્ધિ નોંધાયેલી છે, જેનાં ઘણા બધા કારણો છે.

→ કેરળમાં આવેલા પુર દરમિયાન ભારતનાં વિદેશમાં રહેલાં ભારતીયોએ પોતાના પરિવારોને મોટા પાયે સહાય આપી હતી.

→ મધ્ય અને નાના આવક ધરાવતાં દેશોમાં રેમિટન્સમાં 9.6% નો વધારો થયો છે. દક્ષિણ એશિયાનાં દેશમાં રેમિટન્સમાં 12% ની વૃદ્ધિ જોવા મળી છે.

→ ચીનને બાદ કરતાં મધ્યમ અને ઓછો આવક ધરાવતાં દેશોમાં 2018ના વર્ષમાં રેમિટેન્સની માત્રા FDI કરતાં વધારે રહી છે.

→ તેલની કિંમતોમાં થયેલા ભાવ વધારોનાં પરિણામે GCC (Gulf Co-Operative Council)ના સભ્ય દેશોમાંથી રેમિટન્સ ખુબ મોટા પાયે બહારની તરફ જોવા મળ્યું હતું.

❖ **ઈન્ડિયા સ્માર્ટ સિટી એવોર્ડ–2019 પસંદ થયેલા શહેરોની યાદીમાં ગુજરાતના રાજકોટનો સમાવેશ....**

→ ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોનાં મંત્રાલય દ્વારા વર્ષ 2019ના સ્માર્ટ સિટી માટે પસંદ થયેલા શહેરોની યાદી બહાર પાડવામાં આવી. જેમાં 100 શહેરોનો સર્વે કરીને તેમાંથી 33 શહેરોને પસંદ કરવામાં આવ્યા છે અને આ 33 શહેરોમાં ગુજરાત રાજ્યના 6 સ્માર્ટ સિટીમાંથી એક માત્ર રાજકોટ શહેરની પસંદગી કરવામાં આવી છે.

→ ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા સ્માર્ટ સિટી પ્રોજેકટમાં કુલ 100 શહેરોની પસંદગી કરવામાં આવી છે અને આ 100 શહેરોમાં સૌથી વધારે 13 શહેરોની પસંદગી ઉત્તરપ્રદેશ રાજ્યમાંથી કરવામાં આવી છે. તેમજ ગુજરાત રાજ્યમાંથી 6 શહેરોની પસંદગી કરવામાં આવી.

→ આ સ્માર્ટ શહેરોને વિકસાવવાનું કાર્ય આવાસ અને શહેરી બાબતોનાં કેન્દ્રિય મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

❖ **પેરિસ સ્થિત સંસ્થા Reports without Boarder દ્વારા વૈશ્વિક સ્તરે મીડિયા સ્વતંત્રતા આધારીત એક રીપોર્ટ World Press Freedom Index – 2019 જાહેર કરવામાં આવ્યો જે કોઈ પણ દેશમાં મીડિયા ક્ષેત્રને 2018નાં વર્ષમાં મળેલી સ્વંત્રતા દર્શાવે છે.....**

→ રીપોર્ટમાં જણાવ્યા મુજબ મીડીયા ક્ષેત્રે સૌથી વધુ સ્વતંત્રતા ધરાવતા દેશોમાં નોર્વે સૌથી મોખરે છે ત્યારબાદ બાદમાં ફિનલેન્ડ અને સ્વીડન અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે આવે છે.

→ આ રીપોર્ટમાં ભારત ગતવર્ષના રીપોર્ટની સરખામણીમાં 2 ક્રમ પાછળ ખસી કુલ 180 દેશોની યાદીમાંથી 140માં ક્રમે રહેવા પામ્યું. વધુમાં ભારતના પરીપેક્ષ્યમાં આ રીપોર્ટમાં જણાવવામાં આવ્યુ કે ગતવર્ષ 2018 દરમિયાન સમગ્ર ભારત માંથી કુલ 6 મીડિયા રીપોટર્સ સામે હિંસા અને બાદમાં હત્યાના બનાવો બન્યા છે. જે દર્શાવે છે કે ભારતમાં મીડિયા તરફી દુશ્મનાવટમાં વધારો થયો છે.

→ આ રીપોર્ટમાં ચીન 177માં ક્રમાંકે તથા તુર્કમેનીસ્તાન અંતીમ (180મા) ક્રમાંકે રહેવા પામ્યા છે.

❖ **ચીનના ગુઈઝો (Guizou) ખાતે Asian tea Alliance શરૂ કરવામાં આવ્યું....**

→ આ જોડાણમાં ભારત, ચીન, ઈન્ડોનેશિયા, શ્રીલંકા અને જાપાન મળીને પાંચ એશિયન દેશોનો સમાવેશ થાય છે કે જેઓ ચા ના ઉત્પાદન તથા વપરાશમાં એશિયામાં અગ્રેસર છે. આ જોડાણનો મુખ્ય ઉદ્દેશ ચાના વેપાર, સાંસ્કૃતિક વિનિમય, તકનીકી વિનિમય તેમજ ચા ને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહિત કરવાનો છે.

→ અગાઉ યુરોપ, અમેરિકા, રશિયા અને પશ્ચિમ એશિયામાં black tea અને green tea ના વપરાશને પ્રોત્સાહન આપવા ભારતીય ચા સંઘ (Indian tea association) અને China tea Marketing Association વચ્ચે MoU થયા હતા.

⇒ વર્ષ 1881માં સ્થાપિત Indian tea Association ભારતમાં ચા ના ઉત્પાદન સાથે જોડાયેલ સૌથી જુની સંસ્થા છે.

⇒ આ એક વૈધાનિક સંસ્થા છે.Indian tea Association નું મુખ્યાલય કોલકત્તામાં આવેલું છે.

❖ **StartupBlink એ વૈશ્વિક સ્તરે 100 દેશોને દેશમાં સ્ટાર્ટઅપ વિશેની સવલતોને ધ્યાનમાં રાખી Startup Environment ક્રમાંક આપ્યા....**

→ આ અહેવાલમાં પ્રથમ ક્રમાંકે અમેરિકા તેમજ બીજા અને ત્રીજા ક્રમાંકે અનુક્રમે બ્રિટન અને કેનેડા છે. પ્રથમ 3 ક્રમાંક અર્જિત કરનાર દેશો અંગ્રેÒ બોલનારા દેશો છે. વર્તમાન સમયમાં મુખ્યત્વે વ્યાવસાયિક ભાષા તરીકે અંગ્રેÒ ભાષાનું વર્ચસ્વ વધવાથી ભાષા stratup environment ના પરબિળો તરીકે ઉભરી આવી છે.

→ ભારત અગાઉ ક્રમાંક સૂચિમાં 37માં સ્થાન પર હતુ પરંતુ નવા ક્રમાંક સૂચિ અનુસાર ભારતે 20 સ્થાનની છલાંગ લગાવીને 17 મો ક્રમાંક અર્જિત કર્યો.

→ એશિયન દેશોમાં આ સૂચિ અંતર્ગત સાઉથ કોરીયા (19$^{th}$), સિંગાપુર (21$^{th}$), જાપાન (23$^{th}$) અને ચીન (27$^{th}$) માં સ્થાન પર છે.

→ ભારત માટે વર્તમાનમાં સ્ટાર્ટઅપની એકદર ગુણવતામાં સુધારા કરવા અને યુનિકોર્ન કંપનીમાં વધારો કરવા જેવા પડકારો છે.

→ આ સૂચિમાં શહેરના ક્રમાંકમાં ભારતના બેગ્લોર (11$^{th}$), નવી દિલ્હી (18$^{th}$) અને મુંબઈ (29$^{th}$)નો સમાવેશ થાય છે તથા સનફ્રાન્સિસ્કો બે, અમેરિકા પ્રથમ ક્રમાંક પર છે.

❖ **RBI એ નાબાર્ડ (National bank for Agriculture & Rural Development) અને NHB (National Housing Bank) માં રહેલો પોતાનો સંપૂર્ણ હિસ્સો ભારત સરકારને વેચ્યો...**

→ આ નિર્ણય વર્ષ 1998માં ગઠીત નરસિમ્હા સમિતિ–II ની ભલામણના આધારે RBI દ્વારા લેવામાં આવ્યો છે.

→ **ભલામણ :** આ સમિતિ અનુસાર RBI એવી સંસ્થાઓને (માલિકી) ખરીદી શકતુ નથી જેનુ નિયમન RBI દ્વારા સ્વયં થતુ હોય.

→ અગાઉ RBI એ નેશનલ હાઉસિંગ બેંકમાં 100% ઈકિવટી ધરાવતુ હતુ જેની 19 માર્ચ 2019 ના રોજ સંપૂર્ણ રીતે ભારત–સરકારને વહેંચણી કરવામાં આવી છે. વર્તમાનમાં ભારત સરકાર નાબાર્ડ અને NHBનો સંપૂર્ણ હિસ્સો ધરાવે છે.

❖ **ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ વ્હોટ્સએપએ ફેક ન્યૂઝ તથા અફવાઓનો સામનો કરવા માટે ટિપ લાઈન શરૂ કરી છે....**

→ વ્હોટ્સએપ યુઝર સમાચારની સત્યતા અથવા ખરાઈની તપાસ માટે મેસેજનેવ્હોટ્સએપ નંબર +91-9643-000-888 પર ફોરવર્ડ કરી શકે છે. સમાચારને બાદમાં 'સત્ય', 'અસત્ય' 'ભ્રામક', 'વિવાદીત' તથા 'ક્ષેત્રની બહાર' તરીકે શ્રેણીબદ્ધ કરી શકાશે. વ્હોટ્સએપ હિન્દી, તેલુગુ, બંગાળી, મલયાલમ અને અંગ્રેÒમાં તસવીરો, વીડિયો અથવા ટેકસ્ટની સમીક્ષા પણ કરશે. ટિપ લાઈન ફીચર વ્હોટ્સએપએ ભારતીય સ્ટાર્ટઅપ 'PROTO' સાથે મળીને લોન્ચ કરી છે. આ ફીચરથી અફવાઓ તથા અસત્ય અને બનાવટી સમાચારોનો એક ડેટાબેઝ તૈયાર કરાશે, જેથી ફેક ન્યૂઝને ઓળખવામાં તથા તેને રોકવામાં સહાયતા મળશે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **ISRO દ્વારા PSLV C – 45 સફળતાપૂર્વક અંતરીક્ષમાં પ્રક્ષેપીત કરાયું...**તાજેતરમાં ISRO (Inidan Space Research Organisation) દ્વારા આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતેથી બીજા નંબરના લોન્ચ પેડ પરથી એક ભારતીય સેટેલાઈટ (EMISAT) સમેત 28 અન્ય વિદેશી દેશોના સેટેલાઈટ ધરાવતુ રોકેટ PSLV (Polar Sattelite launch vehicle) C – 45 ને સફળતાપૂર્વક પ્રક્ષેપીત કરાયુ.

→ આ ઉડાનની સાથે PSLV નાં ચાર તબક્કા ધરાવતા મોટર સાથેના એક નવા તબક્કા PSLV-QL ની શરૂઆત કરવામાં આવી.

→ ભારતના ISRO (Indian Space Research Organisation) અને DRDO (Defence Research and Development Organisation) દ્વારા સંયુક્ત રીતે જાસુસી માટે તૈયાર કરવામાં આવેલ સેટેલાઈટ EMISAT (Electro Magnetic Intelligence Satellite) ઉપરાંત લીથુઆનીયા, સ્પેન, સ્વીટ્ઝરલેન્ડ અને અમેરિકાના કુલ 28 સેટેલાઈટ સાથે PSLV ની આ 47 મી ઉડાન હતી. જેમા દરેક સેટેલાઈટને ત્રણ અલગ અલગ ધ્રુવીય કક્ષા (ઉંચાઈ આધારીત અલગ કક્ષા)માં સફળતાપૂર્વક પ્રક્ષેપીત કરવામાં આવ્યા.

→ **PSLV C – 45 ના પ્રક્ષેપણ આધારિત કેટલાક તથ્યો નીચે મુજબ છે :**

- સૌપ્રથમ વખત PSLV દ્વારા ત્રણ અલગ અલગ કક્ષામાં સેટેલાઈટ તરતા મુકવામાં આવ્યા.
- સૌપ્રથમ વખત મુખ્ય રોકેટ જોડે અન્ય 4 સહાયક રોકેટ (Booster Rocket) નો ઉપયોગ કરવામાં આવ્યો.
- 3 કલાક સુધી અવકાશમાં ચાલનારૂ આ પ્રક્ષેપણ ISRO દ્વારા PSLV ની મદદથી કરવામાં આવેલ સૌથી લાંબુ પ્રક્ષેપણ છે.
- સૌપ્રથમ વખત PSLV ના પ્રક્ષેપણમાં ચોથા તબક્કા PS4 નો ઉપયોગ કરાયો.

| EMISAT | | |
|---|---|---|
| • Lift – off weight | : | 436 kg |
| • Altitude | : | 748 km |
| • Inclination | : | 98.376 deg |
| • Power | : | 800 W |

| Country | Satellite Name | No. of Satellites |
|---|---|---|
| Lithuania | Blue Walker 1 | 1 |
| | M6P | 1 |
| Spain | Aistechsat – 3 | 1 |
| Switzerland | Astrocast – 2 | 1 |
| USA | Flock – 4A | 20 |
| | LEMUR | 4 |

❖ **ભારત પાસે ટૂંક સમયમાં શત્રુ દેશોની સબમરીનો અને જહાજો પર અચૂક નિશાન સાધનારા અમેરિકાના MH-60 રોમિયો સીહોક હેલિકોપ્ટરો હશે....**

→ અમેરિકાના ટ્રમ્પ વહીવટીતંત્રે 2.4 અબજ ડોલર (આશરે 18,000 કરોડ રૂપિયામાં)ની અંદાજિત કિંમતે ભારતને 24 બહુઉદ્દેશીય MH-60 રોમિયો સીહોક હેલિકોપ્ટર્સના વેચાણની મંજૂરી આપી છે. ભારતને છેલ્લા દોઢેક દાયકાથી આ હેલિકોપ્ટરની જરૂર હતી. 48 વર્ષ પૂર્વે જુલાઈ 1971 માં બ્રિટિશ બનાવટના સી કિંગ હેલિકોપ્ટર સૌથી પહેલા ભારતના પ્રથમ વિમાન વાહક જહાજ INS વિક્રાંત પર ઉતર્યા હતા. હવે આ જરીપુરાણા સી કિંગ હેલિકોપ્ટરોનું સ્થાન અમેરિકાના 24 MH-60 રોમિયો સીહોક હેલિકોપ્ટરો લેશે. એક હેલિકોપ્ટરની કિંમત 742 કરોડ રૂપિયાથી વધુ છે.

⇒ MH-60 રોમિયો સીહોક હેલિકોપ્ટરને વિશ્વના સૌથી આધુનિક સમુદ્રી (દરિયાઈ) હેલિકોપ્ટર માનવામાં આવે છે.

⇒ MH-60 રોમિયો સીહોક હેલિકોપ્ટરનું નિર્માણ વિશ્વની સૌથી મોટી સંરક્ષણ ઉપકરણ / શસ્ત્ર નિર્માતા કંપનીઓ પૈકીની એક અમેરિકી કંપની લોકહીડ માર્ટિન દ્વારા કરાય છે.રોમિયો સીહોક અમેરિકાનું સૌથી એડવાન્સ્ડ એન્ટિ સબમરીન હેલિકોપ્ટર છે. સબમરીનો પર તેનું નિશાન સચોટ હોય છે.આ હેલિકોપ્ટરને જહાજ, યુદ્ધ જહાજ તથા વિમાન વાહક જહાજ વગેરે પરથી ઓપરેટ કરી શકાય છે.

⇒ હેલિકોપ્ટર MH-60 રોમિયો સીહોકની કોકપિટમાં બે કન્ટ્રોલ છે. જેનો અર્થ એ થાય છે કે જરૂર પડયે કો–પાઈલટ પણ હેલિકોપ્ટર પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી શકે છે.રોમિયો સીહોક ઉડાન ભરતી વખતે 8 મીટર પ્રતિ સેકન્ડની તોફાની રફતાર સાથે સીધા જ ઉપર જાય છે તથા મહત્તમ 267 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ઉડી શકે છે.તેની ક્ષમતા એક વખતમાં 10 ટન વજન વહન કરવાની છે.

❖ **સરકારી માલિકીની કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) એ એક વકતવ્ય જારી કરીને જણાવ્યું છે કે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (NCR)ના નિકટના શહેરોમાં સ્વચ્છ BS-VI પેટ્રોલ તથા ડિઝલનું વેચાણ શરૂ કરી દેવાયું છે.....**

→ અત્રે ઉલ્લેખનીય છે કે સંપૂર્ણ ભારતમાં એપ્રિલ 2020થી BS-VI નિયમોનું પાલન થશે. નવી દિલ્હી BS-IV બળતણમાંથી BS-VI બળતણ અપનાવનારૂં દેશનું પ્રથમ શહેર છે.

- BS-IV અને BS-VI માં મુખ્ય તફાવત સલ્ફરના પ્રમાણનો છે.

⇒ BS-IV ઈંધણમાં 50 પાર્ટ્સ પર મિલિયન (ppm) સલ્ફરનું પ્રમાણ જોવા મળે છે, જ્યારે BS-VI ઈંધણમાં માત્ર 10 ppm સલ્ફરનું પ્રમાણ હોય છે. BS-VI થી ડીઝલ કારોમાં પાર્ટિકયુલેટ મેટર (pm) ની માત્રામાં 80%નો ઘટાડો થશે.

⇒ BS-VI થી ડિઝલ કારોમાં નાઈટ્રોજન ઓકસાઈડનું પ્રમાણ 70% તથા પેટ્રોલ કારોમાં 25% સુધી ઘટી જશે.

⇒ **ભારત સ્ટેજ (BS) ઉત્સર્જન માપદંડો** : આ ભારત સરકાર દ્વારા સ્થાપિત ઉત્સર્જન માપદંડો છે. તે યુરોપિયન નિયમો પર આધારિત છે. તેનો ઉદ્દેશ વાહનો દ્વારા છોડવામાં આવતા પ્રદૂષણને નિયંત્રિત કરવાનો છે. ભારત સ્ટેજના માપદંડો તથા સમય મર્યાદા કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)

દ્વારા નક્કી કરવામાં આવે છે. આ માપદંડો દેશમાં પહેલીવાર વર્ષ 2000માં શરૂ કરાયા હતા. ભારતમાં નવા વાહનોનું ઉત્પાદન આ માપદંડોના આધારે જ થાય છે. ઓક્ટોબર 2010માં સમગ્ર દેશમાં BS-III માપદંડો લાગુ કરાયા હતા. તેવી જ રીતે એપ્રિલ 2017 માં આખા દેશમાં BS-IV અમલી બનાવાયા હતા. 2016માં સરકારે ઘોષણા કરી હતી કે દેશમાં BS-V લાગુ નહીં થાય, તેના બદલે BS-VI જ લાગુ કરાશે. ભારત સરકારની યોજના 2020થી BS-VI માપદંડો અમલી બનાવવાની છે.

❖ **કેન્દ્ર સરકારે અગાઉ દેશમાં તમામ વિદ્યુત વાહનો માટે લીલા રંગની નંબર પ્લેટ લગાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો....**

→ હવે આ પ્રસ્તાવને અમલી બનાવતા રાજ્યાના પરિવહન વિભાગોને બધા જ વિદ્યુત સંચાલિત વાહનો માટે લીલા રંગની નબંર પ્લેટ ફરજિયાત કરવાનો આદેશ કર્યો છે. પછી ભલે વીજળી સંચાલિત વાહન ગમે તે વર્ષે ખરીદાયું હોય. તેમાં લીલા રંગની નંબર પ્લેટ લગાવવી ફરજિયાત રહેશે. આ નંબર પ્લેટની પૃષ્ઠ ભૂમિ (બેક ગ્રાઉન્ડ) લીલા રંગની હશે અને વાહનનો રંગ સફેદ રંગમાં લખવાનો રહેશે.

❖ **ભારતીય હવાઈ ક્ષેત્રમાંથી પસાર થનારી એરલાઈન્સ હવે તેમના પ્રવાસીઓને બહુ ટૂંક સમયમાં મધ્યાકાશે વાઈફાઈ કનેકિટવિટી ઓફર કરી શકશે....**

→ ભારતે એક નવું ઈન–ફ્લાઈટ એન્ડ મેરીટાઈમ કનેકિટવિટી (IFMC) લાઈસન્સ મેળવી લીધું છે. વૈશ્વિક મોબાઈલ સેવાઓ આપતી એક બ્રિટિશ ટેલિકોમ્યુનિકેશન્સ સેટેલાઈટ કંપની ઈન્મારસેટ પાસેથી ભારતના સરકારી ટેલિકોમ ઓપરેટર ભારત સંચાર નિગમ લિ. (BSNL) એ આ લાઈસન્સ પ્રાપ્ત કર્યું છે. નિયમો અનુસાર, હવાઈ પ્રવાસીઓ વિમાન ભારતીય હવાઈ ક્ષેત્રમાં ઓછામાં ઓછી 3,000 મીટરની ઊંચાઈએ હોય ત્યારે ફોન કરી શકશે કે ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકશે. જેથી સ્થાનિક મોબાઈલ નેટવર્કમાં કોઈ હસ્તક્ષેપ ટાળી શકાય.

❖ **સરકારી થિંક ટેન્ક નીતિ આયોગે એક બ્રિજ કોર્સ બાદ દંત ચિકિત્સકોને જનરલ ફિઝિશિયન તરીકે પ્રેકિટસ કરવાની પરવાનગી આપવાની ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (DCI) ની દરખાસ્ત અંગે સંમતિ દર્શાવી છે....**

→ દેશમાં વિશેષ કરીને ગ્રામીણ વિસ્તારોમાં ડોકટરોની અછતને નિવારવા બિનપરંપરાગત પદ્ધતિઓ તલાશવાની વડાપ્રધાન કાર્યાલયે કરેલી હાકલ બાદ આ દરખાસ્ત કરાઈ છે. ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ ગત વર્ષે આવી જ દરખાસ્ત મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (MCI) ને પણ મોકલી હતી. જેમાં બેચલર ઓફ ડેન્ટલ સાયન્સ (BDS)ના અભ્યાસ બાદ 3 વર્ષના એક બ્રિજ કોર્સ કરવાનો રહેશે. આ બ્રિજ કોર્સમાં પ્રવેશ એક કોમન એન્ટ્રન્સ એકઝામ અથવા BDS અભ્યાસક્રમમાં મેળવેલા કુલ માર્કસના આધારે અથવા બન્નેના સંયોજનથી અપાશે.

❖ **હવામાન અંગેની માહિતી આપણી વેબસાઈટ ડોરેડોએ 27 એપ્રિલ, 2019ના જારી કરેલી વિશ્વના સૌથી ગરમ શહેરોની યાદીમાં મોટાભાગના શહેરો ભારતના છે.....**

→ વેબસાઈટ દ્વારા જારી કરાયેલી વિશ્વના સૌથી ગરમ 15 શહેરોની યાદીમાં 13 શહેરો ભારતના જ્યારે 2 સેનેગલના હતા. આ યાદીમાં 46.7 ડિગ્રી સાથે મહારાષ્ટ્રનું અકોલા ટોચના સ્થાને આવ્યું હતું. ન્યૂ કંડલા 45.2 ડિગ્રી સાથે ગુજરાતનું સૌથી ગરમ શહેર રહ્યું હતું.

❖ **આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સી (IEA) દ્વારા જારી કરાયેલા વૈશ્વિક ઊર્જા અને કાર્બન ડાયોકસાઈડ ($CO_2$) સ્ટેટસ રિપોર્ટના નિરીક્ષણો નીચે મુજબ છે.**

→ ઊર્જા માંગમાં ચીન, અમેરિકા અને ભારતનો હિસ્સો લગભગ 70% છે. ગત વર્ષે વૈશ્વિક ઊર્જા માંગ 2.3% વધી હતી.

→ ઊર્જા માંગમાં વધારાનું પ્રમુખ કારણ મજબૂત વૈશ્વિક અર્થવ્યવસ્થા, વધુ ગરમી તથા અમુક ક્ષેત્રોમાં કૂલિંગની માંગ છે.

→ પ્રાકૃતિક ગેસ પસંદગીનું બળતણ રહ્યું હતું અને ઊર્જા વપરાશમાં પ્રાકૃતિક ગેસનો હિસ્સો 45% હતો. પ્રાકૃતિક ગેસની માંગમાં વૃદ્ધિ વિશેષ કરીને અમેરિકા અને ચીનમાં હતી.

→ તમામ પ્રકારના ઈંધણો માટેની માંગમાં વધારો થયો હતો અને માંગ વૃદ્ધિના લગભગ 70% Òવાશ્મ બળતણો મારફત સંતોષવામાં આવ્યા હતા.

→ સૌર તથા પવન ઊર્જા ઉત્પાદને દ્વિઅંકી વિકાસ ઝડપ દર્શાવી હતી, જેમાં એકલ સૌર ઊર્જા ઉત્પાદનનો વિકાસ દર 31% હતો. પરંતુ વિશ્વભરમાં કોલસાના વધુ વપરાશમાં પરિણમતી ઊંચી વીજ માંગને પહોંચી વળવા તે વૃદ્ધિદર પૂરતો નથી.

→ વૈશ્વિક ઊર્જા સંબંધિત કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જન વર્ષ 2018માં 1.7% ના વધારા સાથે 33 ગીગાટનના આંકડે પહોચ્યું હતું.

→ ઊર્જા ઉત્પાદનમાં કોલસાનો ઉપયોગ 10 ગીગાટનથી અધિક વધી ગયો છે.

❖ **કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જન અંગે આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સી (IAEA) ના અહેવાલમાં નીચે મુજબના અવલોકનો કરાયા છે..**

→ વર્ષ 2018માં ભારતે 2 અબજ 29 કરોડ 90 લાખ ટન કાર્બન ડાયોકસાઈડનું ઉત્સર્જન કર્યું હતું. ગત વર્ષ કરતાં ભારતના કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જનમાં 4.8% નો વધારો નોંધાયો છે.

→ ભારતમાં અમેરિકા અને ચીનની સરખામણીમાં કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જનનો વૃદ્ધિ દર ઊંચો છે. અમેરિકા અને ચીન વિશ્વમાં કાર્બન ડાયોકસાઈડના બે સૌથી મોટા ઉત્સર્જકો છે. ભારતમાં કોલસાના બહોળા ઉપયોગને કારણે કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જનનો વિકાસ દર ઊંચો છે.

→ ભારતનું માથાદીઠ કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જન વૈશ્વિક સરેરાશના આશરે 40% છે અને વૈશ્વિક કાર્બન ડાયોકસાઈડ બોજમાં તેનું યોગદાન 7% છે, જયારે સૌથી મોટું ઉત્સર્જક અમેરિકા 14% યોગદાન માટે જવાબદાર છે.

❖ **અમેરિકાની બે સંસ્થાઓ હેલ્થ ઈફેક્ટ્સ ઈન્સ્ટિટયૂટ (HEI) તથા ઈન્સ્ટિટયૂટ ફોર હેલ્થ મેટ્રિકસ એન્ડ ઈવેલ્યૂએશન (IHME) એ તાજેતરમાં વિશ્વભરમાં વાયુની ગુણવત્તા સાથે સંબંધિત અહેવાલ જારી કર્યો છે....**

→ આ અહેવાલનું શીર્ષક 'સ્ટેટ ઓફ ગ્લોબલ એર–2019' છે. અહેવાલના તારણો અનુસાર, વિશ્વભરમાં વાયુ પ્રદૂષણથી થનારાં 50 લાખ મોતમાંથી અડધોઅડધ મૃત્યુ ચીન અને ભારતમાં થાય છે. અહેવાલમાં જણાવાયું છે કે PM 2.5 ટાઈપ 2 ડાયાબિટીસ થવાનું ત્રીજું સૌથી મોટું કારણ છે.

→ **ભારતમાં ઘરેલુ પ્રદૂષણ માટે PM 2.5 ના મુખ્ય સ્ત્રોતોમાં કન્સ્ટ્રકશન કામથી ઉડતી ધૂળ, બળતણ તરીકે લાકડાનો ઉપયોગ, ઔદ્યોગિક કારખાનાઓમાં કોલસાનો ઉપયોગ, ડીઝલ આધારિત એન્જિન તથા અન્ય અનેક કારણોનો સમાવેશ થાય છે.**

- ⇒ વર્ષ 2017માં ભારતમાં 84.60 કરોડ (60% વસ્તી) તથા ચીનમાં 45.20 કરોડ (32% વસ્તી) લોકો ઘરેલુ પ્રદૂષણના શિકાર થયા હતા.
- ⇒ ભારતમાં આરોગ્ય સંબંધી જોખમોથી થનારા મૃત્યુનું ત્રીજું સૌથી મોટું કારણ વાયુ પ્રદૂષણ અને ત્યાર પછી ધૂમ્રપાન છે.
- ⇒ વિકસિત દેશોની તુલનામાં વિકાસશીલ દેશોમાં PM 2.5 સ્તરનું ચારથી પાંચ ગણું વધુ છે.
- ⇒ 2017 માં દક્ષિણ એશિયામાં PM 2.5 સર્વાધિક હતું. આ ક્ષેત્રમાં ભૂટાનમાં PM 2.5 નું સ્તર સૌથી ઓછું છે.
- ⇒ જે 10 દેશોમાં PM 2.5 સૌથી ઓછું છે તેમાં માલદીવ, અમેરિકા, નોર્વે, એસ્ટોનિયા, આઈસલેન્ડ, કેનેડા, સ્વીડન, ન્યૂઝિલેન્ડ, બ્રુનેઈ તથા ફિનલેન્ડનો સમાવેશ થાય છે. વિશ્વભરમાં સરેરાશ વાયુ પ્રદૂષણથી સામૂહિક Ôવન આકાંક્ષા (આયુષ્ય)માં 1 વર્ષ અને 8 મહિનાનો ઘટાડો નોંધાયો છે.

❖ **સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિએ તાજેતરમાં રશિયા પાસેથી 464 જેટલી T-90 ટેન્કો ખરીદવાની મંજૂરી આપી છે.....**

→ આ ખરીદીમાં 13,000 કરોડ રૂપિયાનો ખર્ચ થશે. રશિયા સાથેના આ સંરક્ષણ સોદામાં મેક ઈન ઈન્ડિયાનો પણ સમાવશે કરાયો છે. આ ટેન્કોનું એસેમ્બલિંગ ચેન્નાઈ નÔક અવાડીમાં હેવી વેહિકલ ફેક્ટરીમાં કરાશે. આ ખરીદીથી નવી T-90 રેજિમેન્ટમાં 10 એકમોની વૃદ્ધિ થશે. આ નવી T-90 ટેન્કમાં થર્મલ ઈમેજિંગ નાઈટ સાઈટ ટેકનિક પણ ઉપલબ્ધ થશે. જેની સહાયતાથી દુશ્મનોના થાણાઓ પર રાત્રે પણ હુમલો કરી શકશે. T-90 ટેન્કોને પાકિસ્તાન સાથેની સરહદોએ તૈનાત કરાય તેવી શકયતા છે. T-90 ટેન્ક ભારતીય સૈન્ય માટે સૌથી મહત્વપૂર્ણ ટેન્ક બની ગઈ છે. તેનો ઉપયોગ હાલની T-72 તથા T-55 ટેન્કોના સ્થાને કરાશે.

❖ **ભારત સરકારે 8 સબમરીન વિરોધી યુદ્ધ સરફેસ વોટર વેસેલના નિર્માણ માટે ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) સાથે સમજૂતી કરી છે.....**

→ GRSE દ્વારા આ વોટર વેસેલનું નિર્માણ કરવું મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ માટે મહત્વનું છે. GRSE જાહેર ક્ષેત્રનું એક સંરક્ષણ એકમ છે, જે પશ્ચિમ બંગાળના કોલકાતામાં સ્થિત છે. GRSE ની સ્થાપના 1884માં હુગલી નદીના કિનારે એક નાની ખાનગી કંપની તરીકે થઈ હતી. 1960માં ભારત સરકાર દ્વારા તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું. GRSE એ મિનિરત્ન દરજ્જો પ્રાપ્ત કરેલો છે જે 100 યુદ્ધ જહાજ બનાવનારું ભારતનું પ્રથમ શિપયાર્ડ છે.

→ સરકારી કંપની ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) 100 યુદ્ધ જહાજનું નિર્માણ તથા ડિલિવરી કરનારૂં પહેલું ભારતીય શિપયાર્ડ બન્યું છે.

→ GRSE દ્વારા નિર્મિત 100મું યુદ્ધ જહાજ IN LCU L-56 છે જેને ભારતીય નૌકાદળને સોંપી દેવાયું છે. GRSE એ 99મું યુદ્ધ જહાજ ICGS પ્રિયદર્શિની ભારતીય તટરક્ષક દળ (ICG) ને સુપ્રત કર્યું હતું.

❖ **ભારત અને ફ્રાન્સ ગોવાના સમુદ્ર કિનારે મે મહિનાના આરંભે તેઓની અત્યારસુધીની સૌથી મોટી નૌકાદળ કવાયત 'વરૂણ' યોજશે..**

→ ભારત આ યુદ્ધાભ્યાસમાં તેનું વિમાનવાહક જહાજ INS વિક્રમાદિત્ય તેના MiG-29K યુદ્ધ વિમાનો સાથે ઉતારશે જ્યારે ફ્રાન્સનું પ્રતિનિધિત્વ તેનું વિમાનવાહક જહાજ FNS ચાર્લ્સ દ ગોલ અને તેના રાફેલ–M નૌકાદળ જેટ વિમાનો કરશે.

❖ **નૌકાદળના વડા એડમિરલ સુનીલ લાંબાએ તાજેતરમાં નવી દિલ્હી ખાતે અત્યાધુનિક વર્ચ્યુઅલ રિયાલિટી સેન્ટર (VRC) નું ઉદ્‌ઘાટન કર્યું હતું.....**

→ આ વર્ચ્યુઅલ રિયાલિટી સેન્ટર નૌકાદળની સ્વદેશી યુદ્ધ જહાજ ડિઝાઈન કરવાની ક્ષમતાઓમાં મોટું બળ પૂરું પાડશે તેવી અપેક્ષા છે. આ VRC ડિરેક્ટોરેટ ઓફ નેવલ ડિઝાઈન (સરફેસ શિપ ગ્રૂપ) ખાતે નિર્માણ પામ્યું છે. તે ભારત સરકારની મેક ઈન ઈન્ડિયા પહેલ અંતર્ગત યુદ્ધ જહાજના નિર્માણમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપશે.

❖ **લંગકાવી ઈન્ટરનેશનલ મેરીટાઈમ એરોસ્પેસ એક્ઝિબિશન 2019 (LIMA 2019) મેરીટાઈમ અને એરોસ્પેસ એક્ઝિબિશનની 15મી આવૃત્તિ છે.....**

→ જેનું આયોજન તાજેતરમાં મલેશિયાના લંગકાવી ખાતે થયું હતું. LIMA 2019નું ઉદ્‌ઘાટન મલેશિયાના વડાપ્રધાન મહાતિર બિન મોહમ્મદે કર્યું હતું. ભારતીય વાયુસેનાએ આ મેરીટાઈમ એન્ડ એરોએક્સપોમાં પ્રથમવાર ભાગ લીધો હતો.

- ⇒ 1991માં શરૂઆત બાદ LIMA દર બે વર્ષે યોજાય છે અને તે એશિયા પ્રશાંતમાં તેના પ્રકારનો સૌથી મોટો શો છે.
- ⇒ INS કદમત્ત અને ભારતના સ્વદેશી સુપરસોનિક ફાઈટર જેટ તેજસે LIMA 2019માં ભાગ લીધો હતો. INS કદમત્ત ભારતીય નૌકાદળની સ્વદેશી બનાવટની સ્ટીલ્થ સબમરીન વિરોધી યુદ્ધ કોર્વેટ છે. INS કદમત્ત અત્યાધુનિક શસ્ત્રો, સેન્સર્સ અને મશીનરીની સુસજ્જ છે અને તેમાં સીકિંગ સબમરીન વિરોધી હેલિકોપ્ટર પણ લઈ જઈ શકાય છે.
- ⇒ ભારતના સ્વદેશી સુપરસોનિક ફાઈટર જેટ તેજસનું ઉત્પાદન હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ. (HAL) દ્વારા કરવામાં આવે છે તથા ભારતીય વાયુદળ અને ભારતીય નૌકાદળ માટે તેજસની ડિઝાઈન એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી (ADA) એ બનાવી છે.

❖ **ઈન્ડિયન કોસ્ટગાર્ડના C-441 વેસલને કેરળના તિરુવનંતપુરમના વિઝિન્જમ બંદરેથી કમિશન કરવામાં આવ્યું છે.....**

→ જેને લાર્સન એન્ડ ટુબ્રો દ્વારા બનાવવામાં આવ્યું છે. જેની ઝડપ 45 નોટ (83 કિ.મી./કલાક) છે.

→ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ ભારતની દરિયાઈ સીમાઓને સુરક્ષિત રાખે છે જેની સ્થાપના 1978માં થઈ હતી. તેનું વડુમથક નવી દિલ્હીમાં છે તથા તેનું ધ્યેય વાકય ' વયમ્ રક્ષામઃ' છે. ઈન્ડિયન કોસ્ટગાર્ડમાં 175 વેસલ અને 44 એરકાફ્ટ છે.

❖ **નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) એ દેશભરના 350 થી અધિક નદી વિસ્તારોને પ્રદૂષણ મુકત બનાવવા રાષ્ટ્રીય યોજના તૈયાર કરવા અને તેને અમલમાં મૂકવા એક સેન્ટ્રલ મોનિટરિંગ કમિટી (કેન્દ્રીય દેખરેખ સમિતિ) રચી છે.**

→ આ સમિતિમાં નીતિ આયોગના પ્રતિનિધિઓ, જળસંસાધન મંત્રાલય, શહેરી વિકાસ મંત્રાલય તથા પર્યાવરણ મંત્રાલયના સચિવો, નેશનલ મિશન ફોર કલીન ગંગાના ડાયરેકટર જનરલ અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેનનો સમાવેશ કરાશે.

→ સમિતિ રાજ્યોની નદી કાયાકલ્પ સમિતિઓ સાથે સંકલન કરશે અને પગલાં યોજનાઓના અમલ પર દેખરેખ રાખશે.

→ રાજ્ય સ્તરે રાજ્યોના મુખ્ય સચિવો નોડલ એજન્સી હશે.

For Free Weekly and Monthly Current Affairs & Material Join Our Telegram Channel
For Mock Test &Books Materials: https://www.bankingacademy.co.in/books-materials Follow us:Facebook , Twitter , Instagram

❖ **તાજેતરમાં રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમના અમલીકરણ માટે સમિતિની રચના કરવામાં આવી છે, જેના અધ્યક્ષ પદે કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયના સચિવ હશે.....**

→ જે સમિતિના અન્ય સભ્યોમાં થર્મલના સંયુકત સચિવ, ઊર્જા મંત્રાલયના સંયુકત સચિવ, TERI (ધ એનર્જી એન્ડ રિસોર્સિસ ઈન્સ્ટિટ્યૂટ) ના ડિરેક્ટર જનરલ તથા IIT કાનપુરના પ્રોફેસર સચિદાનંદ ત્રિપાઠી હશે.

- **રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ વિશે :**

⇒ તે એક પંચવર્ષીય કાર્યક્રમ છે જેના દ્વારા PM 10 અને PM 2.5 માં 2024 સુધીમાં 20 થી 30 ટકાનો ઘટાડો કરવામાં આવશે. જે માટે 2017ને આધાર વર્ષ તરીકે પસંદ કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમમાં 23 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 102 નોન એટેઈન્મેન્ટ શહેરોનો સમાવેશ કરવામાં આવેલો છે. આ 102 શહેરોની પસંદગી કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ વર્ષ 2011 થી 2015 વચ્ચેની વાયુ ગુણવત્તાના આધારે કરી હતી. આ કાર્યક્રમ હેઠળ ભારત સરકારે દેશભરમાં વાયુ ગુણવત્તાના માપન માટે એક મોનિટરિંગ નેટવર્કને ફેલાવવાનું નક્કી કરેલું છે.

⇒ પર્યાવરણ મંત્રાલયની આ સર્વોચ્ચ સમિતિ સમયાંતરે પ્રદૂષણના કારણોની સમીક્ષા કરશે અને તેના આધારે દરેક શહેર માટે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવશે. રાજ્ય સરકારોએ પાયાગત બાબતો પર ધ્યાન આપવું પડશે અને BS-VI નિયમોનું કડકાઈથી પાલન કરવું પડશે. રાજ્યોએ પોતાના સ્તરે જાહેર પરિવહનમાં વધારો થાય તેવા પગલાં લેવાના રહેશે. આ કાર્યક્રમ રાજ્યો માટે બંધન કર્તા નથી પરંતુ પર્યાવરણવિદોના મત અનુસાર રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ કાયદાકીય રૂપે રાજ્યો માટે બંધનકર્તા હોવો જોઈએ.

- **નોન એટેઈન્મેન્ટ શહેરો :**

⇒ જે શહેરોમાં રાષ્ટ્રીય ધારાધોરણ મુજબ વાયુ ગુણવત્તા સતત ખરાબ રહે છે તેને આ યાદીમાં સામેલ કરવામાં આવે છે. જેમાં દિલ્હી, વારાણસી, ભોપાલ, કોલકાતા, નોઈડા, મુઝફ્ફરપુર, મુંબઈ જેવા મોટા શહેરોનો સમાવેશ થાય છે.

❖ **કેંડિડા ઓરિસ (Candida Auris) નામના ફંગસ ચેપે છેલ્લા 5 વર્ષોમાં સમગ્ર વિશ્વમાં આતંક મચાવ્યો છે.....**

→ આ ફંગસે દવાઓ વિરુદ્ધ પ્રતિરક્ષા વિકસિત કરી લીધા છે. આ ફંગસ સૌપ્રથમ વર્ષ 2009માં જાપાનના એક દર્દીમાં જોવા મળ્યો હતો. પરંતુ હવે ભારત, પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા અને અમેરિકા પણ તેની ચપેટમાં આવી ગયા છે. આ ફંગસ નબળી રોગપ્રતિકારક પ્રણાલી ધરાવતા લોકો પર હુમલો કરે છે. બીમાર વૃદ્ધો વધુ પ્રમાણમાં તેના શિકાર બની જાય છે. માનવીના લોહીમાં એકવાર પ્રવેશી ગયા બાદ આ ફંગસનો ચેપ ખૂબ ખતરનાક બની જાય છે અને તેનાથી માણસનો જીવ પણ જઈ શકે છે.

❖ **ચીને તાજેતરમાં મરીન લિઝાર્ડ નામની વિશ્વની પ્રથમ એમ્ફિબિયસ (જળ અને સ્થળ બન્ને પર કામ આપે તેવી) ડ્રોન એટેક બોટ બનાવી છે....**

→ મરીન લિઝાર્ડનું નિર્માણ વુચેંગ શિપબિલ્ડિંગ ઈન્ડસ્ટ્રી ગ્રૂપ દ્વારા ચાઈના શિપબિલ્ડીંગ ઈન્ડસ્ટ્રી કોર્પોરેશન (CSIC) અંતર્ગત કરાયું છે. એમ્ફિબિયસ ડ્રોન એટેક બોટનો ઉપયોગ જમીન અને સમુદ્ર એમ બન્ને સ્થળોએ હુમલા માટે કરી શકાશે.

❖ **તાજેતરમાં અમેરિકાની કમ્પ્યૂટર અને નેટવર્ક સિક્યુરિટી કંપની RSA સિક્યુરિટી દ્વારા સાયબર ક્રાઈમ રિપોર્ટ–2019 જાહેર થયો છે જે મુજબ 2018માં સોશિયલ ફ્રોડમાં 43 ટકાની વૃદ્ધિ થયેલી છે.....**

⇒ **નેશનલ સાયબર કોઓર્ડિનેશન સેન્ટર** (NCCC) ભારતીય ઓપરેશનલ સાયબર સિક્યુરિટી તથા ઈ–સર્વેલન્સ એજન્સી છે, જે ઈન્ટેલિજન્સ એજન્સીઓ સાથે મળીને કાર્ય કરે છે. NCCC રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય હેઠળ સાયબર સુરક્ષાની બાબતો માટે રાષ્ટ્રીય સ્તરે વિવિધ એજન્સીઓ સાથે સમન્વય કરે છે. ભારત સરકાર દ્વારા IT એક્ટ, 2000 લાગુ થવાના કારણે સાયબર ક્રાઈમને ડામવામાં અનેકગણી મદદ મળી છે. ભારત સરકારે નેશનલ ક્રિટિકલ ઈન્ફર્મેશન ઈન્ફ્રાસ્ટ્રચર પ્રોટેકશન સેન્ટર (NCIIPC)ની પણ સ્થાપના કરેલી છે. ભારત સરકારે નાગરિકો, વ્યાપારીઓને યોગ્ય સાયબર સ્પેસ આપવા રાષ્ટ્રીય સાયબર સુરક્ષા નીતિ–2013નું પણ નિર્માણ કરેલું છે.

❖ **મોરક્કો અને અમેરિકા વચ્ચે 16 માર્ચથી 7 એપ્રિલ, 2019 સુધી આફ્રિકન લાયન 2019 યુદ્ધ અભ્યાસનું આયોજન કરાયું હતું....**

→ અગાદિર, તિફનિત, તાન–તાન, ટાટા તથા બેન ગુઈરીર નામના વિસ્તારોમાં આ કવાયતનું આયોજન કરાયું હતું. આફ્રિકન લાયન 2019માં હજારો સૈનિકોએ ભાગ લીધો હતો. આ સંયુકત વાર્ષિક અભ્યાસમાં વિવિધ પ્રકારની તાલીમ પર ભાર મૂકાયો હતો. આતંકવાદનો મુકાબલો કરવાનો અભ્યાસ પણ તેમાં હાથ ધરાયો હતો.

❖ **દેશના સૌથી મોટા વિમાનવાહક યુદ્ધ જહાજ INS વિક્રમાદિત્યમાં 26 એપ્રિલ, 2019ના આગ લાગી ગઈ હતી....**

→ આગ બુઝાવવા દરમિયાન ધુમાડાને લીધે બેભાન થયેલા નૌકાદળના અધિકારી લેફ્ટેનન્ટ કમાન્ડર ડી.એસ.ચૌહાણનું મૃત્યુ થયું હતું. જહાજ કર્ણાટકના કારવાડ બંદરે પહોંચ્યું ત્યારે આગ લાગી હતી.

❖ **રશિયાએ વિશ્વના પ્રથમ તરતા પરમાણુ ઊર્જાના પ્લાન્ટ એકેડમિક લોમોનોસોવની ટ્રાયલ પૂર્ણ કરી હતી....**

→ આ પ્લાન્ટ રશિયાની સરકારી પરમાણુ ઊર્જા પેઢી રોસ્તોમ દ્વારા નિર્માણ પામ્યો છે. આ પ્લાન્ટને વિશ્વના સૌથી સુરક્ષિત પરમાણુ પ્લાન્ટમાંનો એક મનાય છે. આ પ્લાન્ટનો ઉપયોગ આર્કટિક ક્ષેત્રોમાં તેલ ઉત્પાદન કરતા વિશાળ પ્લાન્ટને ઊર્જા પ્રદાન કરવા માટે થશે.

❖ **તાજેતરમાં સેમસંગ ઈલેકટ્રોનિકસે ગેલેકસી S10 5G ફોન દક્ષિણ કોરિયામાં લોન્ચ કર્યો છે.....**

→ આ 5G સંચાર વ્યવસ્થાયુકત વિશ્વનો પ્રથમ સ્માર્ટફોન છે.

❖ **તાજેતરમાં IIT મદ્રાસના વૈજ્ઞાનિકોએ પ્રો.વી.નિવાસ ચક્રવર્તીની અધ્યક્ષતામાં ભારતી લિપિ માટે આસાન એવી ઓપ્ટિકલ કેરેક્ટર રેકગ્નિશન (OCR), સિસ્ટમનો વિકાસ કર્યો....**

→ જે સિસ્ટમની મદદથી ભારતીય ભાષામાં લખાયેલા દસ્તાવેજ/ડોકયુમેન્ટને કમ્પ્યૂટર વાંચી શકશે.

⇒ OCR કોઈ ડોકયુમેન્ટને ટેકસ્ટ અથવા નોન ટેકસ્ટ ડોકયુમેન્ટમાં વિભાજિત કરશે. ત્યારબાદ ટેકસ્ટને પેરેગ્રાફ, વાકય, શબ્દ તથા વર્ણમાં વિભાજિત કરશે પછી દરેક વર્ણ કે અક્ષરને ASCII અથવા UNICODE માં દર્શાવવામાં આવશે.

❖ **અમેરિકાની વિશ્વખ્યાત અવકાશ સંશોધન સંસ્થા નાસાએ તૈયાર કરેલા માર્સ હેલિકોપ્ટરનું ઉડ્ડયન પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ થયું છે...**

→ પાતળા અને ઓછું ગુરુત્વાકર્ષણ ધરાવતા વાતાવરણમાં ઉડી શકે તેવી રીતે તૈયાર કરાયેલા આ હેલિકોપ્ટરને 'માર્સ–2020 રોવર' નામના અવકાશયાનમાં મૂકવામાં આવશે. આ અંતરિક્ષયાન ફેબ્રુઆરી 2021માં મંગળની સપાટી પર પહોંચશે અને મંગળના વાતાવરણમાં પહોંચ્યા બાદ હેલિકોપ્ટરને અંતરિક્ષયાનમાંથી બહાર છૂટું મૂકવામાં આવશે. રાતા ગ્રહ મંગળ પર પૃથ્વી પરના ગુરુત્વાકર્ષણના બે તૃતિયાંશ ભાગ જેટલું ગુરુત્વાકર્ષણ છે. તેથી હેલિકોપ્ટરને ઉપરથી ખેંચે તે પ્રકારનું મોટરાઈઝ્ડ લેનયાર્ડ નામનું મશીન ગોઠવી હેલિકોપ્ટર માટે ઓછું ગુરુત્વાકર્ષણ સર્જવામાં આવ્યું હતું.

❖ **નાસાના TESS (ટ્રાન્ઝિટિંગ એક્સોપ્લાનેટ સર્વે સેટેલાઈટ) મિશને તાજેતરમાં સૌરમંડળની બહાર પૃથ્વીના આકારનો તેનો પ્રથમ ગ્રહ શોધી કાઢયો છે.....**

→ આ ગ્રહ ધરતીથી 53 પ્રકાશવર્ષ દૂર સ્થિત એક તારાની પ્રદક્ષિણા કરી રહ્યો છે. વૈજ્ઞાનિકોનું માનવું એવું છે કે HD 21749C નામનો આ ગ્રહ તેના તારાની ખૂબ નÒકથી પરિક્મા કરી રહ્યો હોવાથી માણસો માટે તે વસવાટ યોગ્ય નહીં હોય.

❖ **નાસાના અંતરિક્ષયાત્રી ક્રિસ્ટિના કોચ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) માં તેમનું મિશન 328 દિવસ સુધી લંબાવવા જઈ રહ્યા છે....**

→ જેનાથી એક મહિલા દ્વારા સૌથી લાંબા સમય સુધી અંતરિક્ષમાં રહેવાનો વિક્રમ સ્થપાશે. 14 માર્ચ, 2019ના આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ મથક (ISS) પર આવી પહોંચેલા ક્રિસ્ટિના કોચ ફેબ્રુઆરી, 2020 સુધી ત્યાં રોકાઈને નાસાના પૂર્વ મહિલા અવકાશયાત્રી પેગી વ્હિટસને 2016-17માં નોંધાવેલો 288 દિવસ ISSમાં રહેવાનો રેકોર્ડ તોડશે.

❖ **જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી (JAXA) તથા યુરોપિયન સ્પેસ એજન્સી દ્વારા બુધ ગ્રહની યાત્રા માટે તૈયાર કરાયેલું છે...**

→ બેપીકોલંબોને ફ્રેન્ચ ગુયાનાથી પ્રક્ષેપિત કરવામાં આવ્યું હતું. આ અંતરિક્ષયાન 7 વર્ષ પછી બુધ ગ્રહ સુધી પહોંચશે અને બુધ ગ્રહની પરિક્મા કરશે. આ મિશનનો અંદાજિત ખર્ચ 2 અબજ ડોલર છે. બેપીકોલંબો મિશનને એરિયન 5 રોકેટની મદદથી લોન્ચ કરાયું હતું.

→ નાસા દ્વારા પણ બુધ ગ્રહના અભ્યાસ માટે મેસેન્જર નામક યાન મોકલાયું હતું જેણે 4 વર્ષ કાર્ય કરી 2015માં તે મિશનને સમાપ્ત જાહેર કરાયું હતું.

❖ **ઉત્તરપ્રદેશના ઝાંસીની બબીના છાવણી ખાતે ભારત અને સિંગાપુર વચ્ચે "Bold KURUKSHETRA 2019" સંયુક્ત સૈન્ય કવાયતની 12મી આવૃત્તિનુ આયોજન કરવામાં આવ્યુ...**

→ ચાર દિવસીય આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ લશ્કરી તકનીક અને સલામતી વધારવાનો તેમજ રાષ્ટ્રોને આતંકવાદ સામે લડવા પ્રોત્સાહન આપવાનો છે.

**નોંધ :**પ્રથમ Bold KURUKSHETRA કવાયતનું આયોજન વર્ષ 2012 માં બબીના છાવણી ખાતે જ કરવામાં આવ્યુ હતું.

❖ **અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસાએ ઘોષણા કરી છે કે ખાનગી અંતરિક્ષ કંપની સ્પેસએક્સ લઘુગ્રહ સાથે અંતરિક્ષયાનને અથડાવવા માટે તેનું મિશન લોન્ચ કરશે.....**

→ આ માટે સ્પેસએક્સ ડબલ એસ્ટેરોઈડ રિડાયરેક્શન ટેસ્ટ (DART) ગ્રહ સુરક્ષા મિશન લોન્ચ કરશે. આ મિશનનો અંદાજિત ખર્ચ લગભગ 69 મિલિયન ડોલર આવશે.

⇒ DART એક પ્રસ્તાવિત મિશન છે, તેનો ઉદ્દેશ ગ્રહના સંરક્ષણ માટે અંતરિક્ષયાનની લઘુગ્રહ સાથેની ટક્કરની અસરોને પ્રદર્શિત કરવાનો છે.

⇒ DART પ્લેનેટરી સંરક્ષણ મિશનને જૂન 2021માં કેલિફોર્નિયાના વાન્ડેનબર્ગ એર ફોર્સ બેઝ પરથી ફાલ્કન 9 રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવશે.

⇒ અંતરિક્ષયાન ઓક્ટોબર 2022માં પૃથ્વીથી આશરે 40 લાખ માઈલ્સ દૂર સ્થિત પૃથ્વી નÒકના લઘુગ્રહ ડિડીમોસના 540 ફૂટ પહોળા ઉપગ્રહ ડિડીમૂન સાથે અથડાશે. DART કોઈ લઘુગ્રહ પર વિસ્ફોટ કરનારું પ્રથમ અંતરિક્ષયાન નહીં હોય. તાજેતરમાં જાપાનના હાયાબુસા 2 સ્પેસક્રાફ્ટે રયુગુ નામના લઘુગ્રહ પર વિસ્ફોટ કર્યો હતો.

❖ **ઈઝરાયેલની તેલઅવીવ યુનિવર્સિટીના સંશોધકોએ દર્દીના પોતાના કોષો અને જૈવિક સામગ્રીઓનો ઉપયોગ કરીને વિશ્વના પ્રથમ 3D હૃદયનું નિર્માણ કર્યું છે....**

→ પ્રક્રિયા દરમિયાન દર્દીના જૈવિક પદાર્થોએ બાયો–ઈન્ક (3D અવેÒ) નું કામ કર્યું હતું. આ હૃદય એક સસલાના હૃદય જેટલું મોટું છે.

❖ **ભારતીય માલિકીની ઈટાલિયન કંપની પિનિનફરીનાએ વિશ્વની સૌથી ઝડપી ઈલેક્ટ્રિક કાર લોન્ચ કરી છે....**

→ જેને 'બતિસ્તા' નામ આપવામાં આવ્યું છે. આ કારની ઈલેક્ટ્રિક મોટર 1900 હોર્સપાવરનું બળ ઉત્પન્ન કરી શકે છે. 'બતિસ્તા' બે સેકન્ડમાં 60 માઈલ પ્રતિ કલાક (97 કિલોમીટર પ્રતિ કલાક) ની ગતિ હાંસલ કરી શકે છે. તેની મહત્તમ ઝડપ 349 કિ.મી. પ્રતિ કલાક છે.

⇒ પિનિનફરીનાને ભારતીય કંપની મહિન્દ્રાએ 14 ડિસેમ્બર, 2015ના ખરીદી હતી. તેનું વડુમથક ઈટાલીના તૂરિનમાં છે. આ કંપનીની સ્થાપના 1930માં બતિસ્તા પિનિનફરીનાએ કરી હતી.

❖ **કોષીય અને પરમાણ્વીય Òવ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા એક વિશેષ પાચક રસ "મુરીન એન્ડોપેપ્ટીડાઈઝ કે" ની શોધ કરવામાં આવી...**

તાજેતરમાં કોષીય અને પરમાણ્વીય Òવ વિજ્ઞાન કેન્દ્ર (CCMB – Center for Cellular of Molecular Biology) દ્વારા એક વિશેષ પાચક રસ sEnzyme) "મુરીન એન્ડોપેપ્ટીડાઈઝ કે" (Murein Endopeptidiase K) ની શોધ કરવામાં આવી.

→ આ પાચક રસ જે તે બેક્ટેરીયાની કોષ દિવાલને તોડવામાં (પચાવવામાં) સક્ષમ છે, જેના લીધે બેક્ટેરીયા પ્રતિકારક દવાઓ(Antibiotics)વધુ અસરકારક બનશે.

→ સામાન્ય રીતે હાલમાં દરેક પ્રકારની બેક્ટેરિયા પ્રતિકારક દવાઓ ઉપલબ્ધ છે. પરંતુ બેક્ટેરીયા સામે દવાની ઘટતી જતી અસરકારકતા વર્તમાનની મુખ્ય સમસ્યા છે, જે બેક્ટેરિયાની વધુ મજબુત થતી જતી કોષ દિવાલને આભારી છે.જેના પરિણામે સામાન્ય રોગ પણ વધુ પીડાદાયક બને છે.

→ નવા શોધાયેલ આ પાચકરસ દ્વારા જેતે બેક્ટેરિયાની કોષ દિવાલને તોડવી વધુ સરળ બનશે જેના પરીણામે દવાઓ વધુ કાર્યક્ષમ બનશે.

⇒ CCMB એ હૈદરાબાદમાં સ્થિત અને Òવવિકાસશાસ્ત્ર ક્ષેત્રે સંશોધન કાર્ય કરતી સંસ્થા છે. ભારત સરકાર અંતર્ગતની સ્વતંત્ર સંસ્થા વૈજ્ઞાનિક અને ઔદ્યોગીક સંશોધન પરીષદ (CSIR – Council of Scientific and Industrial Research) અંતર્ગત કાર્ય કરતી CCMB ને સંયુક્ત રાષ્ટ્રની શૈક્ષણિક, વૈજ્ઞાનિક

અને સાંસ્કૃતિક સંસ્થા (UNESCO – United Nations Educational Scientific & Cultural Organisation) નો "શ્રેષ્ઠતા કેન્દ્ર" (Centre of Exellence) નો દરજ્જો પોતાના ઉત્કૃષ્ટ કાર્ય બદલ આપવામાં આવેલ છે.

❖ **તાજેતરમાં ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય અંતર્ગત કાર્ય કરતી સંસ્થા કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (Central Pollution Control Board) દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ કેરળમાં પેરીયાર નદી પેથાલમ પાસે રંગહિન (Decolorisation) થઈ રહી છે.**

→ CPCB અનુસાર પેરીયાર નદીનું રંગહિન અથવા રંગ ગુમાવવા પાછળનું કારણ યુટ્રોફિકેશન (Eutrophication) ને ગણવામાં આવે છે.

→ પેરિયાર નદી કોચી શહેર અને તેની આસપાસ પીવાનું પાણી પૂરૂ પાડે છે આમ કેરળ સરકાર અને પેરિયાર નદીની આસપાસ તેના પર નિર્ભર રહેલા લોકો માટે પેરિયાર નદીનો રંગ ગુમાવવો (Decolourise) એક સમસ્યારૂપ છે.

→ તે ઘણા સ્થળો પર ઘેરા કાળા રંગમાં બદલાઈ રહી છે તથા પેથાલમ પાસે તે સફેદ રંગમાં પરિવર્તિત થઈ રહી છે.

❖ **સ્કોટલેન્ડની યુનિવર્સિટી ઓફ એડીનબર્ગ (University of Edinburgh)ના વૈજ્ઞાનિકો દ્વારા શક્તિશાળી કમ્પ્યુટર સિમ્યુલેશનની મદદથી પદાર્થની અવસ્થાના એક નવા સ્વરૂપ "CHAIN-MELTED" ની શોધ કરવામાં આવી છે.**

➞ આ અવસ્થામાં પરમાણુઓ એકજ સમયે ઘન અને પ્રવાહી એમ બન્ને અવસ્થાઓ ધરાવતાં હોય છે.

➞ વૈજ્ઞાનિકો અનુસાર પોટેશિયમને જ્યારે અત્યંત ઉચ્ચ દબાણ અને તાપમાનની અસર હેઠળ રાખવામાં આવે ત્યારે તેમાં મોટાભાગના પરમાણુઓનું એક જૂથ જાળી રૂપી માળખામાં (Lattice Structure)ગોઠવાયેલા હોય છે જ્યારે તેજ દ્રવ્ય જથ્થાના પરમાણુંઓનું બીજુ જૂથ પ્રવાહી વ્યવસ્થામાં ગોઠવાયેલું હોય છે. વૈજ્ઞાનિકો અનુસાર આ એક સ્પ્રોન્જની માફક કાર્ય કરે છે જેણે પાણીને શોષેલું છે અને તેમાંથી પાણી ટકવાની પ્રક્રિયા થાય છે.

➞ અંદાÕત અડધો ડઝન જેટલા સોડિયમ અને બિસ્મથ જેવા તત્વો આ નવી શોધાયેલી અવસ્થા મેળવવા માટે સક્ષમ છે.

→ આ અગાઉ પદાર્થની 5 અવસ્થા ઘન, પ્રવાહી, વાયુ, પ્લાઝમા (Plasma) અને બોઝ આઈનસ્ટાઈન કંડેનસેટ (Bose – Einstein Condensates) જાણીતા છે જેમાં હવે છઠ્ઠુ સ્વરૂપ ચેઈન–મેલ્ટેડ (Chain Melted) નવું ઉમેરાયું છે.

❖ **ચીનમાં મંગળની સપાટીનો અનુભવ....**

→ ચીનના કિંચાઈ પ્રાન્તના જાણીતા ગોબી રણપ્રદેશમાં મંગળની સપાટીનો અનુભવ થાય તેઓ અનોખો મોક માર્સ બેઝ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો . આ વિસ્તાર ગાંસુ પ્રાન્તના બેરેન હેલ્સથી ઘેરાયેલો છે. લગભગ 53,000 ચોરસ મીટરમાં છવાયેલા આ કેમ્પને માર્સ કેમ્પ નામ આપવામાં આવ્યું છે.

→ આ કેમ્પ આવતાં વર્ષથી દુનિયાભરના પર્યટકો માટે ખુલ્લો મુકવાનું આયોજન કરવામાં આવશે. અહીં આવનારા સહેલાણીઓ રાતા ગ્રહનો અનુભવ લેવા સાથે જ તેના વિશે માહિતી પણ મેળવી શકશે. ચીનની સ્પેસ એજન્સીનું માનવું છે કે આવનારા સમયમાં આ કેમ્પ સંશોધકો માટે મહત્વનું કેન્દ્ર બની જશે.

→ ચીન એ 2016માં તેના 2020 માર્સ મિશન – 'માર્સ વિલેજ'ની જાહેરાત કરી હતી. જે અંતર્ગત તે 2020 સુધીના માનવરહિત યાન મોકલવાની તૈયારીમાં છે.

❖ **ખગોળવિજ્ઞાનના ઈતિહાસમાં સૌપ્રથમ વખત 'બ્લેકહોલ'ની વાસ્તવિક તસ્વીર લેવામાં સફળતા મળી...**

→ આ સંશોધનની વિગતો 'એસ્ટ્રોફિઝિકલ જર્નલ'માં રજુ થઈ.

→ કોઈ એક ટેલિસ્કોપની મદદથી બ્લેકહોલની તસ્વીર લેવાનું શક્ય ન હોવાથી વિશ્વમાં જુદા–જુદા સ્થળોએ આવેલા 8 ટેલિસ્કોપની મદદથી સંયુક્ત રીતે આ બ્લેકહોલનો અભ્યાસ કરવામાં આવ્યો આ 8 ટેલિસ્કોપ હવાઈ ટાપુ, એરિઝોના, સ્પેન, મેકિસકો, ચીલી, એન્ટાર્કટીકા, કેલિફોર્નિયા, ફ્રાન્સ અને ગ્રીનલેન્ડમાં સ્થિત છે.આ સંયુક્ત સંશોધન અભ્યાસ Event horizon telescope (EHT) Collaboration નામના પ્રોજેક્ટ અંતર્ગત સફળ બન્યું.

→ ખગોળવૈજ્ઞાનિકોએ જે બ્લેકહોલની તસ્વીર લીધી છે તે 'M-87' અથવા તો 'મેસિયર–87' નામની આકાશગંગાના કેન્દ્રમાં આવેલો છે. આ બ્લેકહોલની પહોળાઈ આશરે 40 અબજ કિલોમીટર છે અને પૃથ્વીથી તેનુ અંતર આશરે 5000 અબજ કિલોમીટર છે.

- **કૃષ્ણ વીવર (Black hole)**

⇒ બ્લેક હોલ અવકાશમાં આવેલુ એવુ ક્ષેત્ર છે જેનુ ગુરુત્વાકર્ષણ બળ પ્રમાણમાં ખૂબ જ પ્રબળ છે. એ ક્ષેત્રમાં પ્રકાશના કિરણો પણ અંદર ખેંચાઈ જતા હોવાથી અંધકાર પથરાયેલો રહે છે. પ્રકાશના કિરણો પરાવર્તિત ન થતા હોવાથી બ્લેકહોલને જોઈ શકવો અશકય છે પરંતુ બ્લેકહોલના નÕકના તારા અને અવકાશી પદાર્થોનું અવલોકન કરીને બ્લેકહોલની સ્થિતિ જાણી શકાય છે.

⇒ બ્લેકહોલને મળતો સૌપ્રથમ વિચાર આલ્બર્ટ આઈન્સ્ટાઈન દ્વારા તેના સાપેક્ષવાદના સિદ્ધાંતને અનુરૂપ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં તેઓ એ "અવકાશીસમય (સ્પેસટાઈમ)" ની વ્યાખ્યા આપી છે.

⇒ વર્ષ 1971માં અમેરિકન ભૌતિક શાસ્ત્રી જ્હોન વ્હીલર દ્વારા 'બ્લેકહોલ' શબ્દ આપવામાં આવ્યો.

⇒ અવકાશી વિજ્ઞાનમાં રૂચિ ધરાવતા ઈંગ્લેન્ડના વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગે બ્લેકહોલ માંથી રેડિયેશન બહાર નીકળે છે એવી માહિતી આપી હતી જેને 'હોકિંગ રેડિયેશન' તરીકે ઓળખાય છે.

❖ **જળવાયુ પ્રત્યેની સક્રિયતાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને 1 થી 3 એપ્રિલ, 2019 નાં રોજ ડેન્માર્કનાં કોપનહેગન ખાતે વૈશ્વિક વિશેષજ્ઞો તથા અગ્રણી નેતાઓની એક બેઠકનું આયોજન કરાયું હતું...**

→ આ બેઠકમાં સૌથી અગત્યની ચર્ચાનો મુદ્દો પેરિસ જળવાયુ પરિવર્તન કરારનાં લક્ષ્યાંકને વૈશ્વિક પ્રયાસો દ્વારા પ્રાપ્ત કરવા ઉપરાંત ટકાઉ વિકાસ લક્ષ્યો (Sustainable Development Goals – SDG) ને પૂર્ણ કરીને લોકોનાં Õવનધોરણમાં સુધારો કરવાનો હતો.

→ આ બેઠક દરમિયાન વિશ્વનાં અંદાOeત 400 નામાંકિત વિશેષજ્ઞો પ્રથમ જળવાયુ અને SDG ની સંયુક્ત પરિણામી બેઠક (synergy) – જેનું નામ "Global Conference on Stregthening Synergies between the paris Agreement and 2030 Agenda for Sustainble Development" નું આયોજન થયું હતું.

→ આ અગત્યની બેઠકમાં પેરિસ કરારનાં અમલીકરણ તથા ટકાઉ વિકાસના 2030 ના એજન્ડા વચ્ચેના મજબુત જોડાણનું આહવાન કરાયું હતું. આ મજબુત જોડાણ હકારાત્મક અને પધ્ધતિસરનો બદલાવ લાવવા વિશ્વ માટે એક અગત્યની તક પૂરી પાડશે તથા સતત અને સમાવેશી વિકાસ તથા સ્વાસ્થયપ્રદ પર્યાવરણ વર્તમાનની અને ભવિષ્યની પેઢીઓને પૂરું પાડવામાં મદદરૂપ બનશે.

→ આ બેઠકનું આયોજન United Nations Department of Economics and Social Affairs (UN DESA), UN Climate Change અને ડેન્માર્ક નાં વિદેશ મંત્રાલય તથા પર્યાવરણ મંત્રાલય દ્વારા થયું હતું.

→ આ બેઠકમાં લેવાયેલા અગત્યના નિર્ણયો જુલાઈ, 2019 માં ન્યુયોર્કમાં SDG – 13 ની જળવાયુ પ્રક્રિયા માટેની High – Level Political Forum on Sustainable Development (HLPF) ની બેઠક માટેનાં ચર્ચાના મુદ્દાઓ પુરા પાડશે.

→ આ ઉપરાંત આ બેઠકમાં UN DESA તથા UNFCCC (United national Framework Convention on Climate Change) દ્વારા HLPF ની આગામી બેઠક અગાઉ "Global Knowledge Network and platform" ની રચના SDG અને જળવાયુ વચ્ચે સુસંગતતા સાધવા માટે કરશે.

→ બેઠક દરમિયાન આગામી UNFCCC ની Conference of parties ની 25 મી બેઠક COP 25 ના ચીલિ ખાતે આયોજન દરમિયાન SDG – Climate Synergy પેવેલિયનનું નિર્માણ કરશે.

- **આ જ બેઠક દરમિયાન 20 જેટલા આગેવાનોએ "Global Cooling Coalition" નું અનાવરણ કર્યું હતું...**
  - ⇒ Global Cool Coalition એ સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ (UN Environment) , Kigali Cooling Efficiency Programm અને Sustainable Energy for All (SE for All) દ્વારા સમર્થન પ્રાપ્ત કરેલું છે.
  - ⇒ આ પ્રયાસમાં ડેન્માર્ક, ચિલિ અને રવાન્ડા જેવા દેશનાં મંત્રાલય તથા અન્ય સંસોધન સંસ્થા તથા શિક્ષણ સંસ્થાઓ પણ જોડાયેલી છે.
- **શા માટે Global Cooling Coalition શરૂ કરાયું...**
  - ⇒ આ કાર્યક્રમ શરૂ કરવાનું મુખ્ય કારણ વૈશ્વિક તાપમાનમાં થતાં વધારા (Golbal Warming) સામે લડવાનું છે.
  - ⇒ 2018 નું વર્ષ સતત ચોથું સૌથી વધારે ગરમ વર્ષ હતું આ પ્રકારનાં તાપમાનમાં થતા સતત વધારાનાં પરિણામે 2050 સુધીમાં 4.5 બિલિયન એરકન્ડિશનર (AC) નો ઉપયોગ થવાનો અંદાજ છે જેના પરિણામ 12 Gt $CO_2$ નું ઉત્સર્જન 2050 સુધીમાં ફક્ત AC નાં ઉપયોગનાં પરિણામે થશે.

## ❖ ચીનની સમુદ્રી યુનિવર્સિટી અને ઈંગ્લેન્ડની પૂર્વ અન્ગેલીયા યુનિવર્સિટી દ્વારા ખનીજ તેલનો ખોરાક તરીકે ઉપયોગ કરવામાં સક્ષમ એવા બેકટેરીયાની શોધ કરવામાં આવી....

તાજેતરમાં ચીનની સમુદ્રી યુનિવર્સિટી (Ocean University) અને ઈંગ્લેન્ડની પૂર્વ અન્ગેલીયા યુનિવર્સિટી (University of East Angelia) ના વૈજ્ઞાનિકો દ્વારા સંયુક્ત રીતે પશ્ચિમી પેસિફિક મહાસાગરના મારીયાના ગર્ત (Mariana Trench)માંથી 10,994મીટરની ઉંડાઈએ ખનીજ તેલનો ખોરાક તરીકે ઉપયોગ કરવામાં સક્ષમ એવા બેકટેરીયાની શોધ કરવામાં આવી.

→ વૈજ્ઞાનિકોની એક ટુકડી દ્વારા મારીયાના અખાત માંથી પાણીના નમુના લાવવામાં આવ્યા હતા અને તેના સંશોધન દરમિયાન આ પ્રકારના બેકટેરીયા મળી આવ્યા છે જે હાઈડ્રો–કાર્બન આધારિત કોઈ પણ પ્રકારના તેલને પચાવી શકવામાં સક્ષમ છે.
**નોંધ :** હાઈડ્રોકાર્બન એટલે એવું સંયોજન જે માત્ર હાઈડ્રોજન અને કાર્બન તત્વ જ ધરાવતું હોય.

→ આ પ્રકારના બેકટેરીયાનો મોટા પાયે ઉછેર સમુદ્રમાં અથવા અન્ય કોઈ પણ જળાશયમાં તેલ ઢોળાવાની ઘટના દરમિયાન ઘણો સાર્થક પુરવાર થઈ શકે છે. જેથી આ પ્રકારના બેકટેરીયાની શોધને વૈશ્વિક રીતે ઘણી અગત્યની માનવામાં આવે છે.

## ❖ ફિલિપાઈન્સના સંશોધકો દ્વારા આદિમાનવની અત્યાર સુધી અજાણ રહેલી એવી હોમો લ્યુઝોનેન્સીસ જાતિ શોધવામાં આવી...

→ હોમો લ્યુઝોનેન્સીસ જાતિના આદિમાનવ આશરે 50,000 થી 67,000 વર્ષ પહેલા ફિલિપાઈન્સના લ્યુઝોન ટાપુના રહેવાસી હોવાનું માનવામાં આવે છે.

→ લ્યુઝોન ટાપુની ગુફામાંથી મળી આવેલા દાંત અને નાના હાડકાના અવશેષો પરથી હોમો લ્યુઝોનેન્સીસની માહિતી મળી આવી.

→ હોમો લ્યુઝોનેન્સીની વળેલી આંગળીઓ અને અંગુઠાના નાના હાડકા આ જાતિને અન્ય આદિમાનવ જાતિથી અલગ તારવે છે.

## ❖ NASA દ્વારા વર્જિનિયા ખાતેથી શ્રીલંકા અને નેપાળના પ્રથમ સેટેલાઈટ અનુક્રમે Raavana-1 અને Nepalisat-1 નું અવકાશમાં પ્રક્ષેપણ કરવામાં આવ્યું...

→ BIRDS – 3 પ્રોજેકટ અંતર્ગત આ બંને દેશોના પ્રથમ સેટેલાઈટને અવકાશમાં મોકલવામાં આવ્યા.

→ આ સેટેલાઈટને Antares – 230 રોકેટની મદદથી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન લઈ જવામાં આવ્યા જેને જૂન મહિનાના બીજા અઠવાડિયામાં Low Earth Orbit માં મુકવામાં આવ્યા. આ બંને સેટેલાઈટની રચનામાં જાપાનની Kyushu Institute of Technology નો મહત્વનો ફાળો છે.

- **Nepalisat – 1 :**
  - ⇒ આ સેટેલાઈટનું વજન 1.3 કિલોગ્રામ છે.આ સેટેલાઈટનો કાર્યકાળ ઓછામાં ઓછા 6 મહિના અનુમાનિત કર્યો છે.
  - ⇒ આ સેટેલાઈટ નેપાળ દેશની સ્થાનિક ભૂગોળ અને પૃથ્વીના ચુંબકીય ક્ષેત્ર વિશે માહિતી એકત્રીત કરશે.
- **Raavana – 1 :**
  - ⇒ આ સેટેલાઈટનું વજન 1.05 કિલોગ્રામ છે તેમજ તેનો કાર્યકાળ 1.5 વર્ષ અનુમાનિત કરાયેલો છે. આ સેટેલાઈટ પૃથ્વી સપાટીથી 400 કિ.મી. ઊંચાઈ પર પરિક્રમા કરશે. આ સેટેલાઈટ અવકાશથી શ્રીલંકા અને તેના પાડોશી દેશોની ભૌગોલિક છબીઓ એકત્રીત કરશે.

- **BIRDS – 3 પ્રોજેક્ટ :**
  - ⇒ આ પ્રોજેક્ટ જાપાનની Kyushu Institute of Technology દ્વારા સંચાલિત છે.
  - ⇒ આ પ્રોજેક્ટ અંતર્ગત ભાગ લેનાર રાષ્ટ્રોને પ્રથમ સેટેલાઈટના ડિઝાઈન, પરીક્ષણ અને સંચાલન માટે જાપાનની Kyushu Institute of Technology દ્વારા મદદ કરવામાં આવે છે.BIRDS – 3 પ્રોજેક્ટ અંતર્ગત શ્રીલંકા, નેપાળ અને જાપાનના વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો.

❖ **વૈજ્ઞાનિકોને NASAના કેસિનિ સ્પેસક્રાફ્ટની મદદથી મળેલ માહિતી અનુસાર, શનિનાં સૌથી મોટાં ઉપગ્રહ ટાઈટન પર પ્રવાહિ મિથેનના તળાવો જોવા મળ્યા...**

→ આ માહિતી U.K.ની 'Nature Astronomy' નામની માસિક સામાયિકમાં જાહેર કરવામાં આવી.

→ વૈજ્ઞાનિકોના મત અનુસાર ટાઈટન ગ્રહ પર આવેલા તળખડકનાં રાસાયણિક રીતે ઓગળવાથી (Karstic – type process) તળાવની રચના થઈ.

→ ટાઈટન ઉપગ્રહ પર શિયાળાના સમય દરમિયાન 'Phantom Lakes' જોવા મળે છે જેનો વિસ્તાર ખૂબ મોટો હોય છે તેઓ છીછરા હોય છે. આ Phantom Lakes વસંતઋતુ દરમિયાન બાષ્પીભવન થઈ જાય છે આ સમગ્ર પ્રક્રિયાને ટાઈટન પર પૂરી થતા સાત વર્ષ થાય છે.

→ ટાઈટન પર જલીયચક્રના પુરાવા પણ મળી આવ્યા છે. જે અનુસાર આ ઉપગ્રહ પર પાણી ($H_2O$)ની જગ્યાએ લિક્વીડ હાઈડ્રોકાર્બનનું જલીય ચક્ર જોવા મળે છે. જેમાં લિક્વીડ હાઈડ્રોકાર્બનના વાદળાની રચના, સપાટી પર વરસાદ થવુ અને ફરી બાષ્પીભવન થવા જેવી પ્રક્રિયાનું સતત પુનરાવર્તન જોવા મળે છે જે પૃથ્વીના જળચક્ર સાથે ઘણી સામ્યતા ધરાવે છે.

❖ **વિશ્વના વૈજ્ઞાનિકો દ્વારા અમેરિકી અવકાશ સંશોધન સંસ્થા NASA ની મદદ વડે બ્રહ્માંડમાં મુક્ત રીતે ફરત અણુઓ પૈકી સૌપ્રથમ બનેલ અણુ (સૌથી જૂનો અણુ) શોધી કાઢવામાં આવ્યો...**

→ બ્રહ્માંડનો આ સૌપ્રથમ અણુ હિલિયમ હાઈડ્રાઈડ ($HeH^+$ Helium Hydride) છે. જે હિલિયમ (Helium) અને હાઈડ્રોજન (Hydrogen) ના સંયોજન વડે નિર્મિત છે જેની શોધ થકી બ્રહ્માંડના રસાયણશાસ્ત્રના રહસ્યો જાણવા માટેનો માર્ગ વધુ મોકળો બન્યો છે.

→ વૈજ્ઞાનિકો દ્વારા આ શોધ માટે NASA (National Aeronautics and Space Administration) ની વિશ્વની સૌથી મોટી Airborn Observatory (વિમાનમાં હરતી ફરતી વૈદ્યશાળા) SOFIA નો ઉપયોગ કરવામાં આવ્યો અને આપણી પૃથ્વી થી લગભગ 3000 પ્રકાશવર્ષ દૂર આવેલ "NGC 7027" નામની નિહારીકા (Nebula) માં હિલિયમ હાઈડ્રાઈડ શોધવામાં આવ્યો.

→ હાલ સુધી વૈજ્ઞાનિકોમાં ધારણા હતી કે લગભગ 1 લાખ વર્ષ પહેલા થયેલા બીગ બેન્ગ વિસ્ફોટના પરીણામે આ પ્રકારના અણુનું સર્જન થયું હોવુ જોઈએ. પરંતુ પુરતી સાબિતીઓના અભાવે તે એક કલ્પના માત્ર હતી. પરંતુ હવે $HeH^+$ મળતા એ કલ્પના સાચી પુરવાર થઈ.

- **SOFIA (Stratospheric Observatory For Infrared Astonomy) વિશે :**
  - ⇒ SOFIA NASA અને જર્મન સંસ્થા German Aerospace Center દ્વારા સંયુક્ત રીતે નિર્મિત (80 – 20 ની ભાગીદારી) વિશ્વની સૌથી મોટી Airborn Obsevatory (વિમાન હરતી ફરતી વૈદ્યશાળા) છે જેના અંતર્ગત Boeing 747 SP વિમાનની અંદર ચોક્કસ સુધારાઓ કરીને 106 ઈંચ વ્યાસ ધરાવતુ ટેલીસ્કોપ મુકવામાં આવ્યુ છે જેણે વર્ષ 2010માં સૌપ્રથમ વખત કાર્યરત કરવામાં આવ્યુ અને હાલમાં પણ સેવા આપે છે.
  - ⇒ SOFIA નું મુખ્ય કાર્ય અવકાશી ચુંબકીય ક્ષેત્ર, તારાઓનું નિર્માણ ક્ષેત્ર, ધૂમકેતુ, નિહારીકા તથા આકાશગંગાના કેન્દ્ર ક્ષેત્ર વગેરેનો અભ્યાસ કરવાનું છે.

❖ **તાજેતરમાં ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલય (Ministry of Science & Technology) અંતર્ગત કાર્યરત વૈજ્ઞાનિક તથા ઔદ્યોગિક સંશોધન પરિષદ (Council of Scientific & Industrial Research – CSIR) એ જનીનવિદ્યાની ઉપયોગિતા પર વિદ્યાર્થીઓને શિક્ષિત કરવા માટે સ્વદેશી Genetic Napping પ્રયાસ હાથ ધર્યો છે.**

→ આ પાઈલટ પ્રોજેક્ટ અંતર્ગત CSIR ની બે સંસ્થા CSIR – Institute of genomics and integrative biology (IGIB), દિલ્હી અને CSIR – Centre for Cellular & Molecular biology (CCMB), હૈદરાબાદ સંયુક્ત રીતે કામ કરશે.

→ CSIR દ્વારા સમગ્ર ભારતમાંથી 1000 જેટલા ગ્રામીણ યુવાનોના જનીન અનુક્રમણ (Genome Sequence) માટે લોહીના નમૂના લેવામાં આવશે.

→ જનીન – નમુનાના સંગ્રહના ભાગરૂપે આ પ્રોજેક્ટમાં જોડાયેલા ગ્રામીણ યુવાનો સમગ્ર ભારત દેશની વિવિધતાનું પ્રતિનિધિ કરશે તેમજ આ યુવાનોમાં મોટાભાગના કોલેજના વિદ્યાર્થીઓ (પુરૂષો અને સ્ત્રીઓ) કે જેઓ હાલમાં જીવવિજ્ઞાનમાં અભ્યાસ કરી રહ્યા હોય તેવા યુવાઓનો સમાવેશ કરવામાં આવશે. આ પાયલટ પ્રોજેક્ટ સરકારનો દુરદર્શી યોજનાનો ભાગ બનશે જેનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર ભારતમાંથી 10,000 ભારતીય જનીનનું સંકલન કરવાનો છે.

❖ **વિશ્વનાં સૌથી મોટા પ્લેન સ્ટ્રેટોલોન્ચ (Stratolaunch અન્ય નામ ROC) નું તાજેતરમાં મોજાવે એર એન્ડ સ્પેસ પોર્ટ, કોલંબિયા ખાતે સફળતાપૂર્વક પ્રથમ ઉડાન પરિક્ષણ કરવામાં આવ્યું....**

→ વિશ્વનાં સૌથી મોટા પ્લેન સ્ટ્રેટોલોન્ચની પાંખોની લંબાઈ 385 ફૂટ છે તથા તેમાં 6 Boeing 747 એન્જીન ફિટ કરાયા છે તથા તેનું કુલ વજન 114,000 kg છે. આ પ્લેન (189 mph) 304 km/h ની ઝડપે 17,000 ફૂટની ઊંચાઈ સુધી ઉડી શકે છે.

- ⇒ સ્ટ્રેટોલોન્ચ એ અમેરિકન સ્પેશ ટ્રાન્સપોર્ટેશનનું સાહસ છે જેનો હેતુ ઓર્બિટ પ્રણાલી માટે ઍર લોન્ચર વિકસાવવાનું છે.
- ⇒ સ્ટ્રેટોલોન્ચ નો હેતુ મુખ્યત્વે ત્રણ પ્રાથમિક ઘટકો સાથે એર–લોન્ચ પ્રણાલી વિકસાવવાનો છે.
  (1) A carrier Aircraft
  (2) A multi stage payload "launch vehicle" which would be launched at high Altitute into space from under the carrier Aircraft
  (3) A mating and integnation System
- ⇒ સ્ટ્રેટોલોન્ચની સ્થાપના 2011 માં માઈક્રોસોફટનાં સહ–સંસ્થાપક પોલ એલન દ્વારા થઈ હતી આથી આ પ્રથમ ઉડાનને પોલ એલનને સમર્પિત કરવામાં આવી છે.

❖ **ભારતીય નૌકાદળે તેના પ્રોજેકટ 15 B ના ભાગરૂપે મઝગાવ ડોકયાર્ડથી પોતાના ત્રીO Guided Missile Destroyer, INS ઈમ્ફાલનો નૌકાદળમાં સમાવેશ કર્યો....**

→ ભારતીય નૌકાદળની નવી દિલ્હી ખાતે આવેલી Directorate of naval Design દ્વારા INS ઈમ્ફાલની ડિઝાઈન બનાવવામાં આવી.

→ INS ઈમ્ફાલની લંબાઈ 163 મીટર, પહોળાઈ 17.4 મીટર અને વજન 3037 ટન છે તેમજ તેની વહનક્ષમતા 7300 ટન છે.

→ INS ઈમ્ફાલ ગેસ ટર્બાઈન થી સંચાલિત હોવાથી તે 30 knot ની ઝડપે સફર કરી શકે છે.

→ INS ઈમ્ફાલમાં નવી ડિઝાઈનના ખ્યાલનું કારણ જહાજની ટકાઉ ક્ષમતા, દરિયાઈ નિગરાની, દુશ્મન થી છુપાઈ રહેવાની ક્ષમતા અને યુદ્ધ ક્ષમતા જેવા પરિબળોમાં સુધારો કરી વધુ સારા બનાવવાનું છે. INS ઈમ્ફાલનો બાણ જેવો આકાર (Shape of hull) Stealth Mode માં પોતાની શ્રેષ્ઠતા બતાવે છે તેમજ Radar transparent deck fitting નાં ઉપયોગથી જહાજને રડારમાં શોધી શકાતુ નથી.

→ INS ઈમ્ફાલ બે બહુવિધ હેલિકોપ્ટરને ચલાવવા અને સંચાલન કરવા સજ્જ છે.

- **પ્રોજેકટ 15 B :**

⇒ પ્રોજેકટ 15 બ્રાવો ને પ્રોજેકટ 15B તરીકે ઓળખવામાં આવે છે જેની શરૂઆત એપ્રિલ 2015માં કરવામાં આવી જેનો મુખ્ય ઉદ્દેશ ભારતીય નૌકાદળના કાફલામાં દેશમાં જ જહાજોનું ઉત્પાદન (સ્ટેટ ઓફ ધ આર્ટ) કરી ભારતીય નૌસેનામાં તેનો સમાવેશ કરવાનો છે.

⇒ પ્રોજેકટ 15B અંતર્ગત એપ્રિલ, 2015 માં INS વિશાખાપટ્ટનમનું નિર્માણ કરવામાં આવ્યું જે પ્રોજેકટ 15B અંતર્ગત નિર્માણ પામનાર પ્રથમ યુદ્ધ જહાજ બન્યુ ત્યારબાદ વર્ષ સપ્ટેમ્બર, 2016 માં INS મોર્મુગાવોનો (mormugao)સમાવેશ કરવામાં આવ્યો..

❖ **ગ્રીસ અને સ્પેનના ડોકટરની ટીમ દ્વારા ત્રણ વ્યકિતના DNA ધરાવતા બાળકનો (Boy) જન્મ IVF દ્વારા થયો હોવાનો દાવો કર્યો છે....**

→ આ પ્રકારનાં જન્મેલા બાળકમાં બે મહિલા અને એક પુરુષના જનીન વારસાનો સમાવેશ થયો છે.

⇒ IVF પધ્ધતિમાં વંધ્યિકૃત (Infertile) માતાનાં એગ (egg) નો ઉપયોગ કરાય છે અને પિતાના વીર્ય તથા અન્ય મહિલાના એગનો ઉપયોગ વંધ્યિકૃત મહિલાના એગનો વિકાસ માટે કરવામાં આવે છે.

⇒ આ પ્રક્રિયામાં દાતાનાં એગમાં કે જેમાંથી Oનેટીક મટિરિયલને પ્રક્રિયા દ્વારા દૂર કરાયું છે તેમા ડોકટર દ્વારા માતાથી મેળવેલા Oનેટીક મટિરિયલની સાથે ક્રોમોઝોમને દાખલ કરવામાં આવે છે. આમ, IVF કૃત્રિમ ઉત્પાદકતા પધ્ધતિમાં એગ્સને મેળવ્યા બાદ ફર્ટિલાઈઝ કરી, વીર્યને મેળવી અને કૃત્રિમ રીતે એગ અને વીર્યની પ્રક્રિયા બાદ તૈયાર થતા એમ્બ્રેયોને ગર્ભાશયમાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

❖ **ભારત સરકારના AYUSH અને CSIR દ્વારા સંસોધન અને શિક્ષણ માટે સમજૂતી કરવામાં આવી....**

→ તાજેતરમાં ભારત સરકારના આયુશ (AYUSH–આયુર્વેદ, યોગ અને નેચરોપેથી, યુનાની, સિદ્ધા અને હોમિયોપેથી) મંત્રાલય અને વૈજ્ઞાનિક તથા ઔદ્યોગિક સંસોધન પરીષદ (CSIR – Council of Scientific and Indstrial Research) વચ્ચે પરસ્પર સહયોગ દ્વારા સંસોધન અને શિક્ષણ માટે કાર્ય કરવા કરાર કરવામાં આવ્યા. આ ઉપરાંત પરંપરાગત તબીબી પધ્ધતિઓને આધુનિક વિજ્ઞાન સાથે સંકલિત કરવાની બાબત માટે સમજૂતી કરવામાં આવી.

❖ **NASA દ્વારા મંગળ ગ્રહ પર ભૂકંપ જેવી ઘટના નોંધવામાં આવી.....**

NASA (National Aeronautics and Space Administration) દ્વારા મંગળ ગ્રહ પર મોકલાયેલ Insight Lander ની મદદથી તાજેતરમાં સૌપ્રથમ વખત 'Marsquake' એટલે કે મંગળ ગ્રહ પર ભૂકંપ જેવી ઘટના નોંધવામાં આવી. આ ઘટનાની પુષ્ટિ હાલમાં નાસાના વૈજ્ઞાનિકો કરી રહ્યા છે.

→ NASAના વૈજ્ઞાનિકોના મત મુજબ આ ધ્રુજારી પવન કે lander ના રોબોટીક હાથને લીધે નહી પરંતુ મંગળ ગ્રહની આંતરિક હલનચલનને કારણે જોવા મળી છે. આ ધ્રુજારી landerના Seismic Experiment for Interior Structure (SEIS) સાધનની મદદથી નોંધાઈ છે.

⇒ InSight (Interior Exploration using seismic investigations, Geodesy and heat transport) એ Mars lander છે જેનો મુખ્ય ઉદ્દેશ મંગળ ગ્રહનો ભુ–પર્પટી (crust), મિશ્રાવરણ (Mantle) બને ભૂગર્ભ (કેન્દ્રિય ભાગ – core) નો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાનો છે. આ સાથે તેઓ મંગળ ગ્રહની ટેકટોનિક પ્રવૃતિ અને ઉલ્કાના પ્રભાવોનુ પણ આંકલન કરશે.

⇒ પ્રક્ષેપણ : 5 મે, 2018 ⇒ પ્રક્ષેપણ સ્થળ : કેલિફોર્નિયા

⇒ લોન્ચ વ્હીકલ : Atlas V – 40 ⇒ મંગળ પર ઉતરાણ : 26 નવેમ્બર, 2018

⇒ ઉતરાણ સ્થળ : એલિસિયમ પ્લાનિટીયા, મંગળ

⇒ મિશનનો સમયગાળો : 1 મંગળ વર્ષ (~2 પૃથ્વી વર્ષ) એટલે કે 709 મંગળ દિવસ (728 પૃથ્વી દિવસ)

❖ **ઓડિશાના ચાંદિપુર ખાતેથી ભારતની પ્રથમ સ્વદેશી સબ–સોનિક ક્રુઝ મિસાઈલ 'નિર્ભય'નું સફળતાપૂર્વક પરિક્ષણ કરવામાં આવ્યું.**

→ આ મિસાઈલ વાતાવરણની કોઈપણ પરિસ્થિતિમાં નિશાનને સફળતાપૂર્વક વેધવામાં સક્ષમ છે અને તે જળ, જમીન અને હવામાંથી હુમલો કરવા સક્ષમ છે.

→ આ મિસાઈલ 1000 કિમી દૂર સુધી નિશાન સાધી શકે છે તથા 300 કિલોગ્રામ પરમાણુશસ્ત્રનું વહન કરી શકે છે.

→ આ મિસાઈલ 100 મીટર જેટલી ઓછી ઊંચાઈએ 0.7 મેકની ઝડપથી નિશાન સાધવા સક્ષમ છે જેથી તે દુશ્મનના રડારથી છુપાઈને આતંકી અડ્ડાઓને સરળતાથી નિશાન બનાવી શકે છે.

→ નિર્ભય મિસાઈલ એ મિસાઈલ અને એરોનોટિકલ ટેકનોલોOનું મિશ્રણ છે એટલે કે તે મિસાઈલની માફક લંબવત તથા એરક્રાફટની માફક સમાંતર ટેક ઓફ કરી શકે છે. તેને વિવિધ પ્રકારના પ્લેટફોર્મ પરથી છોડી શકાય છે.

→ આ મિસાઈલ ટર્બોફેન અથવા ટર્બોજેટ એન્Oનની મદદથી આગળ વધે છે તથા તે માર્ગ નિર્ધારિત કરવા ઉચ્ચ કક્ષાની ઈનર્સિયલ નેવિગેશન સિસ્ટમ ધરાવે છે. તે એક ઉડાનમાં ઘણા બધા લક્ષ્યાંકોને નિશાન બનાવી શકે છે.

For Free Weekly and Monthly Current Affairs & Material Join Our Telegram Channel
For Mock Test &Books Materials: https://www.bankingacademy.co.in/books-materials Follow us:Facebook , Twitter , Instagram

→ આ મિસાઈલનું માર્ગદર્શક, નિયંત્રણ અને નેવીગેશન સ્વદેશી રીતે રચાયેલ "Ring Laser Gyroscope" અને MEMS (Microelectromechanical System) આધારીત Inertial Navigation System INS) ની સાથોસાથ GPS પ્રણાલીની મદદથી થાય છે.

→ આ મિસાઈલ એડવાન્સ્ડ સિસ્ટમ લેબોરેટરી **(ASL)** દ્વારા તૈયાર કરવામાં આવેલ સોલિડ (ઘન) રોકેટ મોટર બુસ્ટર ધરાવતી બે સ્તરની મિસાઈલ છે.

→ આ મિસાઈલ DRDO (Defence Research and Development Organisation) દ્વારા વિકસાવવામાં આવી છે. આ મિસાઈલને અમેરિકાની ટોમહોક મિસાઈલને સમકક્ષ માનવામાં આવે છે. નિર્ભય મિસાઈલ પ્રણાલીનું આ છઠ્ઠુ પરિક્ષણ હતું.

## રમતજગત, વ્યકિત વિશેષ, એવોર્ડ અને નિધન

❖ **ભારતીય વૈજ્ઞાનિકોએ શિગેલ્લોસિસ નામની બીમારીના ઈલાજ માટે પહેલા રસી વિકસાવી છે.....**

→ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) , રાષ્ટ્રીય કોલેરા અને આંત્ર રોગ સંસ્થા (નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોલેરા એન્ડ એન્ટેરિક ડિસીસીઝ = NICED) એ આ રસી વિકસાવી છે. ICMR એ વિકસિત રસી સંબંધિત ટેકનોલોÒ 23 એપ્રિલ, 2019 ના વેલકમ ટ્રસ્ટ હિલેમેન લેબોરેટરીઝને આપી છે. જે તેનું વાણિજ્યિક ઉત્પાદન કરશે. આગામી વર્ષ સુધીમાં આ રસી બજારમાં આવશે.

⇒ શિગેલ્લોસિસ, ડાયરિયાનો એક પ્રકાર છે જે શિગેલ્લા નામના બેકટરિયા પરિવારથી ફેલાય છે. આ એક ચેપી બીમારી છે અને તાવ કે તાવ વગર લોહી સાથેના ઝાડા ના લક્ષણ છે.

❖ **ICC વર્લ્ડ કપ 2019 માટેની ભારતીય ટીમ જાહેર....**

→ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (BCCI) એ 15 એપ્રિલ, 2019 ના ICC વન–ડે વર્લ્ડ કપ 2019 માટે 15 ખેલાડીઓની ભારતીય ટીમની ઘોષણા કરી દીધી છે. MSK પ્રસાદની અધ્યક્ષતા હેઠળની BCCI ની રાષ્ટ્રીય પસંદગી સમિતિએ પસંદ કરેલી ભારતીય ટીમ નીચે મુજબ છે.
વિરાટ કોહલી (કેપ્ટન), રોહિત શર્મા (ઉપ–કપ્તાન), મહેન્દ્રસિંઘ ધોની (વિકેટકીપર), શિખર ધવન, કે.એલ.રાહુલ, વિજય શંકર, કેદાર જાધવ, દિનેશ કાર્તિક, હાર્દિક પંડયા, રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, ભુવનેશ્વરકુમાર, જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ શમી.

→ આ વર્લ્ડ કપમાં પસંદ થનારા એકમાત્ર ભારતીય ઓફિશિયલ્સ (અમ્પાયર) સુંદરમ રવિ છે.

→ 12મા ક્રિકેટ વર્લ્ડ કપ 2019નું આયોજન 30 મે થી 14 જુલાઈ, 2019 દરમિયાન ઈંગ્લેન્ડ અને વેલ્સમાં કરાઈ રહ્યું છે. વર્લ્ડ કપ રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટ અંતર્ગત રમાશે જેમાં બધી જ ટીમો એકબીÒ સાથે એક–એક વાર જરૂર ટકરાશે.

→ વર્લ્ડ કપ 2019માં કુલ 10 ટીમો – ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ભારત, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા, અફઘાનિસ્તાન અને વેસ્ટ ઈન્ડીઝ ભાગ લેશે. કુલ 48 વન–ડે મેચો રમાશે.

→ ફાઈનલ મેચનું આયોજન પ્રતિષ્ઠિત લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈંગ્લેન્ડમાં પાંચમીવાર વર્લ્ડ કપનું આયોજન થઈ રહ્યું છે.

- **વિશ્વ કપમાં ભારતનો ઈતિહાસ :**

⇒ ભારતીય ટીમ ICC ક્રિકેટ વર્લ્ડ કપના ઈતિહાસમાં અત્યારસુધી બેવાર ચેમ્પિયન બની શકી છે. ભારતે પ્રથમવાર 1983માં ઓલરાઉન્ડર કપિલદેવના નેતૃત્વમાં વેસ્ટ ઈન્ડિઝને હરાવીને વર્લ્ડ કપ Òત્યો હતો. તેના 28 વર્ષ બાદ વર્ષ 2011માં મહેન્દ્રસિંઘ ધોનીના નેતૃત્વમાં શ્રીલંકાને પરાજય આપીને ભારત બીÒવાર વિશ્વ વિજેતા બન્યું હતું.

⇒ પ્રથમ વિશ્વ કપનું આયોજન ઈંગ્લેન્ડમાં 1975માં કરાયું હતું જેમાં વેસ્ટ ઈન્ડીઝ ચેમ્પિયન થયું હતું. પ્રથમ ત્રણ વિશ્વ કપની મેજબાની ઈંગ્લેન્ડ કરી હતી પરંતુ વર્ષ 1987થી વર્લ્ડ કપ દર ચાર વર્ષે અન્ય દેશોમાં યોજવામાં આવી રહ્યો છે.

⇒ ઈંગ્લેન્ડ ખાતે રમાનારા ICC વન–ડે વર્લ્ડ કપ માટે પસંદ કરાયેલી 15 સભ્યોની ભારતીય ટીમમાં જસપ્રીત બુમરાહ, હાર્દિક પંડયા અને રવીન્દ્ર જાડેજા એમ 3 ગુજરાતી ક્રિકેટરોને સામેલ કરવામાં આવ્યા છે. વન–ડે વર્લ્ડ કપની ટીમમાં એકસાથે 3 ગુજરાતી ક્રિકેટરોએ સ્થાન મેળવ્યું હોય તેવી આ સૌપ્રથમ ઘટના છે.

❖ **યુક્રેનમાં તાજેતરમાં યોજાયેલી રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં વ્યાવસાયિક કોમેડિયન વોલોદિમીર ઝેલેન્સ્કીનો વિજય થયો છે....**

→ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વોલોદિમીર ઝેલેન્સ્કીને 73% મત મળ્યા હતા જ્યારે સત્તારૂઢ રાષ્ટ્રપતિ પેટ્રો પોરોશેન્કોને માત્ર 24% મત મળ્યા હતા. 41 વર્ષના ઝેલેન્સ્કીને કોઈ રાજકીય અનુભવ નથી. તેમણે તેમની અભિનય કારકિર્દી દરમિયાન 'સર્વન્ટ્સ ઓફ ધ પીપલ' નામની ટી.વી. ધારાવાહિક (શ્રેણી)માં કામ કર્યું હતું.

→ માર્ચ 2018માં યુક્રેનમાં સર્વન્ટ્સ ઓફ ધી પીપલ નામના રાજકીય પક્ષની સ્થાપના કરાઈ હતી. ઝેલેન્સ્કી આ પક્ષ સાથે જોડાયેલા છે.

⇒ યુક્રેન પૂર્વ યુરોપમાં સ્થિત દેશ છે. યુક્રેન 24 ઓગસ્ટ, 1991માં સોવિયત સંઘમાંથી સ્વતંત્ર થયું હતું. યુક્રેનનું ક્ષેત્રફળ 6,03,628 ચોરસ કિ.મી. છે. યુક્રેનનું પાટનગર કીવ છે. તેનું ચલણ હરિવનિયા છે.

❖ **તાજેતરમાં સેન્ટ્રલ પબ્લિક વકર્સ ડિપાર્ટમેન્ટ ભવન નિર્માણ માટે ડિઝાઈન નીતિ બનાવવા એમ.કે.શર્માની અધ્યક્ષતામાં સમિતિની રચના કરી હતી....**

→ સેન્ટ્રલ પબ્લિક વકર્સ ડિપાર્ટમેન્ટ કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. CPWD ભારત સરકારની સૌથી મોટી નિર્માણ એજન્સી છે. જે ભારતભરમાં સરકારી ભવનોનું નિર્માણ કરે છે. સાથોસાથ તે ભારતના મિત્ર દેશોમાં પણ નિર્માણ કાર્ય કરે છે.

❖ **ભારતના જૈવ વૈજ્ઞાનિક ડૉ. ગગનદીપ કાંગ રોયલ સોસાયટીમાં સામેલ થનારા સૌપ્રથમ ભારતીય મહિલા બની ગયા છે....**

→ ધ રોયલ સોસાયટી ઓફ લંડને ઘોષણા કરી હતી કે 51 અગ્રણી વૈજ્ઞાનિકોની પસંદગી વર્ષ 2019માં તેની ફેલોશિપ માટે કરવામાં આવી છે. જેમાં ગગનદીપ કાંગની પણ વરણી કરવામાં આવી છે. આ સાથે તેઓ પ્રતિષ્ઠિત ફેલો ઓફ ધ રોયલ સોસાયટી (FRS) ના 358 વર્ષોના ઈતિહાસમાં પસંદગી પામનારા પ્રથમ ભારતીય મહિલા વૈજ્ઞાનિક છે.

→ ગગનદીપ કાંગ ઉપરાંત આ વર્ષે FRSની સદ્સ્યતા પ્રાપ્ત કરનારા ભારતીય મૂળના અન્ય વૈજ્ઞાનિકોમાં ફિલ્ડમેડલ વિજેતા ગણિત વિજ્ઞાની પ્રો. મંજુલ ભાર્ગવ, ઓકસફર્ડ યુનિવર્સિટીમાં જિનેટિકસ અને ફિઝિયોલોÖના પ્રો. અનંત પારેખ અને બીજા ભારતીય ફિલ્ડમેડલ વિજેતા પ્રો. અક્ષય વેંકટેશ અને સિપલાના ચેરમેન તથા ફાર્માસ્યુટિકલ નિષ્ણાત ડો. યુસુફ હમીદ અને ગુરદયાલ બેસરાનો સમાવેશ થાય છે.

→ ડો. ગગનદીપ કાંગ બાળકોમાં ફેલાનારા ચેપ અંગેના સંશોધન માટે જાણીતા છે. તેમણે રોટાવાઈરસ તથા ટાઈફોઈડની સ્વદેશી રસીના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે માટે તેઓ મધર ઓફ વેકિસનેશન તરીકે પણ ઓળખાય છે.

→ ડો. કાંગ વેલ્લોરની કિશ્ચિયન મેડિકલ કોલેજમાં પ્રોફેસર હતા. તેઓ વર્તમાનમાં હરિયાણાના ફરીદાબાદમાં ટ્રાન્સલેશનલ હેલ્થ સાયન્સ એન્ડ ટેકનોલોÖ ઈન્સ્ટિટયૂટમાં કાર્યકારી વડા તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમને 2016માં જન આરોગ્યના ક્ષેત્રમાં કાર્ય કરવા બદલ Öવવિજ્ઞાનમાં ઈન્ફોસિસ પ્રાઈઝથી સન્માનિત કરાયા હતા. આ ફેલોશિપના પ્રથમ વિજેતા ભારતીય અરદેશર ખરસેદÖ વાડિયા હતા. તેમને 1841માં આ ફેલોશિપ અપાઈ હતી.

- **ધ રોયલ સોસાયટી ઓફ લંડન અંગે :**

⇒ ધ રોયલ સોસાયટી ઓફ લંડન બ્રિટન અને રાષ્ટ્રમંડળ (કોમનવેલ્થ) દેશોની એક સ્વતંત્ર વૈજ્ઞાનિક અકાદમી છે, જે વિજ્ઞાનના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે. તેનું પૂરું નામ ધ પ્રેસિડેન્ટ, કાઉન્સિલ એન્ડ ફેલોઝ ઓફ ધ રોયલ સોસાયટી ઓફ લંડન ફોર ઈમ્પ્રુવિંગ નેચરલ નોલેજ છે. તેની સ્થાપના 28 નવેમ્બર, 1660 માં સર ક્રિસ્ટોફર વ્રેને લંડનની ગ્રીસામ કોલેજમાં રાજા ચાર્લ્સ બીજાની હાજરીમાં કરી હતી. મોટાભાગના લોકો તેને તેના પ્રકારની આ સંસારની સૌથી જૂની સંસ્થા માને છે જે હજુ પણ કાર્યરત છે.

⇒ ધ રોયલ સોસાયટી ઓફ લંડનના વર્તમાન પ્રમુખ નોબેલ પુરસ્કાર વિજેતા ભારતીય વેંકટરામન રામક્રિષ્નન છે.

❖ **ભારતીય મૂળના યોગેન્દ્ર પુરાણિકે જાપાનના ટોકયોના એદોગાવા વોર્ડ એસેમ્બલી ચૂંટણીમાં Öત હાંસલ કરી છે.....**

→ 41 વર્ષીય પુરાણિક જાપાનમાં ચૂંટણી Öતનારા પ્રથમ ભારતીય છે. ત્યાં લોકો તેમને યોગીના હુલામણા નામે ઓળખે છે.

❖ **ઈઝરાયેલે 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ (બાંગ્લાદેશ સ્વતંત્રતા યુદ્ધ) ના નાયક લેફટેનન્ટ જનરલ (રિટાયર્ડ) જેક ફર્ઝ રાફેલ જેકબને ઈઝરાયેલની એમ્યુનિશન હિલમાં વોલ ઓફ ઓનરમાં પ્લાસ સાથે સન્માનિત કર્યા છે....**

→ જેક ફર્ઝ રાફેલ જેકબ ભારતના નાનકડા યહૂદી સમુદાયના સૌથી પ્રસિદ્ધ સદ્સ્યોમાંથી એક હતા. તેમણે ભારતીય સૈન્યમાં લેફટેનન્ટ જનરલ તરીકે કાર્ય કરેલું છે. તેમણે 1971ના યુદ્ધમાં ઢાકામાં પાકિસ્તાની સૈનિકોની સમજૂતી મંત્રણામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમનું નિધન 2016માં 92 વર્ષની વયે થયું હતું. વોલ ઓફ ઓનર દ્વારા એવા યહૂદી સૈનિકોના સાહસ પ્રતિ સન્માન વ્યકત કરવામાં આવે છે. જેણે પોતાના દેશની રક્ષા માટે કાર્ય કર્યું હોય.

❖ **ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (BCCI)ના પ્રથમ લોકપાલ જસ્ટિસ ડી.કે.જૈનને એડહોક એથિકસ અધિકારી પણ નિયુકત કરાયા છે.....**

→ એથિકસ અધિકારીનું કાર્ય ખેલાડી, કોચ તથા અધિકારીઓ વચ્ચે સંઘર્ષના મામલાઓની તપાસ કરવાનું છે. જસ્ટિસ ડી.કે. જૈન વર્તમાનમાં ભારતીય ક્રિકેટ ટીમના બે ક્રિકેટરો હાર્દિક પંડયા અને કે.એલ. રાહુલ સાથે સંકળાયેલા વિવાદની તપાસ પણ કરી રહ્યા છે. એથિકસ અધિકારીનો કાર્યકાળ એક વર્ષ હોય છે. એથિકસ ઓફિસરને મહત્તમ ત્રણ કાર્યકાળ માટે નિયુકત કરી શકાય છે.

❖ **સરકારના ખુલ્લા ટીકાકાર અને ભ્રષ્ટાચાર વિરોધી કર્મશીલ ઝુઝાના કાપુતોવાએ સ્લોવેકિયાના રાષ્ટ્રપતિની ચૂંટણી Öતી લીધી છે....**

→ આ સાથે ઝુઝાના કાપુતોવા સ્લોવેકિયાના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણીમાં સત્તાધારી સ્મેર–SD પાર્ટીના ઉમેદવાર એવા હાઈ–પ્રોફાઈલ રાજનીતિજ્ઞ મારોસ સેફકોવિકને પરાસ્ત કર્યા હતા. પર્યાવરણ વકીલ ઝુઝાનાને 58.01% મત મળ્યા હતા જયારે સેફકોવિકને 41.98% મત મળ્યા હતા. સેફકોવિક વર્તમાનમાં યુરોપિયન કમિશન ફોર એનÖ યુનિયનના ઉપપ્રમુખ છે.

→ સ્લોવેકિયા મધ્ય યુરોપમાં સ્થિત એક લેન્ડલોકડ દેશ છે. તે યુરોપિયન યુનિયન અને નાટોનો સભ્ય દેશ છે. સ્લોવેકિયા 1993માં બે દેશોમાં વિભાજિત ચેકોસ્લોવકિયાનો અન્ય ભાગ છે. તેની રાજધાની અને સૌથી મોટું શહેર બ્રાતિસ્લાવા છે. તેની સત્તાવાર ભાષા સ્લોવાક અને રાષ્ટ્રીય ચલણ યુરો છે.

❖ **છેલ્લા એક વર્ષથી ગુજરાતના સંરક્ષણ મંત્રાલયના જનસંપર્ક અધિકારી (PRO) ની જગ્યા ખાલી પડી હતી, જેના પર હવે વિંગ કમાન્ડર પુનીત ચઢ્ઢાએ 1 એપ્રિલ, 2019થી હવાલો સંભાળ્યો છે.....**

→ ભારતીય વાયુ સેનામાં 1995માં ફલાઈંગ પાઈલટ તરીકે સામેલ થનારા પુનીત ચઢ્ઢા મૂળ જમ્મુના છે.

❖ **તાજેતરમાં વિપિન આનંદને LICના નવા મેનેજિંગ ડાયરેકટર નિયુકત કરાયા છે....**

→ તેઓ છેલ્લા 35 વર્ષોથી LICમાં કાર્ય કરી રહ્યા છે. તેમણે સિંગાપુર અને બાંગ્લાદેશમાં LICની સ્થાપનામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. ભારતીય Öવન વીમા નિગમ (LIC)ની સ્થાપના 1 સપ્ટેમ્બર, 1956ના કરાઈ હતી. તેનું વડુમથક મુંબઈમાં છે.

❖ **વિક્રમ કિર્લોસ્કર 6 એપ્રિલ, 2019ના કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII)ના નવા અધ્યક્ષ બની ગયા છે....**

→ તેઓ કિર્લોસ્કર સિસ્ટમ્સ લિ. ના ચેરમેન તથા ટોયોટા કિર્લોસ્કર મોટરના વાઈસ ચેરમેન છે. વિક્રમ કિર્લોસ્કરને રાકેશ ભારતી મિત્તલના સ્થાને CIIના અધ્યક્ષ નિયુકત કરાયા છે. CIIની સ્થાપના 1895માં કરાઈ હતી. તેનું વડુમથક નવી દિલ્હીમાં છે. CII એક બિનસરકારી, બિનનફાકારક સંગઠન છે. તેના 9,000 થી વધુ સભ્યો છે. જેમાં જાહેર અને ખાનગી એમ બન્ને ક્ષેત્રોના સદ્સ્યોનો સમાવેશ થાય છે.

❖ **ઓસ્ટ્રેલિયાના પૂર્વ હોકી ખેલાડી તથા કોચ ગ્રેહામ રીડને હોકી ઈન્ડિયાએ 8 એપ્રિલ, 2019ના ભારતીય પુરુષ હોકી ટીમના નવા મુખ્ય કોચ નિયુકત કર્યા છે...**

→ અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ 2018માં ભુવનેશ્વરમાં રમાયેલા હોકી વર્લ્ડ કપના થોડા સમય બાદ હરેન્દ્રસિંહને ભારતના મુખ્ય કોચપદેથી હાંકી કઢાયા હતા.

❖ **અલ્લાહાબાદ હાઈકોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ વિક્રમનાથને તાજેતરમાં નવરચિત આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયમૂર્તિ નિયુકત કરાયા છે.....**

→ તેમણે કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ સી.પ્રવીણકુમારનું સ્થાન લીધું છે. 1 જાન્યુઆરી, 2019 થી અમરાવતી ખાતે કાર્યશીલ થયેલી આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ ભારતની 25મી હાઈકોર્ટ છે. સુપ્રીમ કોર્ટે થોડા અરસા પૂર્વે જ આંધ્ર પ્રદેશ માટે હાઈકોર્ટની સ્થાપનાને મંજૂરી આપી હતી.

❖ **નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઈન (NID)ના ડાયરેક્ટર તરીકે ઈન્સ્ટિટયૂટના જ ઈન્ડસ્ટ્રીયલ વિભાગના સિનિયર ફેકલ્ટી પ્રવીણ નહારની નિમણૂંક કરાઈ છે......**

→ પ્રદ્યુમ્ન વ્યાસનો ડાયરેક્ટર તરીકેનો કાર્યકાળ પૂર્ણ થતાં હવે તે ચાર્જ પ્રવીણ નહારને સોંપાયો છે.

❖ **ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) ના અધ્યક્ષ પ્રફુલ પટેલ ફૂટબોલની વૈશ્વિક નિયામક સંસ્થા ફીફાની કાર્યકારી પરિષદમાં સામેલ થનારાં પહેલાં ભારતીય બની ગયા છે....**

⇒ ફેડરેશન ઈન્ટરનેશનલ ડી ફૂટબોલ એસોસિએશન (FIFA)ની સ્થાપના સન 1904માં કરાઈ હતી. તેનું વડુમથક સ્વિત્ઝરલેન્ડના ઝયુરિકમાં છે. ફીફા વિશ્વની પ્રમુખ આંતરરાષ્ટ્રીય ફૂટબોલ સ્પર્ધાઓનું આયોજન કરે છે. તેના પ્રમુખ ગિયાની ઈન્ફન્ટિનો છે.

⇒ ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) ની સ્થાપના 23 જૂન, 1937ના કરાઈ હતી. AIFF ભારતમાં ફૂટબોલ ટુર્નામેન્ટોને મંજૂરી આપે છે તથા તેનું આયોજન પણ કરે છે. વર્તમાનમાં ભારતમાં યોજાઈ રહેલી ફૂટબોલની મોટી સ્પર્ધાઓમાં ઈન્ડિયન સુપર લીગ, I લીગ તથા ફેડરેશન કપનો સમાવેશ થાય છે. AIFF ને 1948માં FIFA સાથે સાંકળવામાં આવ્યું હતું.

❖ **સન ગ્રૂપના ચેરમેન વિક્રમજિત સાહનીને ઈન્ટરનેશનલ ચેમ્બર ઓફ કોમર્સ–ભારતના અધ્યક્ષ ચૂંટી કાઢવામાં આવ્યા છે.....**

→ ઈન્ટરનેશનલ ચેમ્બર ઓફ કોમર્સ વિશ્વનું સૌથી મોટું પ્રતિનિધિત્વયુકત સંગઠન છે. તેના 100 દેશોમાં 60 લાખથી વધુ સભ્યો છે. તેની સ્થાપના 1919માં એટલાન્ટિક સિટીમાં કરાઈ હતી. ઈન્ટરનેશનલ ચેમ્બર ઓફ કોમર્સનું વડુમથક ફ્રાન્સના પેરિસમાં છે. તે એક બિન સરકારી સંસ્થા છે. તેના ત્રણ મુખ્ય કાર્યો – નિયમ નિર્ણય, વિવાદ સમાધાન તથા નીતિગત સમર્થન છે.

❖ **એર માર્શલ અનિલ ખોસલા નિવૃત્ત થયા હોવાથી તેમના સ્થાને 1 મે થી એરમાર્શલ રાકેશકુમારસિંહ ભદૌરિયાની ભારતીય વાયુસેનાના નવા વાઈસ ચીફ તરીકે નિમણૂક થઈ છે.....**

→ વાઈસ ચીફ ભારતીય વાયુસેનાનો બીજો સૌથી મોટો હોદ્દો છે. તેઓ દિલ્હી ખાતે આવેલા વડામથકમાં પ્રિન્સિપાલ સ્ટાફ ઓફિસર તરીકે પણ કાર્ય કરે છે.

❖ **ભારતીય સેનાના પૂર્વ પ્રમુખ દલબીરસિંહ સુહાગની હિન્દ મહાસાગરમાં સ્થિત દેશ સેશલ્સના ભારતીય હાઈકમિશનર તરીકે નિમણૂક થઈ છે.....**

→ PoK માં 2016માં થયેલી સર્જિકલ સ્ટ્રાઈક સમયે દલબીરસિંહ ભારતીય સેનાના પ્રમુખ હતા. તેઓ ભારતીય સેનાના 26મા પ્રમુખ હતા. સેશલ્સને 1976માં યુનાઈટેડ કિંગ્ડમમાંથી સ્વતંત્રતા પ્રાપ્ત થઈ હતી. સેશલ્સમાં 100થી વધુ ટાપુઓ આવેલા છે.

❖ **AI, ન્યૂરલ નેટવર્ક્સ અને રોબોટિકસના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ શોધ કરનાર અમેરિકી વૈજ્ઞાનિક નિલ્સ જ્હોન નિલ્સનનું તાજેતરમાં 23 એપ્રિલ, 2019ના રોજ તેમના ઓરેગન સ્થિત નિવાસ સ્થાને નિધન થયું.....**

→ નિલ્સનનો જન્મ ઈ.સ.1933માં મિશિગન ખાતે થયો હતો.

→ તેમણે કમ્પ્યૂટર વૈજ્ઞાનિકો સાથે મળી 1966-72 ના સમયગાળા દરમિયાન વિશ્વનો પ્રથમ સ્વસંચાલિત રોબોટ તૈયાર કર્યો જેને 'શેકી' એવું નામ આપ્યું. તેમના દ્વારા વિકસાવાયેલી આ ટેકનોલોÒ હાલમાં એલેકસા, GPS સોફટવેર અને સિરી જેવા ડિજિટલ આસિસ્ટન્ટમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

❖ **જાણીતા અર્થશાસ્ત્રી, આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા (EDII) ના સ્થાપક વડા અને દેશમાં ફાધર ઓફ આંત્રપ્રિન્યોરશિપ મૂવમેન્ટના પ્રણેતા પદ્મશ્રી ડૉ. વિહારીદાસ ગોપાલદાસ પટેલનું 4 એપ્રિલ, 2019ના અમદાવાદમાં અવસાન થયું છે...**

→ ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં તેમના પ્રદાન બદલ વર્ષ 2017માં ડૉ. વી.Ò.પટેલને પદ્મશ્રીથી સન્માનિત કરાયા હતા. તેઓ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના મુખ્ય આર્થિક સલાહકાર, સેન્ટર ફોર આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ગુજરાતના ફાઉન્ડર ડાયરેકટર હતા.

❖ **નાસાનાં અંતરિક્ષયાત્રી પરીક્ષણને પાસ કરનારાં પહેલા મહિલા ઉમેદવાર જેરી કોબનું નિધન 88 વર્ષની વયે થયું છે....**

→ 1961 માં 13 મહિલાઓએ અત્યંત કઠિન શારીરિક પરીક્ષણ પાસ કર્યું હતું. આ 13 મહિલાઓને સંયુક્ત રીતે 'મર્ક્યુરી–13' તરીકે ઓળખવામાં આવે છે. જેરી કોબ 'મર્ક્યુરી–13' પૈકીના એક હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ઉકત 13 માંથી કોઈ મહિલા અંતરિક્ષની યાત્રા કરી શકી ન હતી. સોવિયત સંઘે 1963માં વેલન્તિના તેરેશ્કોવાને સૌપ્રથમ મહિલા અંતરિક્ષયાત્રી તરીકે અવકાશમાં મોકલ્યા હતા.

→ જેરી કોબ વિશ્વના સૌથી મોટા એર શો 'પેરિસ એર શો'માં ઉડ્ડયન કરનારાં પ્રથમ મહિલા હતા, જે બદલ તેમને પાઈલટ ઓફ ધ યર તથા એમિલિયા ઈયરહાર્ટ ગોલ્ડ મેડલ ઓફ અચીવમેન્ટ પ્રદાન કરાયો હતો.

❖ **'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું' ગીતના રચનાકાર, જૈન ધર્મના જ્ઞાતા પૂજ્ય ગુરુદેવ ચિત્રભાનુÒનું 97 વર્ષની વયે 18 એપ્રિલ, 2019ના મુંબઈમાં દેહાવસાન થયું છે....**

→ જૈન તત્વજ્ઞાનનો વિદેશમાં ખાસ કરીને અમેરિકામાં પ્રચાર કરવામાં મહત્વનો ફાળો હતો.

❖ **બહુચર્ચિત વિકિલીકસના સંસ્થાપક જુલિયન અસાંજેની બ્રિટિશ પોલીસે 11 એપ્રિલ, 2019ના લંડન સ્થિત ઈકવેડોરના દૂતાવાસમાંથી ધરપકડ કરી લીધી છે.....**

→ જુલિયન અસાંજેએ જાતીય શોષણના કેસમાં સ્વીડનમાં પ્રત્યાપર્ણથી બચવા માટે ઓગસ્ટ 2012થી જ લંડનમાં ઈકવેડોરના દૂતાવાસમાં રાજકીય આશરો લીધો હતો. તાજેતરમાં ઈકવેડોર સરકારે અસાંજેનો રાજકીય શરણાર્થી તરીકેનો દરજ્જો સમાપ્ત કર્યાની ઘોષણા કરતાંની સાથે જ ઈકવેડોરના રાજદૂતે બ્રિટિશ પોલીસને બોલાવી હતી અને પોલીસ તેમને ગિરફતાર કરી બહાર લઈ ગઈ હતી.

→ જુલિયન અસાંજે એક ઓસ્ટ્રેલિયન કમ્પ્યૂટર પ્રોગ્રામર તથા વિકિલીકસ નામની ઓનલાઈન પત્રિકાના સંપાદક છે.

- **વિકિલીકસ :** વિકિલીકસ એક આંતરરાષ્ટ્રીય બિનનફાકારક સંગઠન છે, જે ગુપ્ત માહિતીઓનું પ્રકાશન કરે છે. તેની સ્થાપના 4 ઓકટોબર, 2006માં કરાઈ હતી. વિકિલીકસની વેબસાઈટમાં એક કરોડથી વધુ દસ્તાવેજો હોવાનો અંદાજ છે. વિકિલીકસે અત્યારસુધીમાં ભ્રષ્ટાચારના કેટલા કિસ્સાઓમાં અને ગુપ્ત સરકારી દસ્તાવેજોને વિશ્વ સમક્ષ ખુલ્લા કરી દીધા છે. વિકિલીકસ અજ્ઞાન સૂત્રો પાસેથી પ્રાપ્ત ગુપ્ત માહિતીઓ જાહેર કરે છે.

❖ **તાજેતરમાં ઓલ ઈન્ડિયા ફેડરેશન દ્વારા રાષ્ટ્રીય ફૂટબોલ ટીમના બે ખેલાડી ગુરપ્રીતસિંહ સંધુ અને જે જે લાલપિખલુઆના નામની ભલામણ અર્જુન પુરસ્કાર–2019 માટે કરવામાં આવી છે.....**

⇒ આ એવોર્ડ રમતગમત ક્ષેત્રમાં સારું પ્રદર્શન કરવા બદલ કેન્દ્રીય યુવા અને રમત મંત્રાલય દ્વારા આપવામાં આવે છે.

⇒ શરૂઆત : 1961 ⇒ ઈનામ : અર્જુનની પ્રતિમા અને 5 લાખ રૂપિયા

❖ **એક જાણીતા ટી.વી. શો 'કોફી વિથ કરણ'માં મહિલાઓ અંગે અભદ્ર ટિપ્પણીઓ કરવા બદલ ભારતીય ક્રિકેટરો હાર્દિક પંડયા અને લોકેશ રાહુલને ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (BCCI) ના લોકપાલ ડી.કે.જૈને 20-20 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.....**

→ બોર્ડ ઓફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (BCCI) ના લોકપાલ (ઓમ્બુડ્સમેન) ડી.કે.જૈને કાર્યભાર સંભાળ્યા બાદના તેમના પ્રથમ ચુકાદામાં જણાવ્યું હતું કે બન્ને ખેલાડીઓએ તેમના દંડમાંથી 1-1 લાખ રૂપિયાની રકમ તાજેતરમાં દેશની રક્ષા કરતાં કરતાં શહીદ થયેલા 10 અર્ધલશ્કરી દળોના કોન્સ્ટેબલોની વિધવાઓને 'ભારત કે વીર' એપના માધ્યમથી ચૂકવવાના રહેશે જ્યારે બાકીના 10-10 લાખ બ્લાઈન્ડ ક્રિકેટરોના એસોસિએશનને આપવાનો આદેશ કર્યો હતો અને કહ્યું હતું કે આ મામલે હવે ખેલાડીઓ સામે વધુ કોઈ પગલાં લેવાના રહેતા નથી.

❖ **યુટયૂબના CEO સુસેન વોજસિકીએ યુટયૂબના વાર્ષિક કાર્યક્રમ બ્રાન્ડકાસ્ટ ઈન્ડિયાને સંબોધિત કરતા જણાવ્યું હતું કે યુટયૂબ ભારતનું સૌથી મોટું અને સૌથી ઝડપથી વિકસતું બજાર છે....**

→ દેશમાં યુટયૂબના માસિક સક્રિય ઉપયોગકર્તાઓની સંખ્યા 26.5 કરોડ થઈ ગઈ છે. ગત વર્ષે આ સંખ્યા 22.5 કરોડ હતી. અમેરિકાને પછાડી ભારત હવે યુટયૂબનું સૌથી મોટું અને સૌથી ઝડપી વિકસતું બજાર બની ગયું છે.

→ યુટયૂબ અમેરિકાની એક વીડિયો શેરિંગ વેબસાઈટ છે. તેને પેપલ (PayPal) ના ત્રણ પૂર્વ કર્મચારીઓ – ચાડ હર્લે, સ્ટીવ ચેન અને જાવેદ કરીમે મળીને ફેબ્રુઆરી 2005માં બનાવી હતી. ગૂગલે નવેમ્બર 2006માં યુટયૂબ 1.65 અબજ ડોલરમાં ખરીદી લીધી હતી.

❖ **રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પ્રમુખ મોહન ભાગવતે 24 એપ્રિલ, 2019ના બોલિવૂડના મશહૂર લેખક સલીમખાનને 77મા માસ્ટર દીનાનાથ મંગેશકર પુરસ્કારથી નવાજયા હતા....**

→ સલીમખાનને માસ્ટર દીનાનાથ મંગેશકર લાઈફટાઈમ પુરસ્કાર (જીવન ગૌરવ પુરસ્કાર)થી અલંકૃત કરાયા હતા. સલીમખાન ઉપરાંત બોલિવૂડ સાથે સંકળાયેલી અન્ય હસ્તીઓને પણ પુરસ્કારથી સન્માનિત કરાઈ હતી. જેમાં હિન્દી સિનેમાના સૌથી ફેમસ ડાન્સર અને અભિનેત્રી હેલન, ફિલ્મ નિર્દેશક મધુર ભંડારકરનો સમાવેશ થાય છે.

→ દીનાનાથ મંગેશકર પુરસ્કાર સૂરસામ્રાજ્ઞી લતા મંગેશકરના પરિવાર દ્વારા સંચાલિત થાય છે. આ પુરસ્કાર માસ્ટર દીનાનાથ પ્રતિષ્ઠાન તથા હૃદયેશ આર્ટ્સ તરફથી સંગીત, સમાજ સેવા, નાટક, સાહિત્ય અને સિનેમાના ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા મહાનુભાવોને એનાયત કરાય છે.

❖ **નોબેલ પુરસ્કાર વિજેતા ભારતીય અર્થશાસ્ત્રી અમર્ત્ય સેનને ઓકસફર્ડ યુનિવર્સિટીના પ્રતિષ્ઠિત બોડલે મેડલ 2019થી સન્માનિત કરાયા છે....**

→ આ પુરસ્કાર ઓકસફર્ડ યુનિવર્સિટીની વિશ્વ પ્રસિદ્ધ બોડલેયન લાઈબ્રેરીઝ દ્વારા પ્રદાન કરાય છે. અમર્ત્ય સેનને આ પુરસ્કાર યુનિવર્સિટીના ચાન્સેલર ક્રિસ પેટન તથા લાઈબ્રેરિયન રિચર્ડ ઓવનડેન દ્વારા પ્રદાન કરાયું હતું. અમર્ત્ય સેન ઉપરાંત નોબેલ પુરસ્કાર વિજેતા નવલકથાકાર કાઝુઓ ઈશિગુરોને પણ બોડલે મેડલ 2019થી નવાજવામાં આવ્યા હતા. આ સન્માન સાહિત્ય, સંસ્કૃતિ, વિજ્ઞાન તથા સંચાર ક્ષેત્રોમાં પ્રદાન બદલ એનાયત કરાય છે. બોડલે સન્માનની સ્થાપના ઈ.સ.1646માં પુસ્તકાલયના સંસ્થાપક થોમસ બોડલેએ કરી હતી.

❖ **મોટા કૃત્રિમ તંત્રિકા નેટવર્કસની શીખવાની ક્ષમતાઓનો અભ્યાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્રાંતિના પગરણ માંડનારા જેફરી હિન્ટન, યાન લેકુન તથા યોશુઆ બેંગિયોને વર્ષ 2018નો ટયુરિંગ એવોર્ડ એનાયત કરાયો છે....**

→ ઊંડું તંત્રિકા નેટવર્ક (ડીપ ન્યુરલ નેટવર્ક) કૃત્રિમ મજજાતંતુઓના સ્તરોનો ઉપયોગ કરે છે જે પ્રાણીઓના મગજની રચનાની નકલ કરે છે.

- **ટયુરિંગ એવોર્ડ વિશે :**

⇒ ટયુરિંગ એવોર્ડ એસોસિએશન ફોર કમ્પ્યૂટિંગ મશીનરી (ACM) દ્વારા કમ્પ્યૂટરના ક્ષેત્રમાં દૂરોગામી અને મહત્વના ટેકનિકલ સંશોધનમાં યોગદાન કરનારી વ્યકિતઓને પ્રદાન કરાય છે. ACM ટયુરિંગ એવોર્ડને કમ્પ્યૂટિંગનું નોબેલ પ્રાઈઝ પણ કહે છે. ગૂગલની નાણાકીય સહાયથી ટયુરિંગ એવોર્ડમાં 10 લાખ US ડોલરની ઈનામી રકમ આપવામાં આવે છે. કમ્પ્યૂટર વિજ્ઞાનમાં ટયુરિંગ એવોર્ડ સર્વોચ્ચ સન્માન ગણાય છે. આ પુરસ્કારનું નામ બ્રિટિશ ગણિતજ્ઞ એલન એમ. ટયુરિંગના નામ પરથી રખાયું છે. તેમણે કમ્પ્યૂટિંગની સીમા તથા મેથેમેટિકલ ફાઉન્ડેશનના ક્ષેત્રમાં ખૂબ મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે.

❖ **સ્વિત્ઝરલેન્ડમાં રહેતા NRI ડો. રાજેન્દ્ર જોશીને તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પ્રવાસી ભારતીય સન્માન પ્રદાન કર્યું હતું....**

→ ડો. રાજેન્દ્ર જોશીને વિજ્ઞાનના ક્ષેત્રમાં તેમના અનન્ય અને અપ્રતિમ યોગદાન બદલ પ્રવાસી ભારતીય સન્માનથી અલંકૃત કરાયા છે.

❖ **દિલ્હીની શાળાઓમાં છોકરા અને છોકરીઓને શિક્ષિત કરી લિંગ તટસ્થ સમાજનું નિર્માણ કરવાના દાયકાઓના પ્રયાસો બદલ દિલ્હીની એક સરકારી શાળાના શિક્ષિકા મનુ ગુલાટીને મોસ્ટ પ્રોમિસિંગ ઈન્ડિવિડયુઅલ કેટેગરીમાં માર્થા ફેરેલ એવોર્ડ 2019 પ્રદાન કરાયો છે...**

→ માર્થા ફેરેલ પુરસ્કાર પ્રથમવાર 2017માં પ્રદાન કરાયા હતો. લિંગ સમાનતા અને મહિલા સશકિતકરણ માટેના એક અગ્રણી મહિલા ડો. માર્થા ફેરેલની સ્મૃતિમાં સ્થાપિત આ પુરસ્કારો રિઝવાન અદાતિયા ફાઉન્ડેશન એન પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા દ્વારા સહ–પ્રાયોજિત અને માર્થા ફેરેલ ફાઉન્ડેશન દ્વારા સમર્થિત છે.

❖ **ધ યુનિવર્સિટી ઓફ બેડફોર્ડશાયર અને ધ યુનિવર્સિટી ઓફ એડિનબર્ગની માનદ્ ડોકટરેટની ઉપાધિ બાદ સુપરસ્ટાર શાહરુખ ખાનને લંડનની ધ યુનિવર્સિટી ઓફ લો દ્વારા પરોપકારી કાર્યો બદલ માનદ્ ડોકટરેટની ડિગ્રી અપાઈ છે.....**

- **ગેર્ડનર ફાઉન્ડેશને વર્ષ 2019ના કેનેડા ગેર્ડનર એવોર્ડના વિજેતા તરીકે ગોવા અને બોસ્ટન સ્થિત વિક્રમ પટેલના નામની ઘોષણા કરી હતી.....**
  - → વિક્રમ પટેલને માનસિક સ્વાસ્થય સમસ્યાઓના વૈશ્વિક પ્રોફાઈલને વધારવા માટે પોતાની સંશોધન કારકિર્દી બદલ સન્માનિત કરાયા છે. વિશ્વના સૌથી મહત્વપૂર્ણ બાયોમેડિકલ અને વૈશ્વિક સ્વાસ્થય શોધકર્તાઓને અલંકૃત કરવા માટે દર વર્ષે કેનેડા ગેર્ડનર પુરસ્કાર પ્રદાન કરવામાં આવે છે.
- **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ના લાઈફ સાયન્સીઝ વિભાગના વડા ડો.એ.કે.સિંઘને મોહાલીની ચંદીગઢ યુનિવર્સિટી ખાતે આયોજિત ચોથા એ.પી.જે. અબ્દુલ કલામ ઈનોવેશન કોન્કલેવ દરમિયાન વર્ષ 2019ના લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાયા છે....**
- **દક્ષિણ એશિયન દેશ પાકિસ્તાનમાં નાગરિક અને સૈન્ય વચ્ચેના તણાવો અંગે હિંમતપૂર્વકના ઉગ્ર કવરેજ માટે જાણીતા પાકિસ્તાની પત્રકાર સીરિલ અલ્મૈડાને ઈન્ટરનેશનલ પ્રેસ ઈન્સ્ટિટયૂટ (IPI) ના વર્ષ 2019ના વર્લ્ડ પ્રેસ ફ્રીડમ હીરો ઘોષિત કરાયા છે....**
  - → વિયેના સ્થિત પ્રેસ ફ્રીડમ વોચડોગ IPIએ એક નિવેદનમાં 24 એપ્રિલ, 2019 ના જણાવ્યું હતું કે સીરિલ અલ્મૈડાને પાકિસ્તાન સરકાર દ્વારા આતંકવાદી જૂથોને અપાતા આશ્રય અંગેના શૌર્યપૂર્ણ કવરેજ બદલ વર્લ્ડ પ્રેસ ફ્રીડમ હીરો પુરસ્કાર એનાયત કરાયો છે.
- **તાજેતરમાં ઈન્ડિયન રેસલિંગ એસોસિએસન (IWA) દ્વારા કુસ્તીબાજો બજરંગ પુનિયા અને વિનેશ ફોગટના નામની ભલામણ રાÒવ ગાંધી ખેલરત્ન પુરસ્કાર માટે કરવામાં આવી છે.....**
  - → આ ઉપરાંત હરપ્રીતસિંહ, પૂજા ઢાંઢા, રાહુલ અવારે અને દિવ્યા કાકરણના નામની ભલામણ અર્જુન એવોર્ડ માટે કરવામાં આવી છે.
  - → વિનેશ ફોગટ કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ Òતનારી પ્રથમ ભારતીય મહિલા છે. તેણીએ 2014 & 2018ની કોમનવેલ્થ ગેમ્સ અને 2018ની એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ Òત્યો હતો.
- **દક્ષિણ સુદાનમાં સંયુકત રાષ્ટ્ર શાંતિ મિશનમાં સામેલ 150 ભારતીય શાંતિ સૈનિકોને સંયુકત રાષ્ટ્ર દ્વારા તેમની સેવાઓની કદરરૂપે મેડલ ઓફ ઓનરથી સન્માનિત કરાયા છે....**
  - → દક્ષિણ સુદાનમાં સંયુકત રાષ્ટ્રનું શાંતિ મિશન લોકોને હિંસાથી સુરક્ષિત વાતાવરણ પૂરું પાડી રહ્યું છે.
  - → ભારત સંયુકત રાષ્ટ્ર શાંતિ મિશનમાં સર્વાધિક સૈનિક મોકલનારા દેશો પૈકીનો એક છે. અત્યારસુધીમાં ભારતમાંથી 2 લાખથી વધુ સૈનિકો તથા પોલીસ કર્મચારીઓ સંયુકત રાષ્ટ્રના શાંતિ મિશનમાં કાર્ય કરી ચૂકયા છે.
  - → હાલમાં ભારતના 2,400 સૈન્ય તથા પોલીસ કર્મચારી સંયુકત રાષ્ટ્ર શાંતિ મિશનમાં કાર્યરત છે.
- **વર્ષ 2019નો રવીન્દ્રનાથ ટાગોર સાહિત્ય પુરસ્કાર સાહિત્યકાર તથા નવલકથાકાર રાણા દાસગુપ્તાને તેમની વર્ષ 2010ની નવલકથા ‘ સોલો’ માટે પ્રદાન કરાયો છે.....**
  - → પુરસ્કૃત સાહિત્યકારને 10,000 ડોલર, ટાગોરની પ્રતિમા તથા સાહિત્યમાં યોગદાન બદલ એક પ્રમાણપત્ર એનાયત કરાય છે.
  - → રવીન્દ્રનાથ ટાગોર પુરસ્કારની સ્થાપના વિશ્વ શાંતિ, સાહિત્ય, કલા અને શિક્ષણને સુધારવા તથા પ્રેરણાદાયી બનાવવા માટેનું એક મંચ અને વાહન બનવાના મજબૂત દ્દષ્ટિકોણથી કરાઈ છે.
- **હાલમાં અમેરિકાના કેલિફોર્નિયાના સાનફ્રાન્સિસ્કોના ઓપેરા હાઉસમાં યોજાયેલા કાર્યક્રમમાં 6 ગ્રાસરુટ પર્યાવરણ કાર્યકર્તાઓને ગોલ્ડન એન્વાયર્નમેન્ટલ પ્રાઈઝ–2019થી સન્માનિત કરવામાં આવ્યા હતા.....**
  - → આ પુરસ્કાર 1989માં અમેરિકાના રિચર્ડ અને રોડા ગોલ્ડમેન દ્વારા સ્થપાયેલો વાર્ષિક પુરસ્કાર છે. આ પુરસ્કારને ગ્રીન નોબેલ પ્રાઈઝ પણ કહેવામાં આવે છે. પુરસ્કાર ગોલ્ડમેન એન્વાયર્નમેન્ટલ ફાઉન્ડેશન દ્વારા અપાય છે.
- **વિશ્વ પ્રસિદ્ધ ટાઈમ મેગેઝિને વર્ષ 2019ના ટોચના 100 સૌથી પ્રભાવશાળી મહાનુભવોની યાદી બહાર પાડી છે.....**
  - → જેમાં ટોચના નેતાઓ, કલાકારો, દિગ્ગજો અને આઈકોન સામેલ છે. આ યાદીમાં ત્રણ ભારતીયો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી, ભારતમાં LGBT (લેસ્બિયન, ગે, બાય સેકસ્યુઅલ અને ટ્રાન્સજેન્ડર) સમુદાયના હક માટે લડનારા મહિલા વકીલ અરુંધતી કાત્જુ અને મેનકા ગુરુસ્વામીનો સમાવેશ થાય છે.
- **4 મહિના સુધી આર્થિક મુશ્કેલીઓ સામે ઝઝૂમ્યા બાદ જેટ એરવેઝની તમામ ફલાઈટ 17 એપ્રિલ, 2019ની રાતથી બંધ થઈ ગઈ છે.**
  - → 25 વર્ષ પૂર્વે નરેશ ગોયલે જેટ એરવેઝની સ્થાપના કરી હતી.
- **18 એપ્રિલ, 2019ના ચેન્નાઈના અયાનાવરમ સ્થિત માનસિક સ્વાસ્થય સંસ્થાનના 225 વર્ષોના ઈતિહાસમાં ઐતિહાસિક ક્ષણ જોવા મળી હતી.....**
  - → સમગ્ર દેશમાં પહેલીવાર માનસિક રોગીઓની કોઈ સંસ્થામાં મતદાન યોજવામાં આવ્યું હતું. સંસ્થાનમાં દાખલ લોકો માટે કેમ્પસમાં જ વિશેષ મતદાન કેન્દ્રો બનાવાયા હતા. અયાનાવરમ સ્થિત સંસ્થાનમાં દાખલ 156 દર્દીઓએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં 100 પુરુષ અને 56 મહિલા મતદારો હતા. બધા જ મતદારોને મતદાતા ઓળખપત્રો ઉપલબ્ધ કરાવાયા હતા અને તબીબોએ આ દર્દીઓને મતદાન માટે સક્ષમ ગણાવ્યા હતા.
- **ભારત સરકારે જમ્મુ–કાશ્મીર તથા પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર સાથે LOC (લાઈન ઓફ કન્ટ્રોલ)ના રસ્તે થતો બધો જ વેપાર 19 એપ્રિલ, 2019થી બંધ કરવાનો આદેશ આપ્યો છે....**
  - → કેન્દ્રીય ગૃહ મંત્રાલયે 18 એપ્રિલ, 2019ની સાંજે આ આદેશ જારી કર્યો હતો. કેન્દ્ર સરકારને એવી માહિતી મળી હતી કે પાકિસ્તાનમાં બેઠેલા કેટલાક અરાજકતાવાદીઓ ગેરકાયદે હથિયારો, ડ્રગ્સ અને નકલી નોટો વગેરે ભારતમાં ઘૂસાડવા આ જ રૂટનો ઉપયોગ કરે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે એક જાહેરનામું બહાર પાડીને જણાવ્યું છે કે જમ્મુ–કાશ્મીરમાં સલામાબાદ તથા ચક્કાં–દા–બાગ વચ્ચે LOC વ્યાપારને સ્થગિત કરાયો છે.

❖ **એક એરલાઈન અને એરપોર્ટ રિવ્યૂ અને રેન્કિંગ સાઈટનું સંચાલન કરતી યુનાઈટેડ કિંગ્ડમ સ્થિત એક સલાહકાર કંપની સ્કાયટ્રેક્સ દ્વારા વિશ્વના શ્રેષ્ઠ 100 એરપોર્ટ્સ માટે સ્કાયટ્રેક્સ વર્લ્ડ એરપોર્ટ્સ એવોર્ડ્સ એનાયત કરાયા છે....**

→ સિંગાપુરનું ચાંગી એરપોર્ટ સતત 7મા વર્ષે વિશ્વનું શ્રેષ્ઠ એરપોર્ટ બની રહ્યું છે. અત્રે યાદ રહે કે સિંગાપુરનું ચાંગી એરપોર્ટ તેના રૂફટોપ (છત ઉપરના) સ્વિમિંગ પૂલ, બે 24 કલાકના મૂવી થિયેટર્સ અને શોપિંગ સ્પોટ્સ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે.

→ ટોકયો ઈન્ટરનેશનલ એરપોર્ટે વિશ્વના શ્રેષ્ઠ ડોમેસ્ટિક એરપોર્ટ અને વિશ્વના સૌથી સ્વચ્છ એરપોર્ટનું બિરુદ પણ મેળવ્યું છે.

→ નવી દિલ્હીનું ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ આ વર્ષે 7 પોઈન્ટ્સની છલાંગ લગાવી વર્ષ 2018ના 66મા ક્રમેથી 59મા ક્રમે રહ્યું છે.

→ મુંબઈનું છત્રપતિ શિવાÒ મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ 64 મા સ્થાને છે.

→ હૈદરાબાદનું રાÒવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ 10 રેન્ક વધી 66મા સ્થાને છે.

→ બેંગલુરૂનું કેમ્પેગોવડા ઈન્ટરનેશનલ એરપોર્ટ 69મું છે.

❖ **આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના ચીફ એક્ઝિકયુટીવ ઓફિસર તરીકે મનુ સાહનીએ પદભાર સંભાળ્યો...**

તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (International Cricket Council – ICC) ના ચીફ એક્ઝિકયુટીવ ઓફિસર (CEO) તરીકે માનુ સાહનીએ પોતાનો પદભાર સંભાળ્યો.

→ હાલના CEO ડેવિડ રિચાર્ડસન અને મનુ સાહની જુલાઈ સુધી સંયુકત રીતે આ પદ પર કાર્યરત રહેશે. જુલાઈમાં ઈંગ્લેન્ડ અને વેલ્સમાં આયોજિત થનારા વિશ્વકપ પછી ડેવિડ રિચાર્ડસન આ પદ છોડી દેશે.

→ મનુ સાહની અગાઉ ESPN સ્ટાર સ્પોર્ટસના મેનેજિંગ ડાયરેકટર તરીકે 2007 થી 2015 સુધી કામગીરી કરી છે.

❖ **ભારતીય ચૂંટણી પંચે તમિલનાડુની વેલ્લોર લોકસભા બેઠક પરનું મતદાન રદ કરી દીધું છે.....**

→ વેલ્લોરમાં 18 એપ્રિલ, 2019ના રોજ બીજા તબક્કામાં મતદાન થવાનું હતું. ચૂંટણી પંચે આ બેઠકનું મતદાન રદ કરવા રાષ્ટ્રપતિને ભલામણ કરી હતી. જેનો રાષ્ટ્રપતિએ સ્વીકાર કર્યો હતો. વાસ્તવમાં, તાજેતરમાં વેલ્લોરમાં DMKના ઉમેદવાર કથિર આનંદની ઓફિસમાંથી 11.5 કરોડ રૂપિયા રોકડા પકડાયા હતા.

→ અત્રે યાદ રહે કે કોઈ લોકસભા મતવિસ્તારમાં રોકડ રકમ મળવાથી મતદાન રદ કરાયું હોય તેવું સૌપ્રથમવાર બન્યું છે.

❖ **ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) ના ક્રિકેટ ફોર ગૂડએ યુનિસેફ સાથેની ભાગીદારીમાં #Oneday4Children નામના એક અભિયાનનો પ્રારંભ કર્યો છે....**

→ અભિયાનનો આરંભ ઈંગ્લેન્ડના પૂર્વ બેટ્સમેન અને #Oneday4Children ના એમ્બેસેડર નાસિર હુસૈને ઓલ–રાઉન્ડર ક્રિસ વોકસ સાથે મળીને કર્યો હતો.

→ આ અભિયાન થકી ઊભાં થનારાં નાણાભંડોળનો ઉપયોગ ક્રિકેટ રમતા દેશોમાં યુનિસેફ દ્વારા બાળકોની રમતગમત અને તેમના આરોગ્યમાં કરાશે.

❖ **13 એપ્રિલ, 2019ના રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાયેલી IPL-12 ની મેચ મુંબઈ ઈન્ડિયન્સની ટીમની T-20 માં 200મી મેચ હતી....**

→ મુંબઈ ઈન્ડિયન્સ આ સાથે 200 T-20 મેચ રમનારી પહેલી ટીમ બની ગઈ છે. સાથે જ રોહિત શર્માની કેપ્ટન તરીકે મુંબઈ તરફથી આ 100મી મેચ હતી. રોહિત શર્મા 100 અથવા તેનાથી વધુ મેચમાં કેપ્ટનશિપ કરનારો ચોથો ખેલાડી બની ગયો છે.

❖ **યુથ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ વિજેતા 16 વર્ષીય ભારતીય વેઈટલિફ્ટર જેરેમી લાલરિનુંગાએ વધુ એક વખત દમદાર પ્રદર્શન કરતા ચીનમાં આયોજિત એશિયન વેઈટલિફિટંગ ચેમ્પિયનશિપમાં પણ રેકોર્ડ નોંધાવ્યો છે.....**

→ 16 વર્ષના જેરેમીએ મેન્સની 67 કિલોગ્રામ વર્ગ કેટેગરીમાં ગ્રૂપ–બીમાં સ્નેચમાં યુથ વર્લ્ડ અને એશિયન રેકોર્ડ્સ તોડી નાખ્યા છે. જેમાં 6 ઈન્ટરનેશનલ, 3 યુથ વર્લ્ડ અને 3 યુથ એશિયન તથા નવ નેશનલ રેકોર્ડ્સનો સમાવેશ થાય છે.

❖ **ચીનના બીજિંગમાં આયોજિત ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (ISSF) વર્લ્ડ કપ–2019ની મેડલ ટેલીમાં ભારત સતત બીÒ વખત પ્રથમ સ્થાને રહ્યું છે....**

→ 2019ના વર્લ્ડ કપમાં ભારતે 3 ગોલ્ડ અને 1 સિલ્વર મેડલ એમ કુલ 4 મેડલ પ્રાપ્ત કર્યા હતા.

⇒ સૌરભ ચૌધરી અને મનુ ભાકરે 10 મીટર એર પિસ્તોલ મિશ્રિત ટીમમાં ગોલ્ડ

⇒ અંજુમ મોદગિલ અને દિવ્યાંશસિંહ 10 મીટર એરરાઈફલ મિશ્રિત ટીમમાં ગોલ્ડ

⇒ અભિષેક વર્માને 10 મીટર એર પિસ્તોલમાં ગોલ્ડ

⇒ અભિષેક વર્મા 2020 ટોકયો ઓલિમ્પિક માટે કવોલિફાય થનારો પાંચમો ભારતીય ખેલાડી બની ગયો છે. મનુ ભાકર ISSFમાં ગોલ્ડ પ્રાપ્ત કરનાર સૌથી યુવા ભારતીય ખેલાડી છે. મનુ ભાકરે 2018 ની કોમનવેલ્થ ગેમ્સમાં 10 મીટર અને એર પિસ્તોલમાં ગોલ્ડ પ્રાપ્ત કર્યો હતો. મનુ ભાકર હરિયાણા અને સૌરભ ચૌધરી ઉત્તર પ્રદેશના મેરઠ સાથે સંબંધિત છે.

❖ **દક્ષિણ કોરિયાની હોકી ટીમ મલેશિયાના ઈપોહમાં રમાયેલી સુલતાન અઝલાન શાહ કપ હોકી ટુર્નામેન્ટની ફાઈન્લમાં પેનલ્ટી શૂટઆઉટમાં મનપ્રીતસિંઘના નેતૃત્વ હેઠળના ભારતને 4-2 થી પરાજય આપી ત્રીÒવાર ચેમ્પિયન બની છે.**

- **સુલ્તાન અઝલાન શાહ કપ હોકી ચેમ્પિયનશિપ અંગે :**

⇒ સુલ્તાન અઝલાન શાહ એક વાર્ષિક હોકી ટુર્નામેન્ટ છે, તેનું આયોજન મલેશિયામાં કરવામાં આવે છે. આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટનું નામ મલેશિયાના નવમા શાસક સુલ્તાન અઝલાન શાહના નામ પરથી રખાયું છે. અત્યારસુધીમાં ઓસ્ટ્રેલિયા સૌથી વધુ 10 વખત સુલ્તાન અઝલાન શાહ કપ હોકીમાં ચેમ્પિયન બની ચૂકયું છે.

❖ **સ્વિત્ઝરલેન્ડના ટેનિસ ખેલાડી રોજર ફેડરરે અપેક્ષિત પ્રદર્શન કરી 31 માર્ચ, 2019ના રમાયેલી મેન્સ સિંગલ્સની ફાઈનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન જહોન ઈસનર 6-1, 6-4 થી હરાવી ચોથીવાર મિયામી ઓપન ટેનિસ ટુર્નામેન્ટ જીતી લીધી હતી....**

→ રોજર ફેડરરની કારકિર્દીનું આ 101મું ટાઈટલ છે. તેણે માત્ર 63 મિનિટમાં ઈસ્નરને પરાજિત કર્યો હતો.

❖ **ભારતીય ક્રિકેટ ટીમે સળંગ ત્રીજા વર્ષે ICC ટેસ્ટ ચેમ્પિયનશિપ મેસ અને 10 લાખ ડોલરની ઈનામી રકમ જીતી લીધી છે....**

→ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ જાહેર કરેલા નિવેદન મુજબ ભારતીય ટીમ એપ્રિલ 2019ની કટઓફ તારીખ સુધી 116 પોઈન્ટ સાથે ટેસ્ટ રેન્કિંગમાં ટોચના ક્રમે રહી છે. જ્યારે ન્યૂઝીલેન્ડ બીજા ક્રમે છે. જે ટીમ નાણાકીય વર્ષના અંતે ટેસ્ટ ક્રિકેટમાં પ્રથમ ક્રમે રહે છે તેને આ ICC ટેસ્ટ ચેમ્પિયનશિપ મેસ પ્રદાન કરાય છે. ન્યૂઝીલેન્ડના કેપ્ટન કેન વિલિયમસનને વર્ષ 2018 માટે ICC સ્પિરિટ ઓફ ક્રિકેટ એવોર્ડ પ્રદાન કરાયો હતો.

❖ **ભારતીય શૂટર્સે તાઈપેઈ ખાતે આયોજિત 12મી એશિયન એરગન ચેમ્પિયનશીપના આખરી દિને અર્થાત 1 એપ્રિલ, 2019ના રોજ પણ દબદબો જાળવી રાખી 10 મીટર એર રાઈફલ જુનિયર કેટેગરીમાં 5 ગોલ્ડ મેડલ જીત્યા હતા.....**

→ ભારતે આ ચેમ્પિયનશિપમાં 16 ગોલ્ડ, 5 સિલ્વર અને 4 બ્રોન્ઝ મેડલ સમેત કુલ 25 મેડલ સાથે ટોચ પર રહીને પોતાનું અભિયાન પૂર્ણ કર્યું હતું. ચેમ્પિયનશિપના છેલ્લા દિવસે યશ વર્ધન અને શ્રેયા અગ્રવાલે 3-3 ગોલ્ડ મેડલ જીત્યા હતા. મહિલા 10 મીટર એર રાઈફલ જુનિયરમાં શ્રેયાએ વર્લ્ડ રેકોર્ડ સ્થાપીને ગોલ્ડ મેડલ જીત્યો હતો.

❖ **ચેન્નાઈ સુપરકિંગ્સનો કેપ્ટન મહેન્દ્રસિંઘ ધોની IPLના ઈતિહાસમાં 100 મેચ જીતનારો પ્રથમ કેપ્ટન બની ગયો છે....**

→ આ સિદ્ધિ ધોનીએ 11 એપ્રિલ, 2019ના રાજસ્થાન રોયલ્સ વિરુદ્ધની CSKની મેચમાં વિજય મેળવવા સાથે જ નોંધાવી હતી. ધોનીએ IPLમાં 166 મેચોમાં સુકાન સંભાળ્યું છે જેમાંથી 100 મેચોમાં તેની ટીમની જીત થઈ છે. IPLમાં સૌથી વધુ મેચ જીતનારા કેપ્ટનોની સૂચિમાં 71 વિજય સાથે ગૌતમ ગંભીર બીજા સ્થાને છે.

❖ **ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ ક્રિકેટની રમતમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર વિરુદ્ધ પોતાની લડાઈના દાયરાને વ્યાપક બનાવવા માટે ઈન્ટરપોલ સાથે હાથ મિલાવ્યા છે....**

→ આ સહયોગ અંગે ICC ના એન્ટિ કરપ્શન યુનિટના જનરલ મેનેજર એલેક્સ માર્શલની ફ્રાન્સના લીયોનમાં ઈન્ટરપોલના વડામથકની મુલાકાત દરમિયાન ચર્ચા થઈ હતી. ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઈઝેશન સામાન્ય રીતે ઈન્ટરપોલ તરીકે ઓળખાય છે.

❖ **IPLની ફ્રેન્ચાઈઝી સનરાઈઝર્સ હૈદરાબાદનો ઓપનિંગ બેટ્સમેન ડેવિડ વોર્નર સતત પાંચ સીઝનમાં 500+ રન નોંધાવનારો પ્રથમ ખેલાડી બની ગયો છે....**

❖ **ESPN દ્વારા જુદી–જુદી શ્રેણી માટે ESPN India Multi Sports પુરસ્કાર એનાયત કરાયા...**

તાજેતરમાં રમત–ગમતનું પ્રસારણ કરતી કંપની ESPN દ્વારા જુદી–જુદી શ્રેણી માટે ESPN India Multi Sports પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા.

| ક્રમ | પુરસ્કાર | વિજેતાનું નામ | ક્ષેત્ર |
|---|---|---|---|
| 1 | સ્પોર્ટસ પર્સન ઓફ ધ યર (પુરૂષ) | નિરજ ચોપરા | એથ્લેટ |
| 2 | સ્પોર્ટસ પર્સન ઓફ ધ યર (મહિલા) | પી.વી.સિંધુ | બેડમિન્ટન |
| 3 | કમબેક ઓફ ધ યર | સાઈના નેહવાલ | બેડમિન્ટન |
| 4 | કોચ ઓફ ધ યર | જસપાલ રાણા | શૂટિંગ |
| 5 | ટીમ ઓફ ધ યર | ટેબલ ટેનિસમાં મહિલાની ટીમ | ટેબલ–ટેનિસ |
| 6 | ઈમર્જિંગ સ્પોર્ટપર્સન ઓફ ધ યર | સૌરભ ચૌધરી | શૂટિંગ |
| 7 | મેચ ઓફ ધ યર | અમિત પંઘા | બોક્સિંગ |
| 8 | લાઈફટાઈમ અચિવમેન્ટ | પ્રદિપકુમાર બેનરજી | ફૂટબોલ |

❖ **કતારના દોહામાં એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની 23 મી આવૃત્તિ એટલે 2019 નું સમાપન થયું હતું.....**

→ જેમાં ભારત 3 ગોલ્ડ, 7 સિલ્વર અને 7 બ્રોન્ઝ એમ કુલ 17 મેડલો પ્રાપ્ત કરી ચોથા સ્થાન પર રહ્યું હતું.

⇒ ગોમતી મરિમુથુ : 800 મીટર દોડ ⇒ તેજિન્દરપાલસિંહ : શોટપુટ ⇒ પી.યુ.ચિત્રા : 1500 મીટર દોડ

❖ **સ્ટાર રેઈડર સિદ્ધાર્થ દેસાઈએ એક નવી સિદ્ધિ હાંસલ કરી છે અને તે પ્રો કબડ્ડી લીગનો બીજો સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે....**

→ પ્રો કબડ્ડી લીગની સાતમી સીઝન માટે મુંબઈમાં યોજાયેલી ખેલાડીઓની હરાજીમાં 8 એપ્રિલ, 2019ના તેલુગુ ટાઈટન્સે સિદ્ધાર્થ દેસાઈને 1.45 કરોડ રૂપિયામાં ખરીદ્યો છે, જ્યારે ઈરાનના મોહમ્મદ ઈસ્માઈલ નબીબક્ષને બંગાળ વોરિયર્સે 77.75 લાખ રૂપિયામાં ખરીદ્યો છે.

❖ **વિશ્વનો પ્રથમ ફોર્ટનાઈટ વર્લ્ડ કપ (Fortnite world cup) અમેરિકામાં 25 જુલાઈ, 2019થી શરૂ થશે.....**

→ ફોર્ટનાઈટ વર્લ્ડ કપ એક ઈ–સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ છે અને તે ન્યૂયોર્કમાં USTA બિલી જીન કિંગ નેશનલ ટેનિસ સેન્ટરમાં યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈ–સ્પોર્ટ્સ વિશ્વમાં નવી નથી કેમકે વીડિયો ગેમ્સ 1970ના દશકથી રમાઈ રહી છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીને યુએઈના સર્વોચ્ચ નાગરિક સન્માન ઝાયેદ મેડલથી નવાજવામાં આવ્યા...**

તાજેતરમાં યુએઈના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયેદ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને યુએઈના સર્વોચ્ચ નાગરિક સન્માન ઝાયેદ મેડલથી નવાજવામાં આવ્યા.

→ બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા બદલ નરેન્દ્ર મોદીને ઝાયેદ મેડલ એનાયત કરાયો.

→ વડાપ્રધાન નરેન્દ્રમોદીને આ વર્ષે બે આંતરરાષ્ટ્રીય સન્માન મળ્યા છે જેમાં ઝાયેદ મેડલની સાથે દક્ષિણ કોરિયાના શાંતિ પુરસ્કારનો પણ સમાવેશ થાય છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રશિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રયુ ધ એપોસ્ટલ' (Order of St. Andrew the Apostle) એવોર્ડથી સન્માનિત પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા.**

→ આ સાથે મોદીને 6 મહિનામાં 4 આંતરરાષ્ટ્રીય પુરસ્કાર એનાયત થયા છે જેમાં યુએઈનો ઝાયેદ એવોર્ડ, દક્ષિણ કોરિયાનો સિઓલ શાંતિ એવોર્ડ, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પર્યાવરણ જાળવણી માટે ચેમ્પિયન્સ ઓફ અર્થ એવોર્ડનો સમાવેશ થાય છે.

❖ **ભારતીય રમતવીર દીપા મલિકને ન્યુઝીલેન્ડ સરકાર દ્વારા સર એડમંડ હિલેરી ફેલોશીપ માટે પસંદ કરવામાં આવ્યા...**

→ દીપા મલિક મૂળ હરિયાણાના વતની છે તથા તેમણે 2016ની રીયો પેરા–ઓલોમ્પિકમાં ગોળા ફેંક (Shot put)સ્પર્ધામાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે.

→ આ ફેલોશીપની શરૂઆત વર્ષ 2008થી ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેના સંબંધો વધુ મજબૂત કરવા તથા મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપિત કરવા માટે કરવામાં આવી.

❖ **તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમના સુકાની તથા વિશ્વભરના દિગ્ગજ બેટસમેનોમાં સામેલ વિરાટ કોહલીને સતત ત્રીજા વર્ષે 'વિઝડન ક્રિકેટર ઓફ ધ યર'ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.**

→ આ સાથે ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી ટેમ્મી બિયોમોન્ટ, જોસ બટ્ટલર, સમે કુરરન અને રોરી બર્નસ સાથે જોડાયા છે.

→ અગાઉ ભારતના બેટસમેન વિરેન્દ્ર સેહવાગ વર્ષ 2008 અને વર્ષ 2009 દરમિયાન તેમજ સચિત તેંડુલકર વર્ષ 2010માં આ પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવી ચૂકયા છે.

→ ભારતની મહિલા રનમશીન તરીકે જાણીતા સ્મૃતિ મંધાનાને 'વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર' તરીકે સન્માનિત કરવામાં આવ્યા.

→ અફઘાનિસ્તાનના રાશિદ ખાનને 'T20 ક્રિકેટર ઓફ ધ યર' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

→ સૌથી વધુ વખત વિઝડનનો આ એવોર્ડ જીતવાનો શ્રેય ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડોન બ્રેડમેનને ફાળે જાય છે. તેઓને 10 વખત 'વિઝડન ક્રિકેટર ઓફ ધ યર' તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા.

⇒ Wisden's five cricketers of the year એ વાર્ષિક પાંચ ક્રિકેટરોને પસંદ કરવાની એક પ્રથા છે જે વિઝડનમાં 1889ના વર્ષથી ચાલી આવે છે. આમ વિઝડન દુનિયામાં ક્રિકેટના સૌથી જૂનો વ્યક્તિગત એવોર્ડ છે. તેમાં પસંદગી વિઝડનના એડિટરની ઈચ્છા અનુસાર થાય છે અને એડિટર તેની પંસદગી અગાઉના ઈંગ્લિશ સિઝન પર જે તે ક્રિકેટના પ્રભાવના આધારે કરે છે.

❖ **નજમા અખ્તર જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના પ્રથમ મહિલા ઉપ–કુલપતિ બન્યા...**

તાજેતરમાં નજમા અખ્તર જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના પ્રથમ મહિલા ઉપ–કુલપતિ બન્યા. તેમનો વાઈસ ચાન્સેલર તરીકેનો કાર્યક્રમ 5 વર્ષનો રહેશે.જામિયા મિલિયા ઈસ્લામિયા (JMI) યુનિવર્સિટી નવી દિલ્હી ખાતે સ્થિત કેન્દ્રિય વિશ્વ–વિદ્યાલય છે. જેની સ્થાપના વર્ષ 1920માં અલીબંધુ દ્વારા કરવામાં આવી. વર્તમાનમાં જામિયા મિલિયા યુનિવર્સિટીના કુલપતિ મણિપુરના રાજ્યપાલ નજમા હેપતુલ્લાહ છે.

❖ **મોહમ્મદ ઈશતાયે પેલેસ્ટાઈનના વડાપ્રધાન તરીકે શપથ લીધા.**

– રાજધાની : જેરૂસલેમ – રાષ્ટ્રપતિ : મોહમ્મદ અબ્બાસ
– સ્થાપના : વર્ષ 1988
– ચલણ : પેલેસ્ટાઈન પાઉન્ડ – ખંડ : એશિયા

❖ **તાજેતરમાં ભારત સરકારની જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (GIC – General Insurance Corporation) ના વહીવટી સંચાલક (Managing Director) એલીસ.જી.વૈદયાનને બ્રિટિશ સરકાર દ્વારા લંડન શહેર માટેના ફ્રિડમ ઓફ ધ સીટી (Freedom of the city of London) પુરસ્કાર વડે નવાજવામાં આવ્યા.**

→ આ પુરસ્કાર તેમને ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની વીમા સેવા ક્ષેત્રે કરવામાં આવેલ વિશિષ્ટ સેવા બદલ અર્પીત કરવામાં આવ્યો.

→ એલીસ જી. વેદયાન GICના પ્રથમ મહિલા ચેરમેન કમ મેનેજીંગ ડિરેકટર હતા તથા તેઓ ભારત સરકારના નાણાંમંત્રાલય હેઠળના જાહેર ક્ષેત્રના વીમા ઉદ્યોગના પ્રથમ મહિલા ચેરમેન કમ મેનેજીંગ ડિરેકટર પણ હતા.

→ આ પુરસ્કાર City of London Corporation દ્વારા લંડનની આર્થિક સ્થિતિ ઉપર સકારાત્મક અસર ઊભી કરનાર મહાનુભવોને આપવામાં આવે છે.

- **GIC વિશે :**GIC ની સ્થાપના ભારત સરકાર દ્વારા વર્ષ 1972 માં વીમા ક્ષેત્રની લગભગ 55 જેટલી કંપનીઓની રાષ્ટ્રીયકરણની પ્રક્રિયા થકી કરવામાં આવી. જેનો મુખ્ય ઉદ્દેશ વીમા ક્ષેત્રના કાર્યોનું સરળતા પૂર્વક વ્યવસ્થાપન અને નિયંત્રણ કરવાનો છે.

⇒ મુખ્યાલય – મુંબઈ ⇒ મુદ્રાલેખ – આપત્તીના સમયે રક્ષણ

❖ **જર્મનીમાં કોલોગ ખાતે મુક્કેબાજી માટેનો વિશ્વકપ 2019 યોજાયો...**

તાજેતરમાં જર્મનીના કોલોગ ખાતે મુક્કેબાજી માટેનો વિશ્વકપ (Boxing World Cup) 2019 યોજાયો. જેમાં ભારત દ્વારા એક ગોલ્ડ સમેત કુલ 5 મેડલ મેળવવામાં આવ્યા.

→ મણીપુરની બોકસર મીના કુમારી મૈસનમ દ્વારા ફિલિપાઈન્સના મચાઈ બુન્યાન્ટને હરાવીને ગોલ્ડ મેડલ જીતવામાં આવ્યો.

→ આ ઉપરાંત સાક્ષી ચૌધરી (હરિયાણા) અને પ્વીલાઓ બાસુમેટરી (Pwilao Basumatoary) (આસામ) દ્વારા સીલ્વર તથા પીન્કી રાની (હરિયાણા) અને પરવીન (હરિયાણા) દ્વારા બ્રોન્ઝ મેડલ જીતવામાં આવ્યો.

❖ **જાણીતા તેલુગુ કવિ કે શિવા રેડ્ડીને વર્ષ 2018ના સરસ્વતી સન્માન માટે પસંદ કરવામાં આવ્યા...**

→ આ પુરસ્કાર તેમને વર્ષ 2016માં પ્રકાશીત કરવામાં આવેલ કવિતા સંગ્રહ (104 કવિતાઓ) પક્કાકી ઓટોગીલાઈટ (Pakkaki Ottigilite) બદલ આપવામાં આવ્યો છે.

→ વર્ષ 1943 માં આંધ્રપ્રદેશના ગુંટુર ખાતે જન્મેલ કે શિવા રેડ્ડી તેલુગુ ભાષાના જાણીતા આધુનિક કવિ છે.

→ આ પુરસ્કાર વર્ષ 1991 થી કે.કે.બિરલા ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે જે તે વ્યકિત દ્વારા પાછલા 10 વર્ષમાં ભારતની અધિકૃત 22 ભાષાઓ પૈકી કોઈપણ ભાષામાં પોતાના સાહિત્યક્ષેત્રે આપવામાં આવેલ વિશિષ્ટ યોગદાન બદલ એનાયત કરવામાં આવે છે. જે અંતર્ગત વિજેતાને 15 લાખની રોકડ સહાય અને પ્રસસ્તીપત્ર પણ એનાયત કરવામાં આવે છે.

→ કે.કે.બિરલા ફાઉન્ડેશનની સ્થાપના વર્ષ 1991માં ક્રિષ્ન કુમાર બિરલા દ્વારા દિલ્હી ખાતે શિક્ષણ, કળા અને સાહિત્યને પ્રોત્સાહન આપવા કરવામાં આવી છે.

→ આ ફાઉન્ડેશન દ્વારા સરસ્વતી સન્માન ઉપરાંત હિન્દી ભાષા માટેનો વ્યાસ સન્માન પુરસ્કાર, માત્ર રાજસ્થાની લોકો માટે રાજસ્થાની અથવા હિન્દી ભાષામાં સાહિત્ય બદલ બિહારી પુરસ્કાર, તત્વજ્ઞાન તથા કળા અને સંસ્કૃતિ આધારીત સાહિત્ય માટેનો શંકર પુરસ્કાર અને સંસ્કૃત સાહિત્ય માટેનો વાચસ્પતી પુરસ્કાર જેવા અન્ય પુરસ્કારો પણ એનાયત કરવામાં આવે છે.

❖ **ભારતીય મહિલા ક્રિકેટર મિતાલી રાજને સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વર્લ્ડકપ માટે ભારતીય ટીમની સદ્દભાવના દૂત (Goodwill Ambassador) બનાવવામાં આવી....**

→ મિતાલી રાજ સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વર્લ્ડ કપને પ્રોત્સાહન આપવા માટે ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને કપ્તાન સૌરવ ગાંગુલી અને IPL ફ્રેન્ચાઈઝી ટીમ રાજસ્થાન રોયલ્સ સાથે જોડાશે.

→ વર્ષ 2019માં મે મહિનામાં લંડન અને વેલ્સ ખાતે શરૂ થનાર ICC World Cup અગાઉ લંડનમાં પ્રથમવાર સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવશે.

→ સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટમાં કુલ 8 ટીમો ભાગ લઈ રહી છે. જેમાંથી બે (ઈન્ડિયા નોર્થ, ઈન્ડિયા સાઉથ) ભારતની છે.

→ આ ટૂર્નામેન્ટ આયોજિત કરવા પાછળનો ઉદ્દેશ બાળકમાં વ્યાપક રૂપે જોવા મળતી નકારાત્મકતા વિરૂદ્ધ જાગરૂકતા લાવવાનો છે.

❖ **તાજેતરમાં વર્ષ 2019 માટેના પુલીત્ઝર પુરસ્કારો (Pulitzer Prizes) જાહેર કરવામાં આવ્યા...**

⇒ અમેરિકામાં અખબાર, સામયિક, પત્રકારત્વ, સાહિત્ય તથા સંગીતના ક્ષેત્રમાં આપવામાં આવતો આ પુરસ્કાર વર્ષ 1917માં અમેરિકન અખબાર પ્રકાશક જોસેફ પુલીત્ઝરના વસીયતનામાની જોગવાઈ મુજબ સ્થાપિત કરવામાં આવ્યો.

⇒ હાલમાં અમેરિકાના ન્યુયોર્ક સ્થિત કોલંબીયા યુનિવર્સિટી દ્વારા આ પુરસ્કારનું સંપૂર્ણ સંચાલન કરવામાં આવે છે.

⇒ વાર્ષિક ધોરણે કુલ 21 શ્રેણીમાં અપાતા આ પુરસ્કાર પૈકી 20 શ્રેણીના પુરસ્કારોમાં વિજેતાઓને પ્રમાણપત્ર તથા 15000 અમેરિકન ડોલરની રોકડ સહાય આપવામાં આવે છે. જ્યારે જાહેર સેવા (Public service) શ્રેણીના વિજેતાને ગોલ્ડ મેડલ એનાયત થાય છે.

❖ **UNESCO / Guillermo Cano Press Freedom Prize – 2019.**

→ તાજેતરમાં 2019 ના વર્ષના UNESCO / Guillermo Cano Press Freedom Prize ને મ્યાનમારના રાખિને પ્રાંતમાં માનવ અધિકારના હનન ને દુનિયા સમક્ષ ઉજાગર કરવા બદલ મ્યાનમારનાં બે પત્રકરો વા લોન (Wa Lone) અને કયાય સોએ ઓ (Kyaw Soe Oo) ને આપવમાં આવ્યો.

→ બન્ને પત્રકારોએ વિષમ પરિસ્થિતિમાં પણ રોહિંગ્યા મુસલમાનો પર થતાં અત્યાચાર અને ટેબુ (taboo)ની ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવી હતી જેના બદલ તેમને જેલની સજા કરવામાં આવી હતી.

⇒ આ પુરસ્કાર ભયાવહ અને વિપરિત પરિસ્થિતિમાં પણ પત્રકારિતાની સ્વતંત્રતા જાળવવા બદલ આપવામાં આવે છે. આ પુરસ્કાર અંતર્ગત Guillermo Cano Isaza Foundation (Columbia), Helsingin Sunomal Foundation (Finland), Namibia Media Trust દ્વારા 25000 ડૉલરનું ઈનામ આપવામાં આવે છે.

⇒ આ પુરસ્કાર નામ કોલંબિયન પત્રકાર Guillermo Cano Isaza રાખવામાં આવ્યું છે કે જેમની બોગોય, કોલંબિયા ખાતે તેમના વર્તમાન પત્ર El Espectudor ની ઓફિસમાં કેટલાંક અસામાજિક તત્વો દ્વારા હત્યા કરવામાં આવી હતી.

❖ **લંડનની London School of Economics દ્વારા ભારતીય મૂળના આમર્ત્ય સેનને અસમાનતાઓની અભ્યાસ માટેની પહેલના મુખ્ય અધિકૃત વ્યકિત તરીકે જાહેર કરાયા...**

→ તાજેતરમાં લંડન સ્થિત અર્થશાસ્ત્ર માટેની શાળા London School of Economics (LSE) દ્વારા ભારતીય મૂળના અને નોબેલ પારિતોષિક વિજેતા આમર્ત્ય સેનને અસમાનતાઓની અભ્યાસ માટેની પોતાની પહેલના મુખ્ય અધિકૃત વ્યકિત તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

❖ **પંજાબના લુધિયાણા ખાતે રમાયેલી પ્રતિયોગિતામાં સર્વિસ ટીમે પંજાબને 1-0 થી હરાવી વર્ષ 2019ની સંતોષ ટ્રોફી પોતાના નામે કરી ....**

⇒ સંતોષ ટ્રોફી એ ફુટબોલ નોક–આઉટ સ્પર્ધા છે જેનું આયોજન ભારતીય ફુટબોલ સંસ્થા All India Football Federation (AIFF) દ્વારા પ્રાદેશિક રાજ્ય સંગઠન તેમજ સરકારી સંસ્થાઓ વચ્ચે કરવામાં આવે છે.સંતોષ ટ્રોફી પ્રતિયોગિતાનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે જેમા કુલ 31 ટીમો દ્વારા ભાગ લેવામાં આવે છે.આ પ્રતિયોગિતાની શરૂઆત વર્ષ 1941માં કરવામાં આવી તે સમયના ભારતીય ફુટબોલ એસોશિયેશનના અધ્યક્ષ "મહારાજા સર માનમથા નાથ રોય ચૌધરી"ના શાસક સ્થળ પરથી 'સંતોષ ટ્રોફી' નામ આપવામાં આવ્યુ (સંતોષ એ વર્તમાનમાં બાંગ્લાદેશમાં આવેલું સ્થળ છે જ્યાંના રાજા એક સમયે મહારાજા સર માનમથા નાથ રોય ચૌધરી હતા).

⇒ ભારતીય ફુટબોલ એસોશિયેશનના ભૂતપૂર્વ અધ્યક્ષ એસ.કે.ગુપ્તા દ્વારા તેમની પત્ની કમલા ગુપ્તાની યાદમાં રનર્સ અપ ટીમને કમલા ગુપ્તા ટ્રોફી એનાયત કરવામાં આવે છે.

⇒ કર્ણાટકના સમપાંગી નામના ફુટબોલરની યાદમાં કર્ણાટક સ્ટેટ મૈસુર ફુટબોલ એસોસિયેશન દ્વારા ત્રીજા ક્રમાંકની ટીમને સમપાંગી ટ્રોફી એનાયત કરવામાં આવે છે. આ વર્ષની કમલા ગુપ્તા ટ્રોફી પંજાબ ટીમ અને સમયાંગી ટ્રોફી કર્ણાટક અને ગોવા ટીમને એનાયત કરવામાં આવી.

## અગત્યના દિવસો

- **2 એપ્રિલ, 2019 : વિશ્વ ઓટિઝમ જાગૃતિ દિવસ**
  - થીમ : 'સહાયક ટેકનોલોજીસ, સક્રિય ભાગીદારી'
- **4 એપ્રિલ : આતંરરાષ્ટ્રીય ખનન જાગરૂકતા અને સહાયક દિવસ**
  - થીમ : ''સંયુક્ત રાષ્ટ્રો દ્વારા ટકાઉ વિકાસના લક્ષ્યાંકોને પ્રોત્સાહન સુરક્ષિત સ્થળ – સુરક્ષિત ઘર''
- **5 એપ્રિલ : National Maritime Day (NMD)**
  - **થીમ : ''Indian Ocean – An Ocean of Opportunity''**
  - **નોંધ :** વિશ્વ મેરિટાઈમ દિવસ દર વર્ષે 26 સપ્ટેમ્બરનાં રોજ ઉજવવામાં આવે છે.
- **7 એપ્રિલ : World Health Day (વિશ્વ આરોગ્ય દિવસ)**
  - **થીમ : Universal Health Coverage.**
- **10 એપ્રિલ: વિશ્વ હોમીયોપેથી દિવસ (World Homeopathy Day)**
- **12 એપ્રિલ, 2019 : આંતરરાષ્ટ્રીય માનવ અંતરિક્ષ ઉડાન દિવસ**
  - 12 એપ્રિલ, 1961 ના સોવિયત યુનિયન (USSR) ના અવકાશયાત્રી યુરી ગાગરિન માનવજાતના ઈતિહાસમાં સૌપ્રથમવાર સફળતાપૂર્વક અંતરિક્ષમાં ગયા હતા.
- **7 થી 14 એપ્રિલ, 2019 : રાષ્ટ્રીય હાથસાળ સપ્તાહ**
  - આ અવસરે એવલોન ફોધરિંઘમ દ્વારા લિખિત પુસ્તક 'ધ ઈન્ડિયન ટેકસટાઈલ સૌર્સબુક' નું વિમોચન કરાયું હતું.
- **11 એપ્રિલ, 2019 : રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ**
  - થીમ : 'મિડવાઈવ્સ ફોર મધર્સ'
  - 11 એપ્રિલ કસ્તૂરબા ગાંધીનો જન્મદિન છે.
- **17 – એપ્રિલ : World Haemophilia Day (વિશ્વ રકતસ્ત્રાવીતા દિવસ)**
- **18 એપ્રિલ, 2019 : વિશ્વ ધરોહર દિવસ અથવા વિશ્વ વિરાસત દિવસ**
  - થીમ : 'રૂરલ લેન્ડસ્કેપ્સ'
  - ભારતમાં કુલ 37 વર્લ્ડ હેરિટેજ સ્થળો છે.
- **21 એપ્રિલ, 2019 : સિવિલ સેવા દિવસ**
  - નોંધ : આ વર્ષે લોકસભા ચૂંટણીને અનુલક્ષીને આ દિવસની ઉજવણી કરાઈ નથી.
- **22 એપ્રિલ : પૃથ્વી દિવસ (Earth Day)**
  - **થીમ : Protect our Species**
- **23 એપ્રિલ, 2019 :World book day Theme**
  - **થીમ :** Centred around round celebrating literature and reading with particular focus on enhancing and protecting indigenous language.
- **24 થી 30 એપ્રિલ, 2019 : વિશ્વ રસીકરણ સપ્તાહ**
  - થીમ : ' Projected together : Vaccines work.'
- **24 એપ્રિલ, 2019 : રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ**
  - શા માટે ? : 24 એપ્રિલ, 1993ના રોજ બંધારણ (73મો સુધારો) અધિનિયમ, 1992 પસાર થવા બદલ.
- **25 એપ્રિલ, 2019 : વિશ્વ મેલેરિયા દિવસ**
  - થીમ : 'ઝીરો મેલેરિયા સ્ટાટ્ર્સ વિથ મી.'
- **26 એપ્રિલ, 2019 : વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ**
  - થીમ : 'રિચ ફોર ગોલ્ડ : ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી એન્ડ સ્પોટ્ર્સ'